# સૌથી મહાન વિજેતા

G. D. JAMES

અનુવાદક : ભગવતપ્રસાદ ચૌહાણ



# The greatest Conqueror

14BGS2

G. D. James

Gospel Literature Service
Bombay

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

First Gujarati Edition
Copies : 3000
May 1983

**Price : 2 - 00**

Printed by Surekh Printers,
City Mill Compound,
Kankaria Road,
Ahmedabad-380 022.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
CHELTENHAM, PA

Published by
Gujarat Tract & Book Society,
Sahitya Sevasadan,
Ellis-Bridge, Ahmedabad-380 006.

64.

# સૌથી મહાન વિજેતા


લેખક

**ડૉ. જી. ડી. જેમ્સ**

અનુવાદક

**ભગવતપ્રસાદ ચૌહાણ**



(ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ)

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ

અમદાવાદ–૩૮૦૦૦૬

**પ્રકાશક :**
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

પ્રથમ આવૃત્તિ - મે, ૧૯૮૩
નકલ - 3000

**મૂલ્ય : રૂ. ૨-૦૦**

મુદ્રક
હરગોવિંદ જા. ઠક્કર
સુરેખ પ્રિન્ટર્સ, સિટી મિલ,
કાંકરિયા માર્ગ, અમદાવાદ-૨૨

## નિવેદન

ખ્યાતનામ સુવાર્તિક ડૉ જી. ડી. જેમ્સ એક ખ્યાતનામ લેખક પણ છે, જેનો દિલચશ્પ પરિચય આ નાનકડા ગ્રંથમાં સુભગ રીતે પ્રાપ્ત થાય છે. વિશ્વના મુક્તિદાતા પ્રભુ ઈસુ ખ્રિસ્તને વિશ્વવિજેતા રૂપે નિરૂપતા આ પુસ્તકમાં તારણહારના પ્રચંડ વ્યક્તિત્વનાં અનેક પાસાંઓનું સુશ્લિષ્ટ શૈલીમાં હૃદયસ્પર્શી આલેખન થયું છે. અંગ્રેજી આવૃત્તિના પ્રકાશકોએ વાજબી રીતે જ નોંધ્યું છે તેમ રાજાઓના રાજા ઈસુ ખ્રિસ્તના આ ઉત્કૃષ્ટ ને ચિત્રાત્મક આલેખનમાં ડૉ. જી. ડી. જેમ્સ અત્યંત સફળ નિવડયા છે. ખ્રિસ્તના અદભુત વ્યક્તિત્વની અપૂર્વતા, ભવ્યતા ને દિવ્યતાથી વાચકોનાં હૃદયો જીતાઈ જાય છે. "મારા પ્રભુ અને મારા ઈશ્વર !" એમ કહેતાં કહેતા શ્રદ્ધાળુઓનાં હૃદયો ભક્તિભાવ અને સમર્પણભાવથી આ સર્વોત્તમ ને સર્વોચ્ચ વિજેતાને ચરણે નીચાં નમે છે.

પ્રારંભનાં પ્રકરણોમાં ઈસુની ધરપકડ ને બલિદાનના આલેખનમાં ડૉ. જેમ્સની શૈલીએ સરળતા, સુશ્લિષ્ટતા ને સચોટતાનાં ઊંચાં શિખરો સર કર્યાં છે. ઈશ્વરપુત્ર ને માનવપુત્ર એવા હૃદયસ્વામીને મૃત્યુવિજેતા તરીકે રજુ કરી ડૉ. જેમ્સ મુક્તિદાતાના મહાન વ્યક્તિત્વની સૂક્ષ્મ વિગતો સુંદર રીતે પ્રગટ કરે છે.

પુસ્તકનાં જુદાં જુદાં પ્રકરણોની રજુઆતમાં લેખકની સૂક્ષ્મ કલાસૂઝ, ને ઊંડી સર્જનકલા, બહુવિધ પ્રતિભા ને વિદ્વતાનાં દર્શન થાય છે. શત્રુ-વિજેતા ને સ્થળસમયના વિજેતા તરીકે ખ્રિસ્તનું દર્શન કરાવવામાં લેખક

અત્યંત સફળ રહ્યા છે. નાનકડા ગ્રંથમાં પુષ્કળ વિગતો ને અનેક અવતરણોનો સમાવેશ થયો હોવા છતાં લેખકની કલાત્મક રજૂઆતને કારણે લખાણ ક્યાંય ભારેખમ બનતું નથી. મને આશા ને વિશ્વાસ છે કે આ નાનકડું પુસ્તક અનેક વાચકોને રાજરાજેશ્વર ખ્રિસ્ત પ્રત્યે આકર્ષવામાં જરૂર સફળ થશે.

પુસ્તકનાં અનુવાદની મંજૂરી આપવા માટે ડૉ. જી. ડી. જેમ્સનો, તેનું પ્રકાશન કરવા કરવા માટે ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ને પ્રૂફવાચન માટે શ્રી. ઈમાનુએલ સી. ક્રિસ્ટીનો હૃદયપૂર્વક આભાર માનું છું.

તા. ૧૯–૫–૮૩ —ભગવતપ્રસાદ ચૌહાણ

અમદાવાદ.

# અનુક્રમણિકા


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧. એક દુષ્ટ કાવતરું | ૧ |
| ૨. દંગ કરી દે તેવો માનવ | ૫ |
| ૩. વધતું જતું તોફાન | ૧૦ |
| ૪. ખ્રિસ્તનું ક્રૂસારોહણ | ૧૪ |
| ૫. મૃત્યુવિજેતા | ૨૨ |
| ૬. ખ્રિસ્તનાં અનુપમ ગુણલક્ષણો | ૩૦ |
| ૭. ખ્રિસ્ત વિશેની સાક્ષીઓ | ૩૮ |
| ૮. પૂરી થયેલી ભવિષ્યવાણીઓ | ૪૮ |
| ૯. તેમનાં અનન્ય કે અજોડ નામ (ઈલકાબો) | ૫૩ |
| ૧૦. સર્વશ્રેષ્ઠ શિક્ષક | ૫૯ |
| ૧૧. શુભસંદેશના કર્તા | ૬૬ |
| ૧૨. ખ્રિસ્તના દાવા | ૭૨ |
| ૧૩. શત્રુવિજેતા | ૭૯ |
| ૧૪. સમય અને અવકાશના વિજેતા | ૮૫ |
| ૧૫. જો ખ્રિસ્ત ન આવ્યા હોત તો | ૯૧ |
| ૧૬. વિજેતાનું પુનરાગમન | ૧૦૦ |

## ૧ એક દુષ્ટ કાવતરું

પોતાની લાંબી દાઢીના ભૂખરા ધોળા વાળ ઉપર હાથ ફેરવતાં સભાના પ્રમુખે જાણે કે શૂન્યમનસ્ક રીતે કહ્યું, "આપણે આ માણસને શાંત કરી દેવાના માર્ગો વિચારવા આજે સવારે ભેગા થયા છીએ. એને તો હું એક મહાઉપદ્રવ માનું છું."

સાબ્બાથ (શનિવાર)ની સવારની ભક્તિસભા પૂરી થઈ હતી અને આ ધાર્મિક માંધાતાઓ અગાઉથી નક્કી કર્યા મુજબ પાસેના હૉલમાં એકઠા મળ્યા હતા.

"કશુંક આકરું પગલું ભરતાં પહેલાં થોડી વાર થોભી જવું શું વધુ ડહાપણયુક્ત નહિ ગણાય?" એક સભાજને થોડું બીતાંબીતાં પૂછ્યું.

"થોભી જવું!" સાન્હેદ્રિન (યહૂદી ન્યાયસભા)ના આગેવાને ધૂરકીને કહ્યું, "મુશ્કેલી તો એ છે કે આપણે વધારે પડતું થોભ્યા છીએ, અને જેમ આપણે વધુ વખત થોભીએ છીએ તેમ પરિસ્થિતિ બગડતી જાય છે. આ માણસ તો ઉઘાડે છોગે લોકોની આગળ આપણને વખોડે છે, ગુનેગાર ઠરાવે છે, આપણા લોકોની આગળ. લોકો આપણને માન આપે છે, આપણો મોભો જાળવે છે. તે તો આપણા ઉપર ઢોંગી હોવાના, વહેમી હોવાના અને એવા હજાર જાતના આરોપો મૂકે છે. એની હિંમત તો જુઓ! એ જાહેરમાં આપણને શ્રાપ આપે છે!"

તેમણે આગળ ચાલતાં કહ્યું, "જો આવું જ ચાલુ રહે તો લોકોમાં આપણું શું માન રહે? શું સર્વોચ્ચ ઈશ્વરના ભક્તો સાથે વર્તવાનો આ માર્ગ છે? માંસ અને લોહી આથી વધુ કેટલું વેઠી શકે? આપણા પૂર્વજ મૂસા ઘણી શાંત પ્રકૃતિના હતા, છતાં તે પણ આવું વેઠી શકયા ન હોત. આપણે આ માણસને ચૂપ કરી દેવાનો સમય આવી લાગ્યો છે અને આપણે ઝડપથી તે કરવું જોઈએ!" છેલ્લા શબ્દોમાં તો એવું ગાંડપણભર્યું બૂમરાણ મચી ગયું કે આખા મકાનમાં તેના પડઘા ગુંજી રહ્યા.

" આ માણસને મારી નંખાવવા માટે આપણી પાસે કયાં કાયદેસરનાં કારણો છે ? " ખંડના પાછળના ભાગમાંથી એક વયોવૃદ્ધ દેખાતા માણસે પૂછ્યું.

" તેણે આપણાં ઘણાં ગંદાં ને ત્રાસદાયક નામ પાડયા છે..." એક માણસે આશાવાદી સૂરે સૂચવ્યું.

" પોતાને ઈશ્વરનો પુત્ર કહેવડાવવો એથી વધુ ખરાબ બીજું શું હોઈ શકે ? એકથી વધુ વાર તેણે એવો દાવો કર્યો છે ! આ તો ઈશ્વરનો મહિમા પચાવી પાડવાનો પ્રયત્ન હોવાથી આપણા કાયદા મુજબ તે ઈશ્વરની નિંદા કરનારું અને પાપી વર્તન છે." " પરંતુ એક માણસની હત્યા કરવા માટે એ કંઈ પૂરતો પુરાવો ન કહેવાય ! "

" તેણે તો દાવો કર્યો છે કે જો આપણે મંદિરને પાડી નાંખીએ તો તે એને ત્રણ દિવસમાં પાછું બાંધશે તેનું શું ? કેવી રાક્ષસી નિર્લજ્જતા ! તદુપરાંત, તે કહે છે કે તે યહૂદીઓનો રાજા છે. રોમન અધિકારીઓને આ બધું કંઈ ગમતું નથી. તેઓ તો આ ત્રાસદાયક માણસની પીડામાંથી મુક્ત થવા કદાચ આપણી પડખે રહેશે. "

" આપણી મુખ્ય સમસ્યા તો લોકો પોતે જ છે." એક મધ્યમવયના માણસે વિચારપૂર્વક કહ્યું. " તેણે તો તેમને સંપૂર્ણપણે જીતી લીધા હોય તેવું લાગે છે. તેના ' ચમત્કારો 'ની લોકો પર કેટલી ગંભીર અસરો પડી છે તે તમે જાણો છો, અને પેલી પ્રેમ અને કરુણાની તો વાતો એવી છે કે ગામડાંના ભલાભોળા લોકોને સાંભળવાની ગમે. તેમને સંબંધ છે ત્યાં સુધી આપણે વિચારી વિચારીને પગલાં ભરવાં જોઈએ."

" આપણે આપણી જાતને મજાકપાત્ર બનાવીએ નહિ." તે માણસે વધુમાં બોલતા કહ્યું, " આપણે ભલે દેશના ધાર્મિક આગેવાનો હોઈએ, પરંતુ આપણે લઘુમતીમાં છીએ. જો આપણે આ માણસને આંગળી પણ અડાડીશું તો લોકો આપણને પથ્થરે પથ્થરે મારશે. "

એક સંમતિસૂચક ગણગણાટ આખા હૉલમાં સંભળાયો અને તે પછી થોડીક પળો શાંતિ છવાઈ રહી. આ ધર્મસંકટમાંથી કેવી રીતે માર્ગ શોધી કાઢવો એ વિશે હાજર રહેલો પ્રત્યેક સભ્ય વિચારવાનો પ્રયત્ન કરતો હતો.

"આહા !" આંખમાં એક મહાદુષ્ટ ચમક સાથે પ્રમુખે ઉદ્ગાર કાઢ્યો : "લોકોની લગામ તો આપણા હાથમાં છે. આપણે જે કહીએ છીએ તે ચાલે છે. સર્વોત્તમ માર્ગ તો એ છે કે આપણે લોકોને આ ચમત્કારો કરનાર વિશે તેઓ ભૂલ કરી બેઠા છે, તેવી ખાતરી કરાવવી જોઈએ. છેવટે તો, મોટા ભાગના અજ્ઞાન છે, રૂઢિચુસ્ત છે, તેઓ આપણા પ્રત્યે માનની દૃષ્ટિથી જુએ છે. એથી વિશેષ, રોમનો આપણા પક્ષમાં છે. આપણે ઈચ્છીએ તે રીતે આપણો ધાર્મિક કારોબાર ચલાવવા માટે આપણને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની તેમણે ગેરંટી આપી છે. તેથી અહીં યરુશાલેમમાં આપણા ધાર્મિક જીવનની આખી મૂળભૂત રચનાનો જે વિનાશ કરતો હોય તેને દૂર કરવા માટે તે આપણને પરવાનગી આપે છે."

"ભાઈઓ, એ જરાક મુશ્કેલ લાગે પણ આપણે પરિસ્થિતિને પહોંચી વળીશું. અને અત્યારે એ રીતે ચાલી રહ્યું છે તે જોતાં તો મને લાગે છે કે આપણી પાસે આ નાઝારી (નાઝારેથ શહેરનો વતની)ને કાયમ માટે દૂર કરવા પૂરતી તકો છે."

"અદ્ભુત !" બીજાઓએ કહ્યું અને તેમના કપટી ચહેરાઓ ઉપર સંમતિસૂચક પ્રસન્નતા લહેરાઈ રહી. "અને કદાચ આપણને આ વિશે બીજા વિચારો આવે તો આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે જો આ માણસ રહ્યો તો આપણે ગયા. હવે તો જીવતા રહેવાનો પ્રશ્ન છે અને આપણે જીવવા માગીએ છીએ. તેથી જયારે આપણે આ માણસને ખતમ કરવા બહાર પડયા છીએ ત્યારે આ જ વાત–આપણે બચી જવાની વાત–આપણને પ્રેરણા પૂરી પાડશે."

"પરંતુ આ બળવાખોરને ખતમ કરવાનો ઝડપીમાં ઝડપી માર્ગ કર્યો છે ?" એક જુવાન ડૉકટરે અધીરાઈપૂર્વક પૂછયું. "આ માણસ તો મારા બધા દર્દીઓને ખેંચી જાય છે. હવે લોકો અમારી પાસે આવતા નથી. અમારી વર્ષો જૂની પદ્ધતિઓ હવે તેમને અત્યંત ધીમી લાગે છે. આ ઊંટવૈદ તો તેમને મિનિટોમાં સાજા કરી દે છે. અને સલાહ આપવાનો નવો પૈસો પણ લેતો નથી ! તેણે તો પોતાના કાળા કે સફેદ જાદૂથી લોકોને આકર્ષી વૈદકીય (રીતરસમો) શિષ્ટાચારનો પણ અનાદર કર્યો છે."

"મને લાગે છે કે સર્વોત્તમ માર્ગ આ છે," ડૉક્ટરની પાસે બેઠેલા માણસે કહ્યું, "આપણે પૈસા આપીને બાતમી આપનારા ખરીદી લેવા જોઈએ. આ બાતમીદારો તે જ્યાં જાય ત્યાં તેની પાછળપાછળ જાય અને તેના શિક્ષણમાં કે કાર્યોમાં જે ક્ષતિઓ કે દોષો દેખાય તે શોધી કાઢે. તેઓ શોધી રહે તે દરમ્યાન આપણે શાંત છતાં સૂક્ષ્મ માર્ગે લોકોને ઉશ્કેરવાનું શરૂ કરી દઈએ."

"બીજી જે વાત મદદરૂપ બને," પ્રમુખે કહ્યું, "તેના કોઈ અનુયાયીઓ લાંચથી લલચાઈ જાય તેવા છે કેમ એ શોધી કાઢવું જોઈએ. એ બાર જણા છે. મૂર્ખ અને આળસુના સરદાર જેવા, જેમની પાસે તેની પાછળ પાછળ ફરી તેના શબ્દોને સાંભળ્યા સિવાય બીજો કોઈ કામધંધો નથી. મને લાગે છે એવા એક કે બે હશે જે કીમત વસૂલ કરીને પોતાના આગેવાનને (વિશ્વાસઘાત કરશે) બેવફા બનશે. તેની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખી આપણને માહિતી આપે તેવા કોઈકની જરૂર છે. તમને યાદ હશે કે ગયે વખતે આપણે તેને સપડાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે પોતાની હંમેશની યુક્તિઓ વાપરી છટકી ગયો હતો."

"હા", મુખ્ય યાજક કાયાફાસે સંમતિસૂચક માથું હલાવીને કહ્યું. "તે જવો જ જોઈએ. આખા રાષ્ટ્રને બદલે એક માણસ મરે તે સારું છે."

"સાચું," બધાએ તેના બોલમાં બોલ પુરાવતા કહ્યું.

"પણ આપણે આપણા કામનું મહત્ત્વ કે તેનું પરિણામ કયારે પણ ભૂલી જવું ન જોઈએ." વાત ચાલુ રાખતા કહ્યું. "આપણે એકે એક રીત અજમાવવી પડશે, આપણે તે કામ પૂરું કરવા આભપાતાળ એક કરવાં પડશે. આ તો પ્રભુનું કામ છે. અને ઈશ્વરનું કામ મહેનત માગી લે છે."

"બરાબર, બરાબર", બધાએ સમંતિ આપી. "અમે ઈશ્વરના નામે અમારાથી બનતું બધું જ કરી છૂટીશું."

અને એમ, એકતા અને અર્પણના ભાવમાં સભા પૂરી થઈ. દરેકને એમ લાગ્યું હતું કે કંઈક કામ સધાયું છે, પ્રત્યેકને થયું કે આપણું કંઈક હિત થયું છે. અને એમ પૂર્વના દેશોના રિવાજ મુજબ એકબીજાને નમન કરી તેઓ પોતાને ઘેર પાછા ફર્યા.

## ૨ દંગ કરી દે તેવો માનવ

બપોરનો સમય હતો. સૂર્ય આંજી નાખે તેવા તેજથી પ્રકાશતો હતો અને તેના સોનેરી પ્રકાશમાં સમગ્ર સૃષ્ટિ સ્નાન કરતી હતી. ગ્રીષ્મ ઋતુના રમતિયાળ પવનમાં ડાળીઓ અને પર્ણો નૃત્ય કરતાં હતાં. વનનાં રંગરંગી ફૂલો પોતાની પાંદડીઓ હળવેકથી વહેતી મૂકતાં હતાં અને હવામાં એક સુકોમળ સુગંધ પ્રસરાવતાં હતાં.

લોકો અહીં અને તહીં, વૃક્ષો નીચે કે શેરીઓમાં, બજારમાં કે મેદાનોમાં એકઠા થઈને ઉત્તેજનાભર્યા મૃદુ સ્વરોમાં એકબીજાને પૂછતા હતા.

"કોણ છે આ માણસ!" તેઓ (ઉત્તેજનાથી) પૂછતા. "એ કયાંનો વતની છે? એ કેવી રીતે પેલા અદ્ભુત ચમત્કારો કરે છે?"

"એ કેવો અદ્ભુત વકતા છે! આપણે તેના જેવું વકતવ્ય કોઈની પણ પાસેથી સાંભળ્યું નથી. તે મૂસા (મંત્રમુગ્ધ કરનાર) જેવો ચિત્તાકર્ષક, એલિયા જેવો તેજસ્વી અને યિર્મેયા જેવો બળપૂર્વક પોતાની વાત સ્વીકારાવનાર છે!"

"ઈશ્વરે જે મુક્તિદાતા આપવાનું આપણને વચન આપ્યું છે તે એ જ હોય તો કેટલું સારું! કદાચ શરમિંદગી ઉપજાવનાર અને માનભંગ કરનાર રોમન ઝૂંસરીને ભાંગીને ભુકકો કરવા માટે તેને મોકલવામાં આવ્યો છે!"

અત્યંત ગૂંચવાડાભર્યા અને અસાધ્ય રોગોથી પીડાતા લોકો આ મહાપરાક્રમી પુરુષથી પળમાત્રમાં સાજા થઈ જતા. લંગડાં માણસો હર્ષોલ્લાસથી કૂદતા, મૂંગાં તેનાં સ્તુતિવચનો ઉચ્ચારતાં અને અંધા તેજસ્વી દૃષ્ટિથી નિહાળતાં. એક ક્ષણ પહેલાં તો જે વેદનાથી તરફડતાં હતાં તે બીજી જ ક્ષણે આનંદથી નાચી ઊઠતાં.

માનવમહેરામણ બધેથી જાણે આવીને છલકાતો. લોકો બધેથી આવતા— શહેરો, ગામો, રક્તપિત્તિયાંનાં રહેઠાણો, મહાલયોમાંથી અને ઝૂંપડપટ્ટીમાંથી, સવારથી રાત સુધી આવતા. કેટલાક સાજા થવા આવતા, કેટલાક સાંભળવા આવતા, બાકીના તો લોકોના હૃદયને ઘેલુ લગાડનાર અને આશ્ચર્યચકિત

કરી દેનાર આ વ્યક્તિની એક ઝાંખી મેળવવા આવતા. તેની કીર્તિ ચોમેર પ્રસરી રહી.

જ્યારે લોકોનાં ટોળાં અને શહેરી જીવનની ધમાલથી તે એક વાર થાકયા ત્યારે તે કાપરનાહૂમથી પાંચ માઈલ દૂર આવેલા એક સ્થળે ચાલ્યા ગયા અને પોતાના બાર શિષ્યોને સાથે લઈ ગયા. ત્યાં પણ વિપુલ સંખ્યામાં આવેલા જનસમૂહોએ તેમને શોધી કાઢયા. તેમના મુખમાંથી નીકળતાં પ્રભુનાં વચનોનો આસ્વાદ માણવા પાંચ હજારથીયે વધુ માણસો તેમની આજુબાજુ ટોળે વળ્યાં.

જ્યારે તેમણે આ થાકેલા, ભૂખ્યા, લાંબી મુસાફરીને કારણે ધૂળવાળા બનેલા માનવસમૂહોને નિહાળ્યા ત્યારે 'નાઝારેથના ઈસુ' તરીકે ઓળખાતા આ માણસને તેમના પર દયા આવી અને પોતાના થાકને વીસરી જઈને તે તેમને જીવનનાં સૂક્ષ્મ સત્યો શીખવવા લાગ્યા–એવાં સત્યો જે રાજ્યના જ્ઞાનીમાં જ્ઞાની પુરુષોથી છૂપા રાખવામાં આવ્યાં હતાં. ખુલ્લા મેદાનમાં બેઠેલો એ વિશાળ જનસમૂહ તેમના શબ્દોમાં એટલો બધો ઓતપ્રોત થઈ ગયો કે પશ્ચિમની ક્ષિતિજે ડૂબી રહેલો સૂરજ અને શ્યામ બનતું જતું આકાશ પણ જાણે કે ટોળાની ધ્યાન બહાર રહ્યાં.

પરંતુ બાર શિષ્યોના ધ્યાનમાં તો એ હતું જ. તેઓ થોડાક ચિંતાતુર બન્યા અને તેમણે ઈસુને કહ્યું કે લોકોને પાછા મોકલી દેવા એ એક સારું કામ ગણાશે, કારણ, કલાકોથી ખોરાકનો એક દાણો પણ તેમણે મોંમાં નાખ્યો ન હતો. ઈસુ તેમની તરફ ફર્યા અને તેમને આ ભૂખ્યા જનસમુદાયને ખોરાક આપવાનું જણાવ્યું.

"પાંચ હજારને જમાડવા! ગુરુજી, આપ શું કહી રહ્યા છો? જો આપણી પાસે બસો દિનાર (યહૂદી નાણું)ની રોટલી હોય, જે આપણી પાસે નથી, તો પણ આમાંથી અડધા લોકોને આપવા માટે પણ તે પૂરતી ન થાય!"

"તેમને જમાડો", જાણે કે શિષ્યોની વાત સાંભળી જ ન હોય તેમ ઈસુએ ઉત્તર આપ્યો.

અંતે, નાઈલાજે, લગભગ જીવ પર આવી જઈને એક શિષ્યે ઈસુને જણાવ્યું કે, "મેં એક નાના છોકરાના નાસ્તાના ડબ્બામાં પાંચ રોટલી અને બે માછલીઓ જોઈ છે."

પ્રભુએ ટોળાને બેસવા માટે જણાવ્યું.

જ્યારે ઈસુએ પેલા નાના છોકરા સામે સ્મિત કરીને જોયું અને તેના નાનકડા નાસ્તાના ડબ્બામાંથી અંદર રહેલી વસ્તુઓ બહાર કાઢી, રોટલી તોડી અને માછલીના નાના નાના ટુકડા કર્યા ત્યારે આખા ટોળા ઉપર ચૂપકીદી છવાઈ ગઈ. શિષ્યોએ એ ટુકડા લોકોને વહેંચ્યા અને જ્યારે તેમને જણાવ્યું કે આખા સમુદાયને ખવડાવવા માટે પૂરતું ભોજન છે, ત્યારે લોકોની જેમ શિષ્યોના આશ્ચર્યનો પણ પાર રહ્યો નહિ. હાજર રહેલી દરેક વ્યક્તિએ તે સાદું છતાં મનભાવન ભોજન માણ્યું અને જે ટુકડા વધ્યા તેનાથી તો બાર ટોપલીઓ ભરાઈ ગઈ !

બીજા એક પ્રસંગે ઈસુ ખ્રિસ્તે કુદરત પરની પોતાની સત્તાનો પરચો દેખાડયો. તેમને ભાગ્યે જ મળતી એવી આરામની થોડીક પળોમાં તેમણે અને તેમના શિષ્યોએ માછલાં પકડવાની એક નાની હોડી ભાડે લીધી અને તેને તેઓ ગાલીલના સમુદ્રની વચ્ચોવચ લઈ ગયા અને ત્યાં લંગર નાખ્યું. ત્યાં વિક્ષેપ પહોંચાડે તેવું કશુ ન હતું. તેમના નાકમાં સમુદ્રજલની મીઠી સુવાસ આવતી હતી અને કાનમાં ઊંચે ઊડતા દરિયાઈ પક્ષીઓનો મીઠો કલરવ સંભળાતો હતો, તેથી તેઓ નિદ્રાને ખોળે ઢળ્યા.

તેમણે ક્ષિતિજ પર ઘેરાતાં કાળાં, ભયજનક વાદળોને નિહાળ્યાં નહિ. દરિયાઈ પક્ષીઓનો આગેવાન તીણી ચીસો પાડીને સફેદ પાંખોવાળા પોતાના લશ્કરને કિનારે દોરી ગયો તેના અવાજ પણ સાંભળ્યા નહિ, અને હોડીની બાજુઓને અથડાતાં નાનાં ને કોમળ લાગતાં મોજાં લગભગ પાણીની ક્રોધિત, ઉગ્ર ને ઘૂમરાતી દીવાલો બનીને પછડાવાં લાગ્યાં ને આખી હોડી હચમચવા લાગી તેનું પણ તેમને ભાન રહ્યું નહિ.

એકાએક નાનકડી હોડી ડોલવા ને ઝોલાં ખાવા લાગી. તેના ધમપછાડાથી બધા જ શિષ્યો એક ચમકારા સાથે જાગી ગયા. માત્ર ઈસુ જ ઊંઘતા હતા.

શિષ્યોએ વાવાઝોડાની ગર્જનાઓ સાંભળી, જે મૂશળધાર વરસાદે તેમને ભીંજાવી નાખ્યા હતા તે જોયું અને ખાસ તો પોતાની આસપાસ વિકરાળ રૂપે બિહામણા લાગતા નિર્દય સમુદ્રને એક ક્ષણભર નિહાળ્યો અને તરત જ તે ઊંઘતા ગુરુજી તરફ આગળ વધ્યા.

"ગુરુજી ! ઓ ગુરુજી ! જાગો ! ઊઠો ! વિનાશ આપણી નજીક છે. આપણે મોતને આરે છીએ ! આપણે થોડીક મિનિટોમાં જ મૃત્યુને ભેટી જઈશું. તમે કેવી રીતે શાંતિમાં સૂઈ શકો છો ?"

પોતાની આંખમાંમી ઊંઘને ઉડાડતાં, ઈસુએ પોતાના આસપાસની પરિસ્થિતિ પર દૃષ્ટિપાત કર્યો, ઊભા થયા અને સૈન્યના કોઈ સેનાધિપતિની જેમ સમુદ્ર અને પવનને પોતાનાં તાંડવ—તોફાન બંધ કરી દેવાનો હુકમ કર્યો. અને ત્યાં જ, શિષ્યોની અચંબાથી પહોળી બનેલી આંખો સામે વીજળીનો ગડગડાટ થંભી ગયો, વાદળાં વિખેરાઈ ગયાં અને સમુદ્ર એકદમ શાંત બની ગયો. તોફાન શમી ગયું.

તેઓ તો આશ્ચર્યમાં ડૂબી ગયા. "આ તે કેવા પ્રકારના માણસ છે ?" તેમણે એકબીજાને પૂછયું, "કે વાયુ અને સાગર સુદ્ધા એનું કહ્યું કરે છે !"

ઈસુના ચમત્કારોનો ત્યાં જ અંત આવ્યો નથી. તેમનું પરાક્રમ તો કબરથી પણ આગળ પ્રસર્યું હતું. શુભ સંદેશમાં એવા ત્રણ પ્રસંગો નોંધાયેલા છે, જેમાં તેમણે મૃત્યુ પામેલાંને સજીવન કર્યાં છે. તેમાં અત્યંત દંગ કરી દે તેવો પ્રસંગ તો આ છે. મૃત્યુ પામીને ચાર દિવસ સુધી કબરમાં દટાયેલા એક માણસની કબર પાસે તે જાય છે. આનાકાની કરતા શોક કરનારાઓને તે કબરના મોં પરથી પથ્થર ખસેડવાની આજ્ઞા આપે છે અને પછી મોટેથી પોકારે છે, "લાઝરસ ! બહાર આવ !" અને તત્કાળ, મૃત્યુ પામેલો માણસ કબરમાંથી બહાર નીકળે છે. ન માની શકાય એવું એ દૃશ્ય જે માણસોએ જોયું તેઓ તો ભાગ્યે જ પોતાની આંખો પર વિશ્વાસ મૂકી શકયા. તેથી જ જયાં કંઈ તે જતા અને જે કંઈ તે કરતા તે જોવા માટે ત્યાં લોકોનાં ટોળેટોળાં કીડિયારાંની જેમ ઊભરાતાં અને ઈસુને પોતાની સાથે રહેવા વીનવતાં, તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? તે ઈશ્વર છે કે કેમ

તે અંગે તેઓ હજુ નિર્ણય કરી શકયા ન હતા. તે દાવો કરતા તેમ તે ઈશ્વર હતા કે કોઈ જાદુગર કે અદષ્ટ શક્તિ ધરાવનાર હતા, ગમે તે હતા. પરંતુ તેમના મત મુજબ તેમની ઊંડામાં ઊંડી જરૂરિયાતો શોધવા અને સંતોષવા માટે તેમની પાસે વિલક્ષણ કુનેહ હતી.

રાષ્ટ્રવાદીઓ તેમને માટે વિશિષ્ટ પ્રકારનો ઉત્સાહ ધરાવતા હતા. "તે કેવો અદ્ભુત ને મહાન માણસ છે! આ જુલમગાર રોમનોની સત્તા ફગાવી દેવા અને આપણા રાષ્ટ્રને તેના સામર્થ્ય અને ગૌરવને ઉચ્ચ શિખરે પહોંચાડવા તેના જેવા જ માણસની આપણને જરૂર છે!" તેઓ આવેશમાં આવી જઈને કહેતા. જો ઈસુએ ઈચ્છયું હોત તો અત્યંત સરળતાથી લોકપ્રિયતાનાં મોજાં પર સવાર થઈને તે પોતાને પેલેસ્ટાઈનના રાજા તરીકે સ્થાપી શકયા હોત. લોકદષ્ટિમાં અત્યંત વિચિત્ર કહી શકાય તેવી રીતે તેમણે આ લોક વિચારને નકારી કાઢયો અને ગરીબો સાથે જ ભળવાનું (ઈરાદાપૂર્વક) જાણી જોઈને પસંદ કર્યું. ઉપદેશ આપતા, શીખવતા, સાજાપણું પમાડતા, સાંત્વન આપતા, રાહત પમાડતા ઈસુ ગામડાંઓમાં ફરતા રહ્યા. તેમણે સમાજથી તરછોડાયેલાં અને સામાન્ય સામાજિક કક્ષાનાં માણસો એટલે કે દલિતો અને પીડિતો સાથે જ રહેવાનું ઈરાદાપૂર્વક પસંદ કર્યું હોવાથી સમાજના ખેરખાંઓ અને કહેવાતા ઊંચા વર્ગોના લોકો તેમનો ઉપહાસ કરતા અને તેમને મૂર્ખ ગણતા.

## ૩ વધતું જતું તોફાન

પ્રભુ ઈસુ માણસનો ચહેરો કે તેની પદવી જોઈને તેને માન આપનાર માણસોમાંના એક ન હતા. સામાન્ય માણસમાં શું કે ધર્માધિકારીઓની સંસ્થાઓમાં શું, જ્યાં કંઈ તે પાપ જોતા ત્યાં તે ઠપકો આપતા. ફરોશીઓ, (ધર્મના આગેવાનો) સાદુકીઓ (પુનર્જીવનમાં ન માનનારાઓ) અને સિનેગોગ(યહૂદી સભાસ્થાન)ના ધર્માધિકારીઓ પણ તેમના ઠપકા કે ટીકામાંથી બચવા પામતા નહિ. આ રીતે વારંવાર જાહેરમાં મળતા ઠપકાને કારણે તેમનાં મનોમાં દ્વેષ અને ક્રોધની આગ ફાટી નીકળી અને ગમે તે ભોગે લોકોને ઈસુની વિરુદ્ધ અને વિમુખ કરી મૂકવાના પ્રયત્નોમાં તે મક્કમ બન્યા.

ઈસુના શબ્દો કે કાર્યોમાં નાની અમથી ક્ષતિ કે દોષ શોધી કાઢવા, તેઓ કુશળ જાસૂસોને મોકલતા. પરંતુ આ જાસૂસો પણ તેમના જ્ઞાનથી ડઘાઈ જઈને ઈસુના શિષ્યો બની જતા.

એક કરતાં વધુ પ્રસંગોએ પ્રભુ ઈસુના શબ્દો આ અધિકારીઓનાં હૃદયોને એટલાં બધાં અસ્વસ્થ બનાવી ગયા અને તેમને રોષ ચડાવ્યો કે તેમણે ઈસુને પથ્થરે પથ્થરે મારીને મારી નાખવાના પ્રયત્નો કર્યા, પણ ઈસુ ઘાયલ થયા વિના છટકી ગયા.

ખૂબ ચીડાયેલા ધાર્મિક આગેવાનો હવે ઝડપથી ધૈર્ય ગુમાવવા માંડયા હતા અને ઈસુની જિંદગી વિરુદ્ધ કાવતરાં ઘડવા માટે ખાનગી સભાઓ ભરવા લાગ્યા. ધર્મગુરુઓ ચાંદીના માત્ર ત્રીસ ટુકડાની લાંચ આપીને (એક ગુલામની કીમત એટલી જ હોય) ઈસુને તેમના ખૂનીઓના હાથમાં વિશ્વાસ–ઘાત કરી સોંપી દેવા માટે યહૂદા ઈસ્કારિયોત નામના ઈસુના એક શિષ્યને ખરીદી શકયા.

પાસ્ખાપર્વ અગાઉની સાંજે પ્રભુ ઈસુ પોતાના શિષ્યો સાથે ગેથસેમાને નામના બાગમાં ગયા. થોડા જ કલાકો પછી પોતાનું મૃત્યુ થવાનું છે તેની જાણે કે તેમને ખબર પડી ગઈ હતી, કારણ, તેમણે ત્યારે ખિન્ન હૃદયે

પોતાના શિષ્યોને કહ્યુ, "મને એટલો બધો શોક થાય છે જાણે પ્રાણ ચાલ્યા જશે. તમે અહીં થોભો અને પ્રાર્થના કરો." જયાં તેમના શિષ્યો બેઠા હતા ત્યાંથી થોડે આગળ જઈને તેમણે જમીન પર પડીને નિસાસા નાખતા કહ્યું, "પિતાજી, જો શકય હોય તો આ પ્યાલો મારી પાસેથી લઈ લો. તેમ છતાં, મારી નહિ, પણ તમારી જ ઇચ્છા પૂર્ણ થાઓ."

માનવી આંખો માટે આ દૃશ્ય અત્યંત પવિત્ર છે. ખ્રિસ્તને તે રાતે શરીર અને મનમાં જે કાળી વેદના થઈ હશે તેનું એક ઝાંખું દર્શન આપણને સાંપડે છે. હવે પછીના ગણતરીના કલાકોમાં આખી દુનિયા તેમની તરફ પીઠ ફેરવશે અને ત્યારે આ યાતના હજારો ગણી (વધારે) બેવડાઈ જશે. એ હકીકત બીજાઓ કરતાં ઈસુ વધુ સારી રીતે સમજતા હતા. એ વિચાર જાણે તેમને કચડી નાખતો હતો. એ કેવું કષ્ટદાયક અને કમકમાટી ઉપજાવનાર દૃશ્ય હશે !

જયારે આપણા પ્રભુ પોતાના શિષ્યોની પાસે પાછા ફર્યા ત્યારે તેમણે તેમને ઊંઘતા જોયા. તેમણે કહ્યું, "હજીયે ઊંઘો છો ? હજીયે આરામ કરો છો ? જુઓ, સમય આવી પહોંચ્યો છે. માનવપુત્રને પાપીઓના હાથમાં સોંપી દેવામાં આવે છે."

થોડા જ સમયમાં શિષ્યો જાગી ગયા અને તેમણે જોયું તો તલવારો અને લાઠીઓથી સજજ થયેલું એક મોટું ટોળું ઈસુ તરફ આવી રહ્યું હતું. તેઓ કોણ હતા તે ઈસુ જાણતા હતા, અને તેથી આગળ જઈને તેમણે તેમને કહ્યું, "તમે કોને શોધો છો ?" જયારે આ ગુસ્સે ભરાયેલા ટોળાએ પ્રભુ ઈસુને જોયા ત્યારે તે પાછું પડી ગયું. કેમ્પબેલ મોર્ગન કહે છે કે "ઈસુ ખ્રિસ્તના દુશ્મનો તેમની ધરપકડ કરવા આવ્યા પરંતુ તેઓ પોતે જ પકડાઈ ગયા !"

આપણા પ્રભુએ તો એક જ શબ્દથી તેમને શક્તિહીન બનાવી દીધા હોત. પોતાનું રક્ષણ કરવા માટે આકાશમાંથી દેવદૂતોનું એક મોટું સૈન્ય તે બોલાવી શકયા હોત. પરંતુ તેમણે આવું કશું જ કર્યું નહિ. ઉગ્ર સ્વભાવના શિષ્ય પીતરે પોતાની તલવાર કાઢી, પરંતુ ઈસુએ તેને ઠપકો આપતાં કહ્યું, "તારી તલવાર પાછી મ્યાન કરી દે, જે તલવારથી જીવે છે તે તલવારથી

જ નાશ પામશે." પછી તે સ્વેચ્છાએ પોતાના દુશ્મનોને શરણે થઈ ગયા.

ક્રૂર સૈનિકોએ મહિમાના પ્રભુને બાંધ્યા. તેમણે તેમના ઠઠ્ઠા ઉડાવ્યા ને તેમને ધક્કે ચડાવ્યા. એ નિદ્રાવશ શહેરની શેરીઓમાં થઈને ઈસુનો ન્યાય કરાવવા માટે તેમને મુખ્ય યાજક, વરિષ્ઠસભા ( સાન્હેદ્રિન )ના પ્રમુખ, રોમન સૂબા પોંતિયૂસ પિલાત, રાજા હેરોદ અને ફરી પાછા પિલાત સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

ખોટા સાક્ષીઓએ તેમના દ્વેષબુદ્ધિયુક્ત જૂઠાણાની લાંબી કથા ( દાસ્તાન ) કહી સંભળાવી. ઈસુની સામે આ મુખ્ય આરોપો મૂકવામાં આવ્યા :

૧. આ માણસે કહ્યું હતું કે, 'હું યરુશાલેમનું મંદિર તોડી પાડવાની અને ત્રણ દિવસમાં તેને પાછું બાંધવાની શક્તિ ધરાવું છું.'

૨. તેણે ઈશ્વરના પુત્ર હોવાનો દાવો કર્યો છે.

૩. તે કહે છે કે 'હું યહૂદીઓનો રાજા છું.'

રોમન ન્યાયાધીશ પોંતિયૂસ પિલાતે તેની વિરુદ્ધનો કેસ તપાસ્યો અને તેમણે એક આશ્ચર્યજનક વિધાન કર્યું, "મને તેનામા કશો દોષ દેખાતો નથી". હવે દરેક વર્ષે પાસ્ખાપવને સમયે એક કેદીને મુક્ત કરવાનો સરકારી રિવાજ હતો. પિલાતને લાગ્યું કે ઈસુને છોડી મૂકવા માટે તે બચાવનો આ અણધાર્યો માર્ગ અપનાવી શકશે, પરંતુ તેની ઘોર નિરાશા વચ્ચે ટોળાએ બીજા એક માણસને છોડી દેવાની માગણી કરી—એ તો રાજદ્રોહના ગુના માટે કેદની સજા ભોગવતો બારાબાસ નામે લૂંટારો હતો. "બારાબાસ! અમારે માટે બારાબાસને છોડી મૂકો!" ઝનૂને ચઢેલા ટોળાએ કિકિયારી કરી મૂકી.

ટોળાંની બૂમરાણ વચ્ચે પોતાનો અવાજ સંભળાય તે માટે મોટો ઘાંટો પાડીને પિલાતે પૂછયું, "તો પછી ખ્રિસ્ત કહેવાતા ઈસુનું મારે શું કરવું?"

"એને ક્રૂસે ચડાવો! એને દૂર કરો! એને ક્રૂસે ચડાવો!" ગાંડીતૂર અને ભયકંર ચીસો આવી.

"ક્રૂસે ચડાવું!" રોમન ગવર્નરે પડઘો પાડતાં કહ્યું, "કેમ એણે મૃત્યુ-દંડને યોગ્ય એવો શો ગુનો કર્યો છે?"

હવે તો ટોળું કશી પણ બુદ્ધિગમ્ય કે ન્યાયયુક્ત વાત સાંભળવાની હદ વટાવી ચૂકયું હતું. તેઓ તો ઈસુની હત્યા કરવા દઢનિશ્ચયી બન્યા હતા. પોતાનો બચાવ કરવા માટે ન ઈસુએ કંઈ કહ્યું કે ન કશું કર્યું ! પ્રબોધકે ઘણાં ઘણાં વર્ષો પહેલાં તેમને વિશે આ પ્રમાણે લખ્યું હતું :

“તેના પર જુલમ ગુજારવામાં આવ્યો તો પણ તેણે નમ્ર થઈ ને પોતાનું મોં ઉઘાડયું નહિ; હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેના જેવો અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે તેના જેવો તે હતો, તેણે તો પોતાનું મોં ઉઘાડયું જ નહિ.” (યશાયા ૫૩ : ૬.) ઈસુના બધા શિષ્યો તેમને છોડીને ભાગી ગયા. યહૂદા ઈસ્કારિયોતે તેમનો વિશ્વાસઘાત કર્યો, પીતરે તેમને ઓળખતા હોવાનો પણ ઈન્કાર કર્યો અને તેમને જયારે સહુથી વધારે સહાયની જરૂર હતી ત્યારે બાકીના તો દેખાયા પણ નહિ. કચડી નાખે તેવું એકાકીપણું, ક્રૂર સતામણી, સળગાવી મૂકે તેવી ઠઠ્ઠા મશ્કરી–આ બધું સહન કરવા છતાં પણ આપણા પ્રભુએ પરાજય કે હતાશાની એક પણ નિશાની દેખાડી નહિ. અંત સુધી ઈસુ એના એ જ રહ્યા–આ દુનિયાએ કદી ન દીઠા હોય તેવા સૌથી બળવાન, સૌથી હિંમતવાન અને સૌથી મહાન. સાચ્ચે જ ‘આ માણસને જુઓ !’ એ પિલાતના શબ્દો અસામાન્ય મહત્ત્વના છે, કારણ, ઈસુ ખ્રિસ્તે આપેલા બલિદાનથી માણસ શું થઈ શકે તેનું એક કલ્પનાચિત્ર દુનિયા સમક્ષ તે રજૂ કરતો હતો.

રોમન સૂબાની વિનંતી અને તેનો ચુકાદો કોઈપણ રીતે ઉપયોગી બન્યાં નહિ. ગાંડાતૂર બનેલા ટોળાની ઝનૂની ચીસો છેવટે વિજયી બની. ત્યારે પિલાતે એક વાસણ લઈને તેમાં પોતાના હાથ ધોયા અને કહ્યું, “આ માણસના ખૂનની બાબતમાં હું નિર્દોષ છું. એ તમે જાણો.”

અને આમ જે મહામાનવે કોઈને કદી પણ નુકસાન પહોંચાડયું ન હતું, જેમણે દરેકને દિલાસો અને ધીરજ પમાડયાં હતાં, જે મુક્તિદાતા તરીકે પોતાના લોકોને જીવન આપવા આવ્યા હતા, તે બે ગુનેગારો સાથે ક્રૂસે જડાવા માટે તેમના દુશ્મનોના હાથમાં સોંપાયા.

## ૪ | ખ્રિસ્તનું ક્રૂસારોહણ

ક્રૂસ પર જડીને–ખીલા ઠોકીને–મારી નાખવાની સજા રોમન સમયની એક વિશિષ્ટ સજા હતી. મોત નિપજાવવા માટે શોધાયેલી બધી સજાઓમાં તે સૌથી વધુ પીડાકારક હતી. મારી નાખવામાં આવનાર વ્યક્તિની હથેલીઓમાં અને પગોમાં ખીલા ઠોકીને તેને ક્રૂસ પર જડી દેવામાં આવતી. પછી કશાયે રક્ષણ વગરના ઉઘાડા મેદાનમાં ક્રૂસ ઊભો કરવામાં આવતો, જ્યાં દિવસની બાળી મૂકે તેવી ગરમી અને રાત્રિના હિમ જેવા ઠંડા પવનો ક્રૂસે ચડાવાયેલ વ્યકિતના કશાયે રક્ષણ વિનાના શરીરને ભેદી નાખતા અને ઘણી વાર તો તેને ગાંડપણનો ભોગ બનાવી દેતા. કેટલાકનું તાત્કાલિક મોત નીપજતું તો કેટલાક દિવસો સુધી રિબાયા કરતા.

ક્રૂસની આ મર્મભેદક યાતનામાં ક્રૂસે ચડાવાયની નામોશી પણ ભળતી. જ્યાં પાસેથી પસાર થનારા હસીમજાક ઉડાવે કે ઠઠ્ઠામશ્કરી કરે અથવા એક સશક્ત માણસનું અર્થહીન બકવાસ કરનાર એક મૂર્ખમાં થતું રૂપાંતર જુએ તેવા જાહેર સ્થળે ક્રૂસ ખોડાતા.

પ્રભુ ઈસુને યરુશાલેમથી થોડેક બહાર ગલગથા (લેટિનમાં કાલવરી) નામે ઓળખાતા સ્થળે લઈ ગયા અને ત્યાં તેમને ક્રૂસે જડવામાં આવ્યા. પછી બીજા બે ક્રૂસની વચ્ચે ઈસુના ક્રૂસને એક ખાડામાં ઊભો કરવામાં આવ્યો. ત્યાં, માનવજાતિના મુક્તિદાતાએ પોતાના જીવનનું લોહી પોતાના લોકો માટે વહેવડાવ્યું. જે પવિત્ર હાથોએ માત્ર સાજાપણું, દિલાસો અને ધીરજ આપવાના અને પુનઃસ્થાપના કરવાનાં કામ કર્યાં હતાં અને જે પગો પ્રેમના દિવ્ય સંદેશાના પ્રચારાર્થે પેલેસ્ટાઈન દેશના ખૂણેખૂણામાં ફર્યા હતા તે હવે ચીરાઈ ગયા હતા ને વીંધાઈ ગયા હતા. જે આંખોએ લોકોના હૈયાંની આરપાર દૃષ્ટિ ફેંકીને તેમની જરૂરિયાતો પિછાની હતી તે હવે વેદનાનાં વાદળોથી ઘેરાયેલી હતી. જે હોઠોએ ઘણાં નિરાશ હૃદયોને સાંત્વનના શબ્દો કહી સંભળાવ્યા હતા તે હવે મૂંગા બન્યા હતા.

જે લોકોનાં મોટાં ટોળાં પાસ્ખાપર્વની ઉજવણી અર્થે યરુશાલેમમાં આવ્યા હતા તે અત્યારે ઈશ્વરપુત્રની નામોશી અને તેમનું મૃત્યુ નિહાળવા માટે કાલવરી પાસે એકઠાં થયાં હતાં. એ દશ્ય એવું ભયાનક હતું કે પૃથ્વી પોતાની ધરી પર ધ્રૂજી ઊઠી અને સૂર્યે પોતાનું મુખ છુપાવી દીધું.

ખ્રિસ્તના ક્રૂસ ઉપર ગુનો દર્શાવતો લેખ મૂકવામાં આવ્યો હતો. લૅટિન, (રોમનોની રાજભાષા) ગ્રીક (લોકોની વર્તમાન ભાષા) અને એરેમિક (યહૂદીઓની બોલાતી ભાષા) ભાષામાં લખવામાં આવ્યું હતું : "ઈસુ, યહૂદીઓનો રાજા." જે અંતિમ કીમત અસહ્ય યાતનાના રૂપમાં આ માણસે ભોગવી હતી તેનો ગુનો તો માત્ર આટલો જ હતો! દુષ્ટતાની કેવી પરાકાષ્ઠા! ન્યાયની આ કેવી વિકૃત ઠેકડી!

દુઃખ ભોગવનાર આ દૈવી વ્યકિતની લોકો મશ્કરી કરતા અને તેમને મહેણાંટોણાં મારતા. "એણે બીજાંઓને બચાવ્યા પણ એ પોતાને બચાવી શકતો નથી!" એમને એ વખતે સમજાયું ન હતું કે તેઓ તો શુભસંદેશનો સૌથી મહત્ત્વનો મુદ્દો–તેનું રહસ્ય જ–પોકારીને કહેતા હતા. બીજાઓને બચાવવા માટે ઈસુએ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

આવી ક્રૂર શિક્ષા વેઠનારા માટે શ્રાપ દેવા, સમ ખાવા કે ચીસો પાડવી એ સામાન્ય વસ્તુ હતી. પરંતુ પ્રભુ ઈસુના હોઠોમાંથી ન નીકળી કશી ફરિયાદ કે ન સંભળાયો કશો બબડાટ. ક્રૂસ ઉપર જે પ્રાર્થના તેમણે કરી તે તો અત્યંત અચંબામાં નાખી દે તેવી છે–નોંધાયેલા ઈતિહાસમાં અતિ હૃદયસ્પર્શી છે–"હે પિતા!" ઈસુએ કહ્યું. "આ લોકોને માફ કરો, પોતે શું કરે છે તે તેઓ જાણતા નથી." અત્યંત લાક્ષણિક રીતે, પોતાના જીવનના સૌથી અંધારા કે ગમગીન દિવસે તે પોતાના વિશે વિચારતા ન હતા. જયારે એક સામાન્ય મનુષ્યે પોતા પર જુલમ ગુજારનારાઓને વખોડા કાઢ્યા હોત ને તેમને શાપ આપ્યો હોત ત્યારે ધર્મના નામે ઈતિહાસનો સૌથી ઘાતકી અપરાધ કરનારા લોકો માટે પ્રભુ ઈસુ પ્રાર્થના કરે છે. કેવી અદ્‌ભુત પ્રાર્થના! કયે સ્થળેથી કરેલી પ્રાર્થના–યાતના અને નામોશીના ક્રૂસ ઉપરથી! કેવે સમયે કરેલી પ્રાર્થના–જયારે શરીરની અને મનની યાતના તેના શિખરે પહોંચી હોય

ત્યારે ! કેવા સમૂહ માટે કરેલી પ્રાર્થના–સાધારણ કુટુંબોમાં ઊછરેલા દુરાચારી સૈનિકો, ધાર્મિક દેખાતા ઢોંગીઓ અને ક્રૂરતામાં અસ્વાભાવિક રસ લેનારા અને આવા બધાનો શંભુમેળો હોય તેવું ટોળું, જેને તો સાર્વત્રિક તિરસ્કાર અને બદદુવા જ મળવાં જોઈએ !

ઈસુએ આ મનોહર પ્રાર્થના માત્ર પોતાને ક્રૂસે ચડાવનારા માટે જ કરી નથી, પરંતુ આપણે માટે પણ કરી છે. આપણાં પાપ અને ઈશ્વર વિરૂદ્ધના બળવાને કારણે આપણા તારણહારને લોહી વહેવડાવવાનું અને મૃત્યુને ભેટવાનું સહન કરવું પડયું નથી શું ?

ઈસુની સાથે બે ચોરોને પણ ક્રૂસે જડવામાં આવ્યા હતા. એકને તેમની જમણી બાજુએ અને બીજાને તેમની ડાબી બાજુએ. જયારે બે ચોરોમાંના એકે આ વિચિત્ર પ્રાર્થના સાંભળી ત્યારે તે ઈશ્વરપુત્ર છે તેવી ખાતરી થઈ. અને તેણે કહ્યું, " ઈસુ, જયારે આપ આપના રાજયમાં આવો ત્યારે મને સંભારજો."

દુ:ખ વેઠતા મુક્તિદાતા આ વિનંતી પ્રત્યે પણ બેપરવા બન્યા નહિ. તેમનો ઉત્તર ઝડપી અને નિર્ણાયક હતો : " હું તને ખાતરીપૂર્વક કહું છું કે તું આજે મારી સાથે સ્વર્ગલોકમાં હોઈશ."

મૃત્યુની અંતિમ ઘડીએ આ ગુનેગારને આ શબ્દોથી કેવાં આનંદ અને આશ્વાસન મળ્યાં હશે :

(Truly) **ખાતરીપૂર્વક (સાચેસાચ)**–સૌથી મહાન ખાતરી

(Today) **આજે**–સૌથી વેગીલી ગતિ

(Paradise) **સ્વર્ગલોક**–સૌથી મહિમાવાન સ્થળ

(With Me) **મારી સાથે**–સૌથી મધુર સંગત

આમ તેમના જીવનના સૌથી અંધારા સમયે આપણા મુક્તિદાતાએ સ્વર્ગ ને ઈશ્વર માટે એક આત્મા જીત્યો. આ એક જ પ્રસંગ વિશે વાંચીને કે સાંભળીને જે મોટી સંખ્યામાં માણસોને બચાવવામાં આવ્યા છે તે અનંતકાળ જ પ્રગટ કરશે.

તે પછી ઈસુએ પોતાનાં મા મરિયમને યોહાન અને થોડા બીજા મિત્રો સાથે ક્રૂસ પાસે જોયાં. પ્રેમભરપૂર આંખે તેમણે મરિયમને કહ્યું, "બાઈ, (અસલમાં

આ 'બાનુ' જેવો માનવાચક શબ્દ છે) જો તારો દીકરો !" અને યોહાનને કહ્યું, "જો તારી મા."

પોતાની મા માટેના પ્રભુના પ્રેમ અને ચિંતાનો આથી વધુ ઉત્તમ પુરાવો કયો હોઈ શકે? અને તેથી જ આપણે જેઓ ખ્રિસ્તને નામે ઓળખાઈએ છીએ તેમણે આપણને ઈશ્વરે આપેલા કુટુંબ પ્રત્યે પ્રેમ અને દયા માયા દર્શાવવાં જોઈએ. તેનું સ્પષ્ટ સૂચન પ્રભુના વર્તનમાંથી મળે છે.

મહિમાના સ્વામી ત્યાર પછી અતિ ગંભીર ને હૃદયસ્પર્શી બૂમ પાડે છે, "મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે ?" પોતાના શરીરમાં આપણાં સમગ્ર પાપનો ભાર સહન કરવાને પરિણામે ઈશ્વર સાથેની તેમની યાતનાઓ નિકટ સંગત અને સહવાસમાં એક ક્ષણિક ભંગાણ પડયું હતું. પોતે જે શારીરિક યાતનાઓ વેઠતા હતા તેના કરતાં એ બાબત તેમને માટે વધુ પીડાકારક હતી. જે હંમેશાં ઈશ્વરને 'પિતા' તરીકે સંબોધતા તેમને અત્યારે 'ઈશ્વર' તરીકેનું સંબોધન કરવું પડયું હતું. આ જ આ એકાકી-પણું, જુદાપણું અને દુ:ખની ચીસ પાછળનું કારણ હતું.

છતાં આ નિરાશા કે પરાજયની બૂમ ન હતી. એમાં તો ઈશ્વરમાંના તેમના મજબૂત વિશ્વાસનો રણકાર હતો, તેથી તે કહે છે, "મારા ઈશ્વર." ડૉ. ગ્રેહામ સ્ક્રૂગી નોંધે છે. "આ ગહન ઉચ્ચારણને ઘણા દૂરના અંતરેથી જ સાંભળવું પડે, કારણ, કોણ તેને સંપૂર્ણ રીતે સમજી શકે ? આ ઘડીએ તો ઈસુએ આખા જગતનાં પાપ ઊંચકયાં હતાં, ધારણ કર્યા હતાં—માથે લીધાં હતાં. પ્રભુએ આપણા બધાંનાં પાપનો ભાર તેમને માથે મૂકયો હતો. તેમને એટલા માટે 'છોડી દેવામાં' આવ્યા હતા કે જેથી તે માનવજાતનાં પાપનો પૂરેપૂરો અને કચડી નાંખે તેવો બોજો ઊંચકે અને એમ બોજો ઊંચકીને આપણને બચાવે."

ઈશ્વરે શા માટે તેમના પ્રિય પુત્રને છોડી દીધા ? (તેમણે શી ભૂંડાઈ, દુષ્ટતા કરી હતી ?) તેમણે શું ભૂંડું કર્યું હતુ ? આ પ્રશ્ન તો યુગો સુધી પુછાવો જોઈએ અને પડઘાવો જોઈએ. આ પ્રશ્નાર્થનું ચિહ્ન તો કાલવરીમાં જ રહે છે. જયાંથી તે માણસોને તેના પ્રત્યે ધ્યાન આપવાની અને તેનો

ઉત્તર શોધવાની ફરજ પાડે છે. તેમને એટલા માટે 'ત્યજી દેવામાં આવ્યા' કે આપણે કદી પણ ત્યજાઈએ નહિ. તે એટલા માટે મૃત્યુ પામ્યા કે આપણે જીવીએ. એ સિવાયનો બીજો કોઈપણ ઉત્તર અર્થહીન બને છે.

લગભગ સત્તર કલાક સુધી આપણા પ્રભુને ખોરાક કે પાણી આપવામાં આવ્યાં ન હતાં, અને આ કરડી ખાતી ભૂખ અને ભયંકર તરસે તેમની યાતના હજાર ગણી વધારી દીધી હશે. છતાં જ્યારે તેમણે બૂમ પાડી કે, "મને તરસ લાગી છે," ત્યારે તેમના સુકાઈ ગયેલા હોઠને ભીંજાવવા માટે ઠંડા પાણીનું ટીપું પણ લાવવામાં આવ્યું નહિ. જે મહામાનવ જીવનનું પાણી આપવા માટે આ દુનિયામાં આવ્યા હતા તેમને દ્રાક્ષારસવાળી બરણીમાંથી વાદળી ખોસી તેને ભાલા પર ચડાવી તેમનાં મોં આગળ, અન્યની પીડામાં સુખ માણતા જુલમગારો તરફથી ધરવામાં આવી.

ખ્રિસ્તની તરસ શારીરિકથી કંઈક વિશેષ પ્રકારની હતી. "મને તરસ લાગી છે" એમ કહેતી વખતે તે માણસોના આત્માઓ માટેની પોતાની કદી ન સંતોષી શકાય તેવી તરસની વાત કરતા હતા. સમરૂની સ્ત્રી સાથેના તેમના વાર્તાલાપમાંથી આ સ્પષ્ટ થાય છે. તે બાઈના ગામના કૂવા પાસે તે થોભ્યા ત્યારે તેમને સખત તરસ લાગી હતી. છતાં તેને જીવનનું પાણી આપવાની અતુરતામાં તે પાણી પીવાનું પણ ભૂલી ગયા!

ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે "સંપૂર્ણ થયું"[૧]

તેમણે પોતાના શિષ્યોને કહ્યું હતું, "જેણે મને મોકલ્યો છે તેની ઈચ્છાનું પાલન કરવું અને જે કામ તેણે મને સોંપ્યું છે તે પૂરું કરવું એ જ મારો ખોરાક છે." ૨ પોતાના શિષ્યો માટેની મધ્યસ્થીની પ્રાર્થનામાં તેમણે કહ્યું હતું, "જે કાય તમે મને સોંપ્યું હતું તે મેં પૂરું કર્યું છે." ૩. અને હવે ક્રુસ પર તે બૂમ પાડે છે, "સંપૂર્ણ થયું."

આ તો હકીકતમાં વિજયનો એક આશ્ચર્યજનક (અદ્‌ભુત) પોકાર છે, ખ્રિસ્તનું ક્રૂસારોહણ એ નથી કોઈ પરાજય કે નથી કોઈ કમનસીબ ઘટના

૧. યોહાન ૧૯ : ૩૦ ૨. યોહાન ૪ : ૩૪ ૩. યોહાન ૧૭ : ૪

કે નથી કોઈ દેવ કે નસીબની લીલા. એ તો સાર્વકાલિક ઈશ્વરની સંપૂર્ણ યોજના અનુસારનું એક સભાન કૃત્ય છે. જે ક્ષણથી ઈસુએ ગાલીલનાં ગામડાંઓમાં પોતાના સેવાકાર્યનો આરંભ કર્યો તે ક્ષણથી જ એ બિંદુ તરફ તે આગળ વધતા હતા. "જગતના પાયા નંખાયા તે પહેલાં, ઈશ્વરના મંત્રણાખંડમાં મનુષ્યના ઉદ્ધાર વિશે લખાયેલા અને નિર્દેશન પામેલા જીવંત નાટકની પરાકાષ્ઠાનું એ દશ્ય છે. ધર્મશાસ્ત્રમાં લખેલું છે તે મુજબ ખ્રિસ્ત આપણાં પાપને માટે મરણ પામ્યા."[૧]

તેથી આ મહાન પોકાર એ કોઈક મૃત્યુ પામતા માણસના હતાશ શબ્દો નથી, પરંતુ પોતાનો અંતિમ અને સૌથી નિર્ણાયક કે આખરી જંગમાં વિજયી બનેલા સેનાધિપતિનો ઉદ્‌ગાર છે. શત્રુ નાશ પામ્યો છે અને વિજય પ્રાપ્ત થયો છે. "સંપૂર્ણ થયું."

બાઈબલના જૂના કરારના આદર્શો અને આગાહીઓ ખ્રિસ્તમાં પૂરા થયાં હતાં. હવે પાપની માફી માટે જુવાન બળદો કે બકરાનો બલિ ચડાવવાની જરૂર ન હતી. પ્રભુ ઈસુના રૂપે એક સર્વોત્તમ બલિ સદાસર્વદા માટે ચડાવવામાં આવ્યો. માનવીનો ઉદ્ધાર અનંત કામ માટે નિશ્ચિત બન્યો હતો. ક્રૂસ ઉપર આપણા પ્રભુની છેલ્લી બૂમ આ છે; "પિતાજી, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું"[૨]

કોઈની ધાકધમકીથી કે પોતાની ઈચ્છા વિરુદ્ધ ઈસુએ પોતાનું બલિદાન આપ્યું નથી. તેમનું મૃત્યુ એ મનુષ્યના કાવાદાવાનું પરિણામ નથી. તેમણે તો પોતાના પ્રાણનું મહા બલિદાન દેવા માટે પોતાની જાતને સર્વશકિતમાન ઈશ્વરના હાથોમાં પોતાની મુકતેચ્છા વડે સોંપી દીધી હતી. તેમણે કહ્યું હતું, "હું મારું જીવન અર્પું છું, એ માટે કે હું તે પાછું લઉં. કોઈ મારું જીવન મારી પાસેથી લઈ શકતું નથી. હું મારી સ્વેચ્છાએ તે અર્પી દઉં છું. તે આપવાનો અને પાછું લઈ લેવાનો મને અધિકાર છે."[૩]

ક્રૂસે ચડાવવાની જવાબદારી સંભાળતા (રોમન) સૈનિકો ક્રૂસો પાસે ગયા અને ઈસુની સાથે ક્રૂસે જડાયેલા બે ગુનેગારોમાંથી પહેલાં એક જણના

---

૧. ૧ કોરિંથી. ૧૫ : ૩ ૨. લૂક ૨૩ : ૪૬ ૩. યોહાન ૧૦ : ૧૭, ૧૮

અને પછી બીજાના પગ તોડી નાંખ્યા, પણ જ્યારે તેઓ ઈસુ પાસે આવ્યા ત્યારે તેમને માલૂમ પડયું કે તે તો મરી ગયા છે તેથી તેમણે પગ તોડયા નહિ. ઈસુના પગો તોડવાને બદલે એક સૈનિકે ઈસુના પડખામાં ભાલો માર્યો અને તરત જ તેમાંથી લોહી અને પાણી વહેવા લાગ્યાં. કદાચ ભાલાથી પેરિકાર્ડિયમ ( હૃદયની આસપાસ કોથળીરૂપ આવરણ ) વીંધાયું હશે અને તેને કારણે લોહી અને પાણી વહ્યાં હશે.

એક રોમન સૂબેદાર ક્રૂસ પાસે ઊભો હતો અને ઘણી ઊથલપાથલના તે દિવસે બનેલા બનાવો નિહાળતો હતો. તેણે પણ ઈશ્વરની સ્તુતિ કરતાં કહ્યું, "સાચ્ચે જ તે ઈશ્વર પુત્ર હતો." પાસે ઊભેલી સ્ત્રીઓએ અપાર દુ:ખમાં છાતી કૂટી અને રડતાં રડતાં ઘેર ગઈ.

ખ્રિસ્તને મૃત્યુ પામેલા જાહેર કર્યા પછી તેમના શિષ્યોએ તેમનું શબ દાટવા માટે પરવાનગી મેળવી. પોતાના મૃત સ્વામીના શરીરને તેમણે સુગંધીઓ-સુગંધી મસાલા – લગાડયા અને આરિમથાઈના યુસફ નામ ઓળખાતા વરિષ્ઠ સભાના એક સભ્ય પાસેથી ઈસુનો મૃતદેહ દાટવા માટે કબર મેળવી.

ઈસુના ક્રૂસારોહણ સાથે સંકળાયેલું ટોળું માનવજાતિના જુદા જુદા વિભાગોનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવતું હતું. ત્યાં યહૂદીઓ હતા, જેઓ ધર્મને મુખ્ય માનતા હતા, ત્યાં ગ્રીકો હતા, જેઓ જ્ઞાનના શોધકો હતા, ત્યાં રોમનો હતા, જેઓ શાહી સત્તાના પ્રતિનિધિઓ હતા, ત્યાં પુરોહિતો અને શાસ્ત્રીઓ, ડૉકટરો અને વકીલો, અસંસ્કારી સૈનિકો અને ચીસો પાડતા રાષ્ટ્રવાદીઓ, ઉચ્ચાધિકારીઓ અને સામાન્ય માણસો હતા.

ઈશ્વરપુત્રને દોષિત જાહેર કરવામાં અને તેમને ક્રૂસે જડવામાં તેમણે પોતાને જ ક્રૂસે જડયા અને પોતાને જ દોષિત જાહેર કર્યા. દરિદ્રીઓ અને દલિતોની કક્ષાએ પોતાના પુત્રને મોકલવા પાછળ ઈશ્વરની કૃપા અને અસીમ પ્રેમ જ કારણભૂત હતાં. ઈશ્વરપુત્રને ક્રૂસે જડીને અને તેમના લાંબી રિબામણ-ભર્યા મૃત્યુને મનમાં આનંદપૂર્વક વાગોળીને દુનિયાએ ઈશ્વરને બદલો વાળી આપ્યો ! આપણે જીવીએ છીએ તે દુનિયા આવી છે. આપણે આપીએ છીએ

તે ન્યાય આવો છે.

માત્ર યહૂદીઓના નિશાન મહિનાના ( ઈસ્વીસન એપ્રિલ ૩૦ ) ચૌદમા-પંદરમા દિવસે જ ઈસુ પર કામ ચલાવવામાં આવ્યું ન હતું. પુરુષો અને સ્ત્રીઓ હજુ આજે પણ તેમના પર મુકદ્દમો ચલાવી રહ્યા છે. અને તેમનું પુનરાગમન થશે ત્યાં સુધી તેઓ તેવું જ કરતા રહેશે.

તે સમયની જેમ જ આજે પણ આપણે ટીકાકારો, ધર્મનિંદકો, ઠંડા, કડવા અને બેપરવા માણસો જોઈએ છીએ. તે સમયની જેમ આજે પણ એવાં કેટલાંક છે, જે ઈસુને પોતાના પ્રેમ અને નિષ્ઠા કે વફાદારીનું અર્પણ ચડાવે છે. પોંતિયૂસ પિલાતને જે પ્રશ્ને વારંવાર મૂંઝવ્યો હતો, તે જ પ્રશ્ન આજે સમગ્ર માનવજાતિને સતાવે છે.

"ઈસુ જે ખ્રિસ્ત કહેવાય છે તેનું શું કરું ?"

ખ્રિસ્ત અથવા બારાબાસ એ બેમાંથી કોઈ એકની પસંદગી કરવાની મહાન જવાબદારી પ્રત્યેક વ્યક્તિએ અને દરેક પ્રજાએ ઉઠાવવી જ પડે છે.

## ૫ મૃત્યુવિજેતા

ખ્રિસ્તના વધસ્તંભે જડાયાનું ચિત્ર એક આર્ટગેલેરીમાં ટાંગવામાં આવ્યું હતું. તે નિહાળવા ઉમટેલાં ટોળામાં દસ વર્ષનો એક નાનો છોકરો પણ હતો. ચિત્રકારે આ કિશોરની આંખોમાં રસ પડતો હોવાનો ભાવ જોયો અને ક્રૂસ પર લટકાવાયેલ વ્યક્તિ અંગે તે કિશોરને પૂછ્યુ, "શું તમે જાણતા નથી ?" કિશોરે આશ્ચર્ય દર્શાવીને ઉત્તર આપ્યો, "એ તો ઈસુ છે."

"તે શા માટે મૃત્યુ પામ્યા ?" કલાકારે પૂછ્યું.

"આપણાં પાપને કારણે," નાના છોકરાએ ઉત્તર આપ્યો. "આપણને માફી મળે તે માટે ઈસુ મૃત્યુ પામ્યા." થોડા સમય પછી કલાકાર ત્યાંથી ચાલી નીકળ્યા. છોકરાએ કલાકૃતિ સામે જોયું, દૂર ચાલ્યા જતા કલાકાર પ્રતિ દૃષ્ટિ ફેંકી અને તે વધુ ધીરજ રાખી શક્યો નહિ. કલાકાર પાછળ દોડી જઈને અને તેમનો હાથ પકડીને બાળકે કહ્યું, "સાહેબ, પ્રભુ ઈસુ ક્રૂસ ઉપર કે કબરમાં કાયમ રહ્યા નથી. તે તો મૃત્યુ પામ્યા પછી સજીવન થયા છે."

ધાર્મિક લોકો પોતાના ધાર્મિક આગેવાનોની કબરોની કે મૃત્યુસ્થળોની મુલાકાતને ઘણું મહત્ત્વ આપે છે. હજારો મુસ્લિમો અને હિંદુઓ લગભગ દરેક વર્ષે આવાં સ્થળોની યાત્રા કરવામાં પુષ્કળ નાણાં ખર્ચે છે.

ખ્રિસ્તી માણસે આવું કરવાની કશી જરૂર નથી, કારણ, ખ્રિસ્તની કબર તો ખાલી છે. મૃત્યુમાંથી ફરી સજીવન થનાર તે એક જ વ્યક્તિ છે. ખ્રિસ્તનું પુનરુત્થાન એ તો ખ્રિસ્તી વિશ્વાસના મૂળભૂત સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત છે. જે ટીકાકારોએ આપણા પ્રભુના પુનરુત્થાનનું ખંડન કરવાના પ્રયત્નો કર્યા છે તેમણે હાર કબૂલ કરવી પડી છે, કારણ, ખ્રિસ્ત સાચે જ મૃત્યુમાંથી સજીવન થયા છે અને તેમણે મૃત્યુને જીતી લીધું છે તેના નિર્ણયાત્મક પુરાવા આપણી પાસે મોજુદ છે.

## ખ્રિસ્તના પુનરુત્થાનના પુરાવા

### ૧. જૂના કરારમાં તે અંગેની ભવિષ્યવાણી

"તું મારા આત્માને (શેઓલને) મૃત્યુ લોકને (કબરને) સોંપશે નહિ, અને તારા પવિત્રને કહોવાણ લાગવા દેશે નહિ."[1]

### ૨. ખ્રિસ્તનું પોતાનું ભવિષ્યકથન

ત્યાર પછી ઈસુ તેમના શિષ્યોને સ્પષ્ટ રીતે જણાવવા લાગ્યા કે "મારે યરુશાલેમ જવું જ જોઈએ. ત્યાં આગેવાનો, યાજકો અને નિયમ-શાસ્ત્રના શિક્ષકો મને ખૂબ દુઃખ દેશે, અને મારી નાખવામાં આવશે અને ત્રીજા દિવસે મને સજીવન કરવામાં આવશે"[2]

"પણ મારા સજીવન થયા પછી હું તમારી પહેલા ગાલીલમાં જઈશ."[3]

### ૩. પુનરુત્થાનની શકયતા

પ્રભુ ઈસુએ યાઈરસની દીકરીને મૃત્યુમાંથી સજીવન કરી હતી. બીજા એક પ્રસંગે, નાઈન નામના નગરમાં તેમણે અંતિમ ક્રિયા માટે જતા સરઘસને અટકાવ્યું અને મૃત્યુ પામેલા માણસને ફરીથી જીવતો કરી તેની માતાને પાછો સોંપ્યો. એક બીજા પ્રસંગે, મૃત્યુ પછી ચાર દિવસ સુધી કબરમાં દટાયેલા લાઝરસને કબરમાંથી બહાર નીકળી આવવાની આજ્ઞા આપી અને લાઝરસ કબરમાંથી જીવતો બહાર નીકળ્યો. આ બધું નિર્ણાયક રીતે પુરવાર કરે છે કે ખ્રિસ્તને મૃત્યુ ઉપર પણ અધિકાર હતો. જો તે બીજાંઓને મૃત્યુ-માંથી સજીવન કરી શકયા હોય તો તેમણે પોતે મૃત્યુ પર વિજય હાંસલ કર્યો એ પર વિશ્વાસ મૂકવાનું (માનવાનું) શા માટે કેટલાકને અસંભવિત લાગતું હશે? "હું મારું જીવન અર્પું છું," તેમણે કહ્યું હતુ, "એ માટે કે હું તે પાછું લઉં."[4]

### ૪. દૂતોની ઘોષણા

દૂતે સ્ત્રીઓને કહ્યું, "ડરશો નહિ. હું જાણું છું ક્રૂસે જડવામાં આવેલા ઈસુને તમે શોધો છો. તે અહીં નથી. તેમણે (કહ્યું) હતું.

---

૧. ગીતશાસ્ત્ર ૧૬ : ૧૦ ૨. માથ્થી ૧૬ : ૨૧ ૩. માથ્થી ૨૬ : ૩૨

૪. યોહાન ૧૦ : ૧૭–૧૮

તે પ્રમાણે તેઓ પાછા સજીવન થયા છે. આવો, જ્યાં તેમને મૂકવામાં આવ્યા હતા તે જગા જુઓ."[૫]

**૫. ખાલી કબર**

કબરની બહાર જાગૃત ચોકીદારોને રાખવામાં આવ્યા હોવા છતાં ઈસુના મૃતદેહને જે કબરમાં મૂકવામાં આવ્યો હતો તે ખાલી હતી. શું બન્યુ હતું? "ઈશ્વરે તેમને મૃત્યુમાંથી પાછા સજીવન કર્યા હતા." જો તેમના શિષ્યો તેમના મૃતદેહને ચોરી ગયા હોય તો તેઓ છેતરપિંડી કરનારા સાબિત થાય અને તેમણે તો જૂઠાણાં અને કપટ ઉપર ખ્રિસ્તી ધર્મસભાની (ચર્ચ) સ્થાપના કરી હોય. જો હકીકત આવી હોત, તો છેલ્લાં વીસ સૈકાં દરમ્યાન ખ્રિસ્તી ધર્મસ્થાનોનો (ચર્ચ) જે વિકાસ થયો તે ન થયો હોત, કારણ, છળકપટ અને જૂઠાણાં લાંબો સમય ટકી શકતાં નથી. આર્ચબિશપ એલેકઝાંડરે કહ્યું છે તેમ, "કશાક સડી ગયેલા કે ભ્રષ્ટ પાયા ઉપર પવિત્ર ધર્મસંઘની સ્થાપના થઈ શકે નહિ. કશાક ધુમ્મસના પાયા ઉપર સત્ય ધર્મસંઘ રચાઈ શકે નહિ." જો ઈસુના શત્રુઓ તેમનું શબ ચોરી ગયા હોય તો શા માટે તેમણે તે જાહેરમાં ન મૂક્યું ને ખ્રિસ્તના પુનરુત્થાનના સિદ્ધાંતનો કાયમને માટે નાશ ન કર્યો? કારણ, તેમના શિષ્યોએ તો ઈસુના પુનરુત્થાનના સિદ્ધાંતનો જ જુસ્સાપૂર્વક પ્રચાર કર્યો અને દુનિયામાં ઊથલપાથલ મચાવી દીધી.

**૬. પુનરુત્થાન પામ્યા પછી ખ્રિસ્તે આપેલાં દર્શનો**

આ દર્શનો સામે તો કોઈ દલીલ ચાલી શકે તેમ નથી. માત્ર એક જ નહિ પણ ઘણા પ્રસંગોએ ઈસુએ ઘણાંને દર્શન આપ્યાં છે. નીચે દર્શાવેલા વ્યક્તિઓ કે સમૂહોને તેમણે દર્શન આપ્યાં :

(ક) મગ્દલાની મરિયમને માર્ક ૧૬ : ૯

(ખ) એમ્મૌસના રસ્તા ઉપર બે શિષ્યોને લૂક ૨૪ : ૧૫

(ગ) મગ્દલાની મરિયમ અને બીજી મરિયમ સાથે ગયેલ અન્ય સ્ત્રીઓને માથ્થી ૨૮ : ૯

(ઘ) પિતરને ૧ કોરિંથી. ૧૫ : ૫

---

૫. માથ્થી ૨૮ : ૫-૬.; લૂક ૨૪ : ૬

(ચ) થોમાની ગેરહાજરીમાં દસ શિષ્યોને યોહાન ૨૦ : ૧૯
(છ) અગ્યાર શિષ્યોને યોહાન ૨૦ : ૨૬
(જ) ગાલીલને સમુદ્રકાંઠે યોહાન ૨૧ : ૧
(ઝ) ૫૦૦ ભાઈઓને ૧ કોરિંથી. ૧૫ : ૬
(ટ) ગાલીલમાં અગ્યાર શિષ્યોને માથ્થી ૨૮ : ૧૭
(ઠ) યાકૂબને ૧ કોરિંથી. ૧૫ : ૭
(ડ) સ્વર્ગારોહણ પ્રસંગે લૂક ૨૪ : ૫૦
(ઢ) સ્તેફનને પ્રેરિતોનાં કૃત્યો ૭ : ૫૬
(ણ) તાર્સસના શાઊલને ૧ કોરિંથી. ૧૫ : ૮

**૭. શિષ્યોમાં આવેલું પરિવર્તન**

શિષ્યો પ્રમાણમાં કાયર હતા. મરિયમ અને બીજી સ્ત્રીઓએ તેમને જણાવ્યું કે ખ્રિસ્ત સજીવન થયા છે, છતાં યહૂદીઓના ડરને લીધે તેઓ એક ઘરમાં ભરાઈ રહ્યા હતા. ૬ પોતાના સ્વામીને ગુમાવ્યાને લીધે તેઓ હતાશ થઈ ગયા હતા ને મૂંઝાઈ ગયા હતા. ખ્રિસ્તની સાથે રાજ્ય કરવાની તેમની મહેચ્છા પર પાણી ફરી વળ્યું હતું. તેમનો નવો ધર્મ અને નવો વિશ્વાસ હવે લગભગ ભંગાણને આરે હતા. તેમની નાનકડી દુનિયા જાણે કે એકદમ તૂટી પડી હતી. જીવન તેમને હવે જીવવા જેવું લાગતું ન હતું.

તેમનાં દુઃખમાં હવે તો કાયમનો ભય ભળ્યો હતો, તેમના ગુરુજીની હત્યા થઈ હતી અને તેમનો પોતાનો કયારે ભોગ લેવાશે એ વિશે કોઈ કંઈ કહી શકતું ન હતું. તેથી, ઈસુ મૃત્યુ પામ્યા ત્યારે જે માણસો સાડાત્રણ વર્ષ સુધી તેમની પાછળ ચાલ્યા હતા તે હવે રોતલ, કાયર, નિર્બળ, નિરુત્સાહી અને કશાયે જોમ કે ગતિશીલતા વિનાના માણસોના એક નાનકડા સમૂહ રૂપે જ રહી ગયા હતા.

ગણતરીના દિવસોમાં આજ માણસોમાં એક મહાન અને આશ્ચર્ય-કારક પરિવર્તન આવ્યું. કહો કે, રાતોરાત તેમનો ડર હિંમતમાં, તેમની મૂંઝવણ આશામાં, તેમની ચિંતા શાંતિમાં, તેમની વેદના આનંદમાં અને

૬. યોહાન ૨૦ : ૧૯

તેમની નિર્બળતા અદ્‌ભુત સામર્થ્યમાં પરિવર્તન પામ્યા. ઈસુ મૃત્યુ પામ્યા ત્યારે યહૂદીઓની કોપવર્ષાના ભયને કારણે, શિષ્યો છુપાઈ ગયા હતા. હવે અચાનક ઈશ્વરના એકમાત્ર પુત્રની હત્યા કરવા માટે યહૂદીઓને દોષિત ઠરાવવા તેઓ શેરીઓમાં હિંમતપૂર્વક નીકળી પડયા. આ અદ્‌ભુત કે વિલક્ષણ પરિવર્તનની માત્ર એક જ સમજૂતી હોઈ શકે. પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનાં તેઓએ સાચે જ દર્શન કર્યાં હતાં. જે ઈસુને માત્ર ત્રણ દિવસ પહેલાં કબરમાં દાટવામાં આવ્યા હતા તેમની સાથે, હા, તેમની જ સાથે તેઓ આવ્યા હતા ને વાત કરી હતી. હવે તેઓ સમજ્યા હતા કે ઈસુએ પોતાને વિશે જે દાવા કર્યા હતા તે સત્ય હતા. તે સાચે જ ઈશ્વરપુત્ર હતા. હવે એવું કશુંક તેમને મળ્યું હતું, જેને માટે જીવવા તથા મરવા તેઓ તૈયાર હતા. ખ્રિસ્તના પુનરુત્થાનની વાસ્તવિકતાએ તેમના ભાવિ જીવનકાર્યમાં મોટું પરિવર્તન લાવી દીધું હતું. તેઓ સામર્થ્ય અને અધિકારથી ઉપદેશ આપવા અને સતાવણી, શારીરિક ત્રાસ, નુકસાન, ઉપહાસ, કેદમાં નંખાવું અને ખુદ મૃત્યુનો પણ સામનો કરવા તૈયાર હતા. શું કોઈ છલકપટ કે કોઈ પોકળ વાતનો બચાવ કરવા કોઈ ડાહ્યો કે કોઈ ગાંડો માણસ આટલી હદ સુધી જાય ખરો ?

**૮. પ્રારંભના ધર્મસંઘના શત્રુની સાક્ષી**

પ્રારંભના ખ્રિસ્તીઓની મહાન સતાવણી કરનાર શાઊલ પ્રથમ ખ્રિસ્તી શહીદ સ્તેફનને પથ્થરે મારીને મારી નાંખવામાં આવ્યો ત્યારે હાજર હતો. એ કામમાં તેણે દાખવેલ ઉત્સાહ અને ઉમંગને કારણે યહૂદી વરિષ્ઠ ધર્મસભાએ (સાન્હેદ્રિન) ખ્રિસ્તીઓનું નિકંદન કાઢવા માટે તેને આદેશ આપ્યો હતો. તેને માલૂમ પડયું કે આખા દેશમાં ખ્રિસ્તીઓની સતાવણી અને હિંસાનું જે મોજું ફરી વળ્યું હતું તેને કારણે ખ્રિસ્તીઓ મોટી સંખ્યામાં દમસ્ક નાસી છૂટયા હતા.

શાઊલને લાગ્યું કે જો તે શિકારી કૂતરાની જેમ દમસ્કમાં ખ્રિસ્તીઓનો શિકાર કરે અને તેમના શુભસંદેશ પ્રચારનો સદાને માટે અંત આણે તો તેના ઉપરીઓને રોમાંચકારી આનંદ મળે અને તેની સફળતામાં એક વધુ છોગું ઉમેરાય. તે અને તેના સાથી દમસ્ક પહોંચે તે પહેલાં તેમણે આકાશ-

માંથી અંધ બનાવી મૂકે તેવો પ્રકાશ ઊતરતો નિહાળ્યો. જ્યારે તેના સાથીદારો તો ભયથી અધમૂઆ થઈ ગયા ત્યારે શાઊલને તેના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનાર દર્શન થયું. આકાશમાંથી એક અવાજ તેને એમ કહેતો સંભળાયો, "શાઊલ! શાઊલ! તુ મને કેમ સતાવે છે?" શાઊલે કહ્યું, "પ્રભુ, તમે કોણ છો?" પ્રભુએ કહ્યું, "હું ઈસુ છું, જેને તું સતાવે છે. આર પર લાત મારવી તારે માટે મુશ્કેલ છે."

ધ્રૂજમાં ધ્રૂજતાં શાઊલે કહ્યું, "હું શું કરું? તમારી શી ઈચ્છા છે?" પ્રભુએ તેને કહ્યું, "ઊભો થા અને તારે શું કરવું તે તને ત્યાં જણાવવામાં આવશે."

આમ, શાઊલ તો ખ્રિસ્તી ધર્મસંઘનો કટ્ટર દુશ્મન હતો, અને જો જીવંત ખ્રિસ્તના પડકારનો સામનો તેણે ન કર્યો હોત તો કદાચ તેણે કયારે પણ પુનરુત્થાનમાં વિશ્વાસ કર્યો ન હોત. પરંતુ જ્યારે તેને ઈસુનું દર્શન થયું ત્યારે માત્ર તે પુનરુત્થાનમાં વિશ્વાસ કરતો ન થયો પરંતુ તે પુનરુત્થાનનો સર્વથી મહાન પ્રતિપાદક કે પ્રચારક બન્યો. શાઊલ પાછળથી પાઊલ નામે ઓળખાયો. જો તેને પુનરુત્થાનની ખાતરી ન થઈ હોત તો તેણે પોતાનું પદ અને સંપત્તિ તજી દઈને પોતાના વિશ્વાસના રક્ષણ ખાતર પોતાના જીવનનો ભોગ આપ્યો ન હોત. પુનરુત્થાનનું પરાક્રમ એવું મહાન છે કે તેણે ધર્મસંઘની સૌથી ભયંકર સતાવણી કરનારને તેના સૌથી સમર્થ ને પ્રખ્યાત પ્રચારકમાં ફેરવી નાખ્યો.

પાઊલે સ્પષ્ટ રીતે સાક્ષી આપી છે. "છેલ્લે, ખ્રિસ્તે મને પણ દર્શન દીધું." ઉપરાંત, પાઊલનું સમગ્ર જીવન અને સંદેશો આપણા પ્રભુના પુનરુત્થાન પર આધારિત છે. "મને મળેલી પ્રણાલિકાઓ મેં તમને સોંપી છે અને તે સૌથી મહત્ત્વની છે. ધર્મશાસ્ત્રમાં લખ્યું છે તે મુજબ ખ્રિસ્ત આપણાં પાપને માટે મરણ પામ્યા, તેમને દફનાવવામાં આવ્યા ને ત્રીજે દિવસે તેઓ સજીવન થયા." ૭

પ્રોફેસર કેનેટ આ મુદ્દા માટે આ દલીલ કરે છે. "ખાલી કબરની વાત

---

૭. ૧ કોરિંથી. ૧૫ : ૩–૪

માટે આવું કહી શકાય કે સંત પાઊલે તે સાંભળી હશે અને વધુમાં તે પર વિશ્વાસ કર્યો હશે. અને તે પણ જ્યારે કબરની સ્મૃતિ યરુશાલેમમાં લોકોના મનમાં તાજી હશે તેવા સમયે વિશ્વાસ કર્યો હશે; અને ત્યારે તો તે વાતની ચકાસણી કરવાનું અને ખરેખર કબર ખાલી હતી કે કેમ તે જાતે જોવાનું તેમને માટે શકય હતું. અને જો તે ખાલી હોય તો તે વિશે સંપૂર્ણ તપાસ કરી શકત કે કબરમાં ઈસુનું શબ હતું કે નહિ. તે કોણે અને ક્યારે શોધી કાઢયું અને તે પણ જ્યારે પુન્રુત્થાનના સિધ્ધાંતમાં માનનારાઓ શા માટે તેમાં માને છે તે સાબિત કરવા માટે તેમના વિરોધીઓની ભયંકર ઊલટતપાસનો ખ્રિસ્તીઓએ સામનો કરવો પડયો હશે અને તેમાં પણ ખ્રિસ્ત-વિરોધી સંપ્રદાયના પાઊલ જેવા માણસોનો પણ સામનો કરવો પડયો હશે. ગમાલીએલ જેવા પ્રખ્યાત ધર્મશિક્ષકના તાર્સસનો શાઊલ નામે સમર્થ વિદ્યાર્થીએ ખ્રિસ્તના પુન્રુત્થાનમાંના પોતાના વિશ્વાસને કારણે પોતાની આશાસ્પદ કારકિર્દીનો ભોગ આપ્યો, પોતાના મિત્રોને શત્રુઓ બનાવ્યા અને સન્માનભરી સરળ જિંદગીને બદલે સખત પરિશ્રમ અને શરમની જિંદગી સ્વીકારી-તો સામાન્ય બુદ્ધિ પણ એ વાત સ્વીકારવાની આપણને ફરજ પાડે છે કે પુન્રુત્થાનની જે માન્યતાને કારણે આટલુ બધું દુ:ખ વેઠયું તેની સત્યતા અંગે શંકા ઉઠાવવાનું કોઈ કારણ તેની પાસે ન હતું."

પાઊલ જેવી વ્યક્તિની સક્રિય કે બળવાન સાક્ષીને જૂઠાણા તરીકે સ્વીકારી શકાય નહિ કે તેનો હળવી રીતે રદિયો આપી શકાય નહિ. એ તો ખ્રિસ્તના પુન્રુત્થાનની નક્કર વાસ્તવિકતાનું સચોટ સમર્થન કરે છે. પાઊલનું પરિવર્તન અને ખ્રિસ્તનું પુન્રુત્થાન ખોટાં છે તેનું પુરવાર કરવાનો નિશ્ચય કરીને લોર્ડ લિટલટન અને તેમના મિત્રે એક વર્ષ પછી યુનિવર્સિટીનું શિક્ષણકાર્ય છોડી દીધું. ગંભીર અભ્યાસમાં તેમણે ઘણા મહિનાઓ ગાળ્યા અને પછી પોતાના થીસિસ (વિષયના સાધકબાધક પ્રમાણો સાથેનાં સંશોધનો) સરખાવવા માટે પાછા મળ્યા. પાઊલના પરિવર્તન કે બદલાણ અંગે લિટલટનને સંપૂર્ણ ખાતરી થઈ હતી; અને ગિલ્બર્ટ વેસ્ટ ખ્રિસ્તના પુન્રુત્થાનને નકારી કાઢવા માટે નાનો અમથો પુરાવો પણ શોધી શકયા ન હતા.

**૯. લાખો લોકો આજે પણ ખ્રિસ્તની હાજરી અનુભવે છે.**

ખ્રિસ્તની હાજરીની વાસ્તવિકતાની સાક્ષી માત્ર શરૂઆતના ધર્મસંઘો (ચર્ચ) પૂરતી મર્યાદિત ન હતી. આજે પણ લાખો તેમને ઓળખે છે અને તેમની હાજરી અનુભવે છે. તે તેમને જીવનમાં દોરે છે અને માર્ગદર્શન આપે છે. તેમની પ્રાર્થનાઓના ઉત્તરો આપે છે અને તેમની જરૂરિયાતો સંતોષે છે. જીવનના કપરામાં કપરા સમયોમાં તે તેમને સાંત્વન આપે છે. અને તેમને ખુશમિજાજમાં રાખે છે. ખ્રિસ્ત જીવે છે.

# ૬ ખ્રિસ્તનાં અનુપમ ગુણલક્ષણો

## ૧. તેમનો પ્રેમ

ડયૂક ઓફ વિન્ડસર અને ડચેસ, એન્ટોની અને કિલયોપેટ્રા, શાહજહાન અને મુમતાજ મહલ, રોમિયો અને જુલિયેટ જેવી અસંખ્ય 'અમર' પ્રેમ કથાઓ વિશે આપણે વાંચીએ છીએ અને સાંભળીએ છીએ. છતાં તેમાંની એક પણ ઈશ્વરના મનુષ્ય પ્રત્યેના પ્રેમની કંઈપણ તોલે આવી શકે તેમ નથી.

આપણે એવા યુગમાં જીવીએ છીએ જેમાં 'પ્રેમ' શબ્દની આમતેમ ફેંકાફેંકી ચાલે છે અને તેનો વારંવાર ઉપયોગ અને બહુધા ગેરઉપયોગ થાય છે. ચલચિત્રો, ગીતો અને કહેવાતી 'નવી નૈતિકતા' એ પ્રેમને લગભગ જાતીયતા (sex) ની સમકક્ષ બનાવી દીધો છે. આવા પ્રકારના પ્રેમ માટેનો ગ્રીક શબ્દ છે 'Eros' 'ઈરોઝ' જેનો સામાન્ય અર્થ થાય જાતીય પ્રેમ-વાસનાયુક્ત પ્રેમ. ખ્રિસ્તે જે પ્રેમ પ્રદર્શિત કર્યો અને જીવી બતાવ્યો તે 'આગાપે' અર્થાત્ દિવ્ય પ્રેમ, જે કીમતી, વિશુદ્ધ અને નિ:સ્વાર્થ છે.

પ્રેમ એ ખ્રિસ્તનો ટ્રેડમાર્ક કે મુખ્ય નિશાની છે. દુનિયાના દારિદ્રય ખાતર સ્વર્ગનો ત્યાગ કરવાનું પગલું પ્રેમે જ તેમની પાસે ભરાવ્યું. જે લોકોનાં જીવનો પાપમાં તરબતર હતાં તેમની વચ્ચે આવવાનું અને વસવાનું પ્રેમને કારણે જ શકય બન્યું. ગંદી નિંદા, ધમકીઓ, મહેણાં અને જૂઠાણાં વેઠવાની સહનશક્તિ પ્રેમ દ્વારા જ પ્રાપ્ત થઈ. કાલવરી સુધી ઠોકરો ખાતાં ખાતાં ક્રૂસને ઊંચકવાનું બળ પ્રેમે જ પૂરું પાડયું.

આપણા પ્રભુના જીવન અને મૃત્યુનો પાયો પ્રેમ છે, તેમનું જીવન-કાર્ય હતું પ્રેમ, તેમની મહાનમાં મહાન આજ્ઞા છે: 'પ્રેમ રાખો-ઈશ્વર પર અને સાથી માનવો પર', તેમનું રાજય સ્થપાયું છે પ્રેમ ઉપર અને તેમનું શિક્ષણ તરબોળ બન્યું છે પ્રેમ વડે.

પ્રેમ ઉપરનું પાઊલનું પ્રશંસાભાષ્ય સાંભળો : "પ્રેમ સહિષ્ણુ અને માયાળુ છે, પ્રેમ કોઈની ઈર્ષ્યા નથી કરતો, પ્રેમ કદી બડાઈ હાંકતો નથી કે

અભિમાની કે ઉદ્ધત બનતો નથી. સ્વાર્થ શોધતો નથી કે ચિડાતો નથી. કંઈ ખોટું કર્યું હોય તો પ્રેમ તેની નોંધ રાખતો નથી. કોઈનું ભૂંડું થતું હોય તો પ્રેમને તેમાં આનંદ આવતો નથી. પણ સારું થતું હોય તો તેને આનંદ આવે છે. પ્રેમ સૌને સહી લે છે. પ્રેમ સૌમાં વિશ્વાસ રાખે છે, સૌને વિશે આશા રાખે છે, કદી ધીરજ હારતો નથી." ૧

કોઈકે એવું સૂચન કર્યું છે કે, આપણે પ્રેમ શબ્દને બદલે ખ્રિસ્ત શબ્દ વાપરવો જોઈએ અને એ એક સારું સૂચન છે, કારણ ખ્રિસ્ત તો પ્રેમનું મૂળતત્ત્વ છે.

## ૨. તેમની અનંત કરુણા (દયા)

ખ્રિસ્તનું હૃદય અત્યંત કોમળ હતું. આપણે વારેવારે વાંચીએ છીએ કે જયારે જયારે બહારથી સંતોષી દેખાતાં પણ અંદરથી ખાલી એવા માણસોનાં હૃદયોમાં તેમની દષ્ટિ પડતી ત્યારે તેમને દયા આવતી અને તે તેમની જરૂરિયાતો સમજી જતા અને તે સંતોષવા પોતાથી બનતું બધું જ કરી છૂટતા. સંસારના રણમાં ભૂલાં પડેલાં ને ભટકતાં એવાં કેટલાં બધા માટે તે દયા અને કરુણાના રણદ્વીપ સમા નીવડયા હશે !

આપણા પ્રભુને રોગિષ્ઠો પર દયા આવતી, ચારે શુભસંદેશોમાં સૌથી જૂના તરીકે સામાન્ય રીતે સ્વીકારાયેલા માર્કના શુભસંદેશમાં નોંધાયું છે કે જયારે એક રક્તપિત્તિયાએ પોતાને શુદ્ધ કરવા માટે ઈસુને વિનંતી કરી ત્યારે "ઈસુનું હૈયું કરુણાથી ભરાઈ આવ્યું. અને તેમણે તેની નજીક જઈને તેને સ્પર્શ કર્યો અને કહ્યું, "તું શુદ્ધ થા." માથ્થી લખે છે કે સાજાપણું પામવા પોતાની પાસે આવેલા આંધળાઓને જોઈને "ઈસુને દયા આવી, તેમણે તેઓની આંખોને સ્પર્શ કર્યો. તરત જ તેઓ દેખતા થયા અને ઈસુની પાછળ ચાલવા લાગ્યા." ૨

દુનિયા વિશેની ખ્રિસ્તની અનંત કરુણાનાં ઊંડાણનું એક સ્પષ્ટ ચિત્ર યરુશાલેમ વિશેના તેમના વિલાપમાંથી પ્રાપ્ત થાય છે.

---

૧. ૧ કોરિંથી. ૧૩ : ૪–૭ ૨. માથ્થી ૨૦ : ૩૪

"ઓ યરુશાલેમ! ઓ યરુશાલેમ! ઈશ્વરના સંદેશવાહકોને મારી નાખનાર અને ઈશ્વરે મોકલેલાઓને પથ્થરે મારનાર! જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખ નીચે સાચવી રાખે તેમ મેં કેટલી બધી વાર મારા લોકોને બચાવવા ચાહ્યું. પણ તમે મને તેમ કરવા દીધું નહિ." ૩

"ફરી એક વાર જ્યારે તેઓ યરુશાલેમની નજીક આવ્યા ત્યારે તે શહેરને જોઈને રડી પડયા અને બોલ્યા, "શાંતિ મેળવવા માટે શાની જરૂર છે, એ તેં આજે જાણ્યું હોત તો કેવું સારું! પણ એ તો તારી આંખને સૂઝતું નથી."૪

કદાચ બાઈબલનું સૌથી હૃદયસ્પર્શી વચન આ છે! "ઈસુ રડી પડયા." ૫

### ૩. તેમનું પૌરુષ

કેટલાક લોકો સૌમ્ય, નમ્ર અને કોમળ ઈસુનું એવું ચિત્ર દોરે છે કે તે દુનિયા પર થઈ ગયેલ સૌથી મહાન પુરુષની સાચી રજૂઆત કરતું નથી. ઈસુ એ તો કોઈ દમવિનાના કે ગોળગોળ બોલનારા પ્રબોધક ન હતા કે ન હતા કોઈ નરમ કે પોતાની જાતને ભૂલી જઈને આત્મવિલોપન કરનારા શિક્ષક. એ તો મરદોમાં પણ મરદ હતા.

ઈસુના જીવનમાં ગર્વને કોઈ સ્થાન ન હતું. લોકપ્રિયતા કે ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે તેમણે કયારે પણ કશું જ કર્યું નથી. તેમણે નથી કોઈની ખુશામત કરી કે નથી કોઈની વાતમાં હાજી હા કરી, છતાં, જીવનના દરેક ક્ષેત્રમાંથી માણસો તેમની પાસે કોઈ બળવાન આકર્ષણથી ખેંચાઈ આવતાં. ભાગ્યે જ આપણામાંથી થોડાએ જે કરવાની હિંમત બતાવી હોય તે તેમણે કર્યું, એટલે કે જે લોકો સત્તા પર હતા તેમની ટૂંકી દૃષ્ટિ, દંભ અને દુષ્ટતાને તેમણે સખત શબ્દોમાં વખોડી કાઢયાં. તેમણે કદી તડજોડ કરી નથી. જે કહેવાનું હતું તે તેમણે કહ્યું અને જે કરવાનું હતું તે કર્યું. પોતાના મિત્રો અને અનુયાયીઓને ખોટું લાગવા દઈને પણ તેમણે તેમ કર્યું. બીજા માણસોની જેમ તેમની પણ કસોટીઓ થઈ, પરંતુ તે કદી સેતાનને નમ્યા નહિ કે સૌથી મજબૂતમાં મજબૂત માણસો તેમની આગળ ઝૂકી પડે છે તે

---

૩. માથ્થી ૨૩ : ૩૭ ૪. લૂક ૧૯ : ૪૧-૪૨ ૫. યોહાન ૧૧ : ૩૫

ધનની દેવી સમક્ષ ઝૂકયા નહિ. હા, તે પુરુષ હતા, ઈશ્વર આપણે જેવા થઈએ તેવું ચાહે તેવા પુરુષ હતા.

જેવી રીતે તેમણે પોતાના જીવનમાં અહંકાર કે લોભલાલસાને કદી પણ પ્રવેશવાં દીધાં નહિ, તેવી જ રીતે દુનિયાના સૌથી શૂરવીર પુરુષોને પણ ક્યાંય ઝાંખા પાડી દે તેવું શૌર્ય બતાવ્યું. જ્યારે તેમણે પૈસાખાઉ કે પૈસાને ખાતર ગમે તે કરી છૂટે તેવા માણસોને ઇશ્વરના મંદિરને પણ એક વ્યવસાય-કેન્દ્રમાં ફેરવી નાખતા જોયા ત્યારે મર્દને શોભે તે રીતે ખરીદનારાઓને અને વેચનારાઓને હાંકી કાઢયા. જ્યારે તેમણે પોતાના ભવિષ્યમાં નિહાળ્યું અને પોતે જેની અસહ્ય યાતના વેઠવાની હતી તે ક્રૂસ પ્રત્યે દષ્ટિપાત કર્યો ત્યારે પણ તેમણે આંચકો ખાધો નહિ જ્યારે ગેથસેમાનેના બાગમાં યહૂદીઓ તેમની ધરપકડ કરવા આવ્યા ત્યારે પણ તે નાસી ગયા નહિ કે છુપાઈ ગયા નહિ. કાલવરીના માર્ગે પહોંચતા સુધી જે બબ્બે સતાવણીનો તેમને સામનો કરવો પડયો તેમાં પણ તેમણે પોતાનું રાજવંશી આચરણ અને ગૌરવ ઠેઠ સુધી નિભાવ્યાં.

ક્રૂસ ઉપર એક સાચા સજ્જનને શોભે તે રીતે જ તે વર્ત્યા. આપણે ખાતર જે યાતના અને તેજોભંગ કે નામોશી તેમને વેઠવા પડયાં તેને કારણે કોઈપણ માણસે સ્વાભાવિક રીતે બીજાને શાપ આપ્યા હોત કે બકવાસ કર્યો હોત, પણ તેમણે તેમ કર્યું નહિ. તેમના ક્રૂસારોહણની જવાબદારી સંભાળનાર રોમન સૂબેદાર કે તેમને મૃત્યુ પામતા જોનાર માનવસમુદાય—આ બધાં તેમની હિંમત અને ગૌરવ નિહાળી આશ્ચર્યચકિત બની ગયાં.

**૪. તેમની પવિત્રતા**

જો કે તે પાપી માનવજાતના ઉદ્ધાર માટે આવ્યા અને પાપી લોકો મધ્યે જીવ્યા અને હર્યાફર્યા છતાં ઈસુને કદી પણ પાપનો ડાઘ લાગ્યો નથી. તેમના શબ્દો અને કાર્યોની સંપૂર્ણ સુસંગતતા અને શુદ્ધતાને કારણે તેમના પર આરોપો મૂકનારાઓએ તેમનાં મસ્તકો શરમથી ઝુકાવી દેવા પડયાં. કયારે પણ પોતાના શબ્દોને સુધારવાની કે ફેરવવાની તેમને જરૂર પડી નથી. મનવચન-

કર્મની આ શુદ્ધતાને કારણે જ તેમને આ કહેવાનો અધિકાર સાંપડયો : "જેણે મને જોયો છે તેણે પિતાને (ઈશ્વરને) જોયો છે." ૭ આ પહેલાં કે એ પછી કોઈ પણ માણસે આવો દાવો કર્યો નથી. આવું કહેવા માટે યોહાનને પવિત્ર આત્મા દ્વારા પ્રેરણા મળી તેમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. "શબ્દ (Logos) માનવ તરીકે જન્મ્યો અને આપણામાં વસ્યો. પિતાના એકનાએક પુત્રને છાજે તેવો, કૃપા તથા સત્યતાથી ભરપૂર એવો તેનો મહિમા અમે નિહાળ્યો" ૮

**૫. તેમની પ્રાર્થનાપરાયણતા**

આરંભથી તે અંત સુધી આપણા પ્રભુનું જીવન પ્રાર્થનામય હતું. કહો કે, પ્રાર્થનાથી તરબતર હતું. પ્રાર્થના તેમને માટે માત્ર ફરજરૂપ ન હતી, પરંતુ કર્તવ્ય હતી. તેમણે કહ્યું છે, "સર્વ માણસોએ સદાસર્વદા પ્રાર્થના કરવી જોઈએ," તેમણે પોતાના શિષ્યોને ચેતવણી આપતાં કહ્યું હતું, "જાગતા રહો કે તમે કસોટી કે પરીક્ષણમાં ન પડો," અને જેને આપણે પ્રભુની પ્રાર્થના (The Lords' Prayer) તરીકે ઓળખીએ છીએ તે પ્રાર્થનાનો એક સાદો છતાં સુંદર નમૂનો તેમણે આપણને આપ્યો છે. તે તો રણમાંયે પ્રાર્થના કરતા અને ઘરમાં પણ પ્રાર્થના કરતા. તે વહેલા સવારે પ્રાર્થના કરતા અને મોડી રાતે પણ પ્રાર્થના કરતા. કોઈપણ કાર્યના આરંભમાં અને ભોજન શરૂ કરતા પહેલાં તે પ્રાર્થના કરતા. તે ઘૂંટણે પડી પ્રાર્થના કરતા, ઊભા રહી પ્રાર્થના કરતા અને સાષ્ટાંગ દંડવત્ કરી પણ પ્રાર્થનામાં નમતા. તેમણે તો ક્રૂસ ઉપર પણ પ્રાર્થના કરી ! કેવું પ્રાર્થનાવાદી જીવન !

**૬. આત્માઓ માટેની તેમની તીવ્ર મનોભાવનાઓ**

ખોવાયેલું શોધવું અને તેને બચાવવું એ જ આ પૃથ્વી પરના ખ્રિસ્તના જીવનકાર્યનો મુખ્ય હેતુ હતો. સર્વ મનુષ્યો આ પૃથ્વી પર જીવવા માટે આવે છે, ઈસુ ખ્રિસ્ત મરવા માટે આવ્યા. "આ સત્યવિધાન સંપૂર્ણ રીતે સ્વીકાર્ય અને ભરોસાપાત્ર છે; ઈસુ ખ્રિસ્ત પાપીઓનો ઉદ્ધાર કરવા

---

૭. યોહાન ૧૪ : ૯ ૮. યોહાન ૧ : ૧૪

માટે આ દુનિયામાં આવ્યા હતા."૯

સમરૂનમાંની પાપી સ્ત્રીને મળવા માટે અને તેને પોતાની દુનિયામાં જીતી લેવા માટે બપોરની બાળી મૂકે તેવી ગરમીમાં તે સૈખાર તરફ ગયા હતા. આત્માઓ જીતવાની તીવ્ર આકાંક્ષાઓ સેવનાર પ્રત્યેક સેવકે તેમના અભિગમનો બરોબર અભ્યાસ કરવો જોઈએ; કારણ, ખોટા અભિગમોથી ઘણા ખ્રિસ્તીઓ લોકોને દૂર હાંકી મૂકે છે.

ઈસુ કેવી રીતે પરિસ્થિતિનો ઉપયોગ કરે છે, તે એકાદ ક્ષણ માટે આપણે નિહાળીએ :

(ક) જે વિષય (પાણી)માં તે બાઈને રસ પડે છે તેનાથી તે વાતનો આરંભ કરે છે.

(ખ) તે તેને પાણી પીવડાવવાની વિનંતી કરે છે. કોઈ મહેરબાનીની માગણી કરવી તે હંમેશાં સરળ હોતું નથી. આનાથી તે સ્ત્રીનું ધ્યાન એકદમ આકર્ષાય છે.

(ગ) એક આત્મિક મુદ્દો સમજાવવા માટે તે પાણાનો ઉપયોગ કરે છે.

(ઘ) તે બાઈ એ વિષયને ટાળે છે, પરંતુ કશી દલીલ કર્યા વિના તે મૃદુતાથી તેને એ જ વિષય પર લઈ આવે છે. જેના વિશે વાત બદલવાનો તે બાઈએ પ્રયત્ન કર્યો તે યહૂદી કુલપિતા એક બદમાશ, ગઠિયો અને કાવાદાવાથી બીજાનું પચાવી પાડનાર હતો એવું તેને કહીને ઈસુએ તે બાઈમાં તેને દુશ્મનાવટ પેદા કરી હોત, પરંતુ એવું કશું ઈસુએ કર્યું નહિ.

(ચ) તે લાગણી દુભાય તેવી વાત છેડે છે. જ્યારે ઈસુ જેની વાત કરી રહ્યા છે તે આત્મિક પાણી પોતાને આપવાની બાઈ ઈસુને વિનંતી કરે છે ત્યારે ઈસુ તેને તે પાછી ફરે ત્યારે તેના પતિને સાથે લઈ આવવાનું જણાવે છે. અને સ્ત્રી કહે છે કે "મારે કોઈ પતિ નથી," ત્યારે ઈસુ તેનો ભૂતકાળ ઉખેળે છે–તેણે પાંચ વાર લગ્ન કર્યાં હતાં અને હાલમાં બીજા પુરુષ સાથે પાપમાં જીવે છે તે હકીકત તેને જણાવે છે.

જીવનના પાણીની ભેટ તે સ્વીકારી શકે એ પહેલાં તેણે પોતાનાં પાપ

૯. તીમોથી ૧ : ૧૫

કબૂલ કરવાં જોઈએ અને ત્યજી દેવાં જોઈએ એ વિશે ઈસુ કશી બાંધછોડ કરતા નથી. છતાં કેવી મૃદુતાથી અને કુનેહથી તે વર્તે છે! તેમના અવાજમાં કશો ટીકાત્મક સૂર નથી. પોતે વધુ નીતિમાન છે તેવો ભાવ નથી, કશો ઉપહાસ નથી કે કશો દોષારોપણનો ભાર નથી. જાણે કે ઈસુ તેના આત્મા પર વાઢકાપનું ઑપરેશન એવી મૃદુતાથી કરે છે કે તે ભયથી બેબાકળી કે ગાંડી બની જતી નથી

આપણો પ્રભુ આત્માઓ જીતવા સદા તત્પર રહે છે. યહૂદીઓથી ધિક્કારાતા કર ઉઘરાવનારાઓની જમાતના માથ્થી નામના એક માણસને તે જુએ છે અને તેને બોલાવે છે. ગુલમહોરના વૃક્ષ નીચે ઊભા રહી તે કેવળ પૈસા માટે જ કામ કરતા જાખીને પોતાના રાજ્યમાં આવવાનું આમંત્રણ આપે છે ગાલીલના સમુદ્ર કિનારે તે પીતરને, યાકૂબ અને યોહાન સાથે જુએ છે અને તેમને પોતાના (દિલોજાન) ઘનિષ્ઠ મિત્ર બનાવે છે દરેક સમયે, દરેક સ્થળે ખોવાયેલા આત્માઓ જીતવાની તેમની ઉત્કટ ઇચ્છા તેમના પ્રત્યેક વિચાર અને કાર્યને પ્રેરે છે. વિદાય વેળાએ તે શિષ્યોને આજ્ઞા આપે છે, "આખી દુનિયામાં જાઓ અને આખી સૃષ્ટિને શુભસંદેશ પ્રગટ કરો."

ક્રૂસ ઉપર જ્યારે તેમના શરીરનો એકેએક જ્ઞાનતંતુ યાતનામાં તરફડતો હતો ત્યારે પણ ઈશ્વરને માટે એક મૃત્યુ પામતા ચોરને જીતી લેવા પોતાના ખૂનીઓને માટે માફીની માગણી કરવા તેમને સમય મળે છે.

**૭. તેમની નમ્રતા**

પ્રેષિત પાઊલ આ શબ્દોમાં ઈસુની અનંત નમ્રતાનો સાર આપે છે "પોતે ઈશ્વર સ્વરૂપ હોવા છતાં ઈશ્વર સાથેની તેમની સમાનતાને તેઓ વળગી રહ્યા નહિ. એને બદલે તેમણે સ્વેચ્છાપૂર્વક પોતાને ખાલી કર્યા અને દાસનું રૂપ ધારણ કર્યું. તે માણસ તરીકે જન્મ્યા અને માનવી સ્વરૂપે પ્રગટ થયા. પોતે નમ્ર થઈને મરણ સુધી, હા, ક્રૂસ પરના તેમના મરણ સુધી આધીનતાને માર્ગે ચાલ્યા."[૧૦]

---

૧૦. ફિલિપી ૨:૬-૮

કેવો ચમત્કાર–ઈશ્વર માનવ બન્યા! મહાનતાએ પ્રાપ્ત કરેલ કેવી લઘુતા! ગભાણથી તે ક્રૂસ સુધી તેમના દરેક પગલામાં તાજરૂપે નમ્રતા જ દેખાય છે. તે ગરીબો અને બીમારો વચ્ચે જીવ્યા. ખરાબ નામના પ્રાપ્ત કરનાર લોકો સાથે તે ભળતા. તેમણે ક્યારે પણ પોતાની દિવ્યતાને ગુરુતા-ગ્રંથિમાં (પોતે ઊંચા છે તેવી લાગણી) પ્રગટ થવા દીધી નહિ.

**૮. તેમની ઉદારતા**

પ્રભુ ઈસુને તુચ્છ વસ્તુઓ માટે સમય જ ન હતો. તે વિશાળ હૃદયના અને ભલા હતા. જ્યારે તેમના શિષ્યોએ તેમને કહ્યું "અમે કેટલાક લોકોને તમારે નામે ભૂતો ન કાઢવાની આજ્ઞા આપી છે." ત્યારે ઈસુએ કહ્યું, "તેમને અટકાવશો નહિ, જે આપણી વિરુદ્ધ નથી તે આપણી સાથે છે." યહૂદા ઈસ્કારિયોત એક લોભી, અન્યનું ઝૂંટવી લેનાર અને વિશ્વાસઘાતી માણસ હતો, છતાં ઈસુ તેના ઉપર બીજાઓ જેટલો જ પ્રેમ રાખતા. જ્યારે યહૂદાએ તેમના કપાળ ઉપર વિશ્વાસઘાતી ચુંબન કર્યું ત્યારે પણ ઈસુ તેને "મિત્ર" કહે છે. જો તેણે સાચો પશ્ચાત્તાપ કર્યો હોત તો જરૂર ઈસુએ તેને આનંદપૂર્વક સ્વીકાર્યો હોત.

તેમણે ઉતાવળિયા સ્વભાવ માટે પીતરને અથવા તેમની મહત્ત્વાકાંક્ષા માટે યાકૂબ અને યોહાનને અથવા ખરડાયેલા ભૂતકાળ માટે મરિયમ માગ્દા-લેણને દોષિત ઠરાવ્યા નથી. ફરોશીઓ અને શાસ્ત્રીઓ સાથેનાં તેમનાં વાગ્યુદ્ધોમાં જ્યારે ટીકાની જરૂર હતી ત્યારે જ ટીકા કરી છે.

# ૭ | ખ્રિસ્ત વિશેની સાક્ષીઓ

## ૧. બાઈબલની સાક્ષી

પૂર્વગ્રહથી મુક્ત એવા બાઈબલના કોઈપણ અભ્યાસીને એ હકીકતનો સ્વીકાર જ કરવો પડે કે ઈસુ ખ્રિસ્ત એ બાઈબલનો મુખ્ય વિષય છે. પહેલાથી તે છેલ્લા પૃષ્ઠ સુધી કાં તો તે ચર્ચાનો મુખ્ય વિષય છે અથવા તો ભક્તિપૂજા અને સ્તુતિનું કેન્દ્ર છે. સીધી રીતે અથવા સાંકેતિક કે પ્રતીકાત્મક રૂપે બાઈબલનું પ્રત્યેક પુસ્તક ખ્રિસ્ત તરફ આંગળી ચીંધે છે.

ઉત્પત્તિના પુસ્તકમાં તે ઉત્પન્નકર્તા છે. નિર્ગમનના ગ્રંથમાં તે મુક્તિદાતા છે, લેવીના પુસ્તકમાં તે પવિત્ર મુખ્ય યાજક છે. ન્યાયાધીશોના ગ્રંથોમાં તે નિષ્પક્ષ ન્યાયાધીશ છે, પ્રગટીકરણમાં તે રાજાઓના રાજા છે.

ભાવિસૂચક ગ્રંથોમાં તેમના ચમત્કારિક જન્મ, પવિત્ર જીવન, અપમાનજનક મૃત્યુ, મહિમાવાન પુનરુત્થાન અને વિજયવંત પુનરાગમનની વાતો આશ્ચર્ય પમાડે તેવી ચોકસાઈપૂર્વક અગાઉથી કહેવામાં આવી છે. નવા કરારનું પ્રત્યેક પૃષ્ઠ તેમના નામથી ધબકે છે. ખ્રિસ્ત વિનાનું બાઈબલ અર્થહીન શબ્દોનો ગરબડગોટાળો બની જાય તેમ છે. સાફસાફ શબ્દોમાં બાઈબલ કહે છે કે ખ્રિસ્ત ઈશ્વરપુત્ર છે અને માનવપુત્ર છે. વિશ્વના મુક્તિદાતા છે અને આવનાર રાજાધિરાજ છે.

## ૨. ઈશ્વરની સાક્ષી

ત્રણ જુદા જુદા પ્રસંગોએ ઈસુના શિષ્યોએ આકાશમાંથી ઈશ્વરને એમ કહેતા સાંભળ્યા: "આ મારો વહાલો પુત્ર છે, એના ઉપર હું પ્રસન્ન છું."

## ૩. ખ્રિસ્તનાં કાર્યોની સાક્ષી

જ્યારે અવિશ્વાસુ યહૂદીઓ ઈસુ પાસે આવ્યા અને તે કોણ છે એ વિશે કાયમ માટે સ્પષ્ટતા કરવાનું તેમને કહ્યું ત્યારે ઈસુએ આપેલો જવાબ મુદ્દાસરનો અને સંક્ષિપ્ત હતો. "હું કોણ છું તે વિશે મેં તમને કહ્યું હતું છતાં તમે મારા પર વિશ્વાસ કર્યો નહિ. મારા પિતાના નામે હું જે કંઈ કરું

છું તે હું કોણ છું તેની સાક્ષી પૂરે છે."

ખ્રિસ્તે કરેલ ચમત્કારો અને ભાવિસૂચક ચિહ્નો તેમના ઈશ્વરત્વ વિશે પૂરતી સાક્ષી આપે છે. કારણ, ઈશ્વરપુત્ર વિના બીજા કોઈથી પણ ઈસુએ કર્યાં તેવાં મહાન કાર્યો થઈ શકે નહિ.

**૪. નજરે જોનારની સાક્ષી**

ઈસુના બાર શિષ્યોએ અને તેમના મિત્રોએ ઈસુએ કરેલ અદ્દભુત અને ચામત્કારિક કાર્યો સગી આંખે નિહાળ્યાં હતાં, લોકોનાં જીવનો પર એ કાર્યોની પડેલી અસરો જોઈ હતી, તેમણે ઈસુને પાણી પર ચાલતા અને દરિયાઈ તોફાનને શાંત પાડતા નિહાળ્યા હતા; અને પોતાના મિત્ર લાઝરસને કબરમાંથી સજીવન કરતા ઈસુને અચંબાભરી દષ્ટિથી જોયા હતા. આ ચમત્કારો તેમણે નજરોનજર નિહાળ્યા હતા તેથી જ ઈસુ પરનો વિશ્વાસ સમયની આકરી કસોટીમાં ટકી રહ્યા. તેથી જ પીતરે કહ્યું હતુ. "અમે ઉપજાવી કાઢેલી બનાવટી કથાઓ પર આધાર રાખ્યો નથી. અમારી પોતાની આંખે જ અમે તેમનો મહિમા નિહાળ્યો હતો."

હિબ્રૂઓને લખાયેલા પત્રનો અનામી લેખક કહે છે, "પ્રાચીન કાળમાં ઈશ્વર આપણા પૂર્વજો સાથે પોતાના સંદેશવાહકો દ્વારા ઘણી વાર અને જુદી જુદી રીતે બોલ્યા હતા. પણ આ અંતિમ કાળમાં તે આપણી સાથે પોતાના પુત્ર દ્વારા બોલ્યા છે. તેમના દ્વારા ઈશ્વરે આ સૃષ્ટિનું સર્જન કર્યું અને છેવટે તેમને સર્વ વસ્તુઓના વારસદાર તરીકે નીમ્યા છે. તે તો ઈશ્વરના ગૌરવનો પ્રકાશ છે. તે ઈશ્વરના સત્ત્વની આબેહૂબ પ્રતિમા છે. અને પોતાના સામર્થ્યવાન શબ્દ દ્વારા આખા વિશ્વને ધરી રાખે છે. તેમણે માણસોને પાપથી મુક્ત કર્યા પછી તે સ્વર્ગમાં ઈશ્વરની જમણી તરફ બિરાજેલા છે."[૧]

"ઈશ્વરનું ઈશ્વરત્વ ખ્રિસ્તમાં સંપૂર્ણપણે રહે છે."[૨]

"આપણા ધર્મનું રહસ્ય મહાન છે તે વિશે શંકા નથી. તે (ઈસુ) માનવી સ્વરૂપમાં આવ્યા હતા, પવિત્ર આત્માએ તેમને સાચા ઠરાવ્યા હતા,

---

૧. હિબ્રૂઓને પત્ર ૧ : ૧–૩ ૨. કોલોસી ૨ : ૯

અને દૂતોએ તેમનાં દર્શન કર્યાં હતાં. રાષ્ટ્રો મધ્યે તેમની વાત જાહેર કરવામાં આવી હતી. દુનિયાભરમાં તેમના પર વિશ્વાસ મૂકવામાં આવ્યો હતો અને મહિમાપૂર્વક તેમને સ્વર્ગમાં લઈ લેવામા આવ્યા હતા."[3]

"તેમના દ્વારા જ ઈશ્વરે બધાંનું સર્જન કર્યું અને તે સર્જનમાંની કોઈપણ વસ્તુ તેમના સિવાય બનાવવામાં આવી ન હતી. શબ્દ દુનિયામાં હતો. ઈશ્વરે તેના દ્વારા જ આ દુનિયા બનાવી, પણ દુનિયાએ તેને ઓળખ્યો નહિ, તે પોતાના લોકોની પાસે આવ્યો, પરંતુ તેમણે તેનો સ્વીકાર કર્યો નહિ. છતાં કેટલાકે તેનો સ્વીકાર કર્યો અને તેના પર વિશ્વાસ મૂક્યો, તેથી તેણે તેમને ઈશ્વરનાં બાળકો થવાનો અધિકાર આપ્યો."[4]

માર્કે ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા.[5]

યોહાને ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા[6]

નાથાનાએલે ઈસુને "ઈશ્વરપુત્ર કહ્યા."[7]

પીતરે ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા.[8]

માર્થાએ ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા.[9]

શિષ્યોએ ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા.

ગાબ્રીએલ દૂતે ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા.[10]

પાઉલે ઈસુને "ઈશ્વરપુત્ર" કહ્યા.[11]

યહૂદા ઈસ્કારિયોત : આપઘાત કર્યો તે પહેલાં યહૂદાએ કહ્યું, "એક નિર્દોષને દગાથી મોતને સ્વાધીન કરીને મેં પાપ કર્યું છે."[12]

પિલાતની પત્ની : જ્યારે પિલાત ન્યાયાસન પર બેઠો હતો ત્યારે તેની પત્નીએ સંદેશો મોકલ્યો, "તે નિર્દોષને તું કંઈ સજા કરીશ નહિ, કારણ

---

૩. ૧ તીમોથી ૩ : ૧૬
૪. યોહાન ૧ : ૩, ૧૦-૧૨
૫. માર્ક ૧ : ૧
૬. યોહાન ૩ : ૧૬; ૨૦ : ૩૧
૭. યોહાન ૧ : ૪૯
૮. માથ્થી ૧૬ : ૧૬
૯. યોહાન ૧૧ : ૨૭
૧૦. લૂક ૧ : ૩૨, ૩૫
૧૧. ગલાતી ૨ : ૨૦
૧૨. માથ્થી ૨૭ : ૪

ગઈ રાત્રે સ્વપ્નમાં તેના લીધે મને ઘણું દુઃખ થયું છે."૧૩

**પોંતિયૂસ પિલાત :** પછી પિલાતે મુખ્ય યાજ્ઞિકો અને ટોળાંને કહ્યું, "મને આ માણસમાં કંઈ દોષ દેખાતો નથી." ૧૪

**સૂબેદાર :** ત્યારે ક્રૂસની પાસે ઊભેલા લશ્કરી ટુકડીના અમલદારે ઈસુ કેવી બૂમ પાડીને મરણ પામ્યા હતા તે જોઈને કહ્યું, "ખરેખર તે ઈશ્વરપુત્ર હતા!" ૧૫

**૫. દૂતોની સાક્ષી**

ઈસુના જન્મથી માંડીને તેમના મૃત્યુ અને સ્વર્ગારોહણ સુધી દૂતોએ વારવાર આવીને ઘણા લોકોને જણાવ્યું, "કે તે ઈશ્વરપુત્ર છે."

ઈસુની મા મરિયમને દૂતે કહ્યું હતું, "તું ગર્ભવતી થશે અને પુત્રને જન્મ આપશે અને તું તેનુ નામ ઈસુ પાડશે. તે મહાન થશે અને સર્વોચ્ચ ઈશ્વરનો પુત્ર કહેવાશે, તેના પૂર્વજ દાઊદની માફક પ્રભુ તેને રાજા બનાવશે અને તે યાકૂબના વંશજોનો સાર્વકાલિક રાજા બનશે, તેના રાજ્યનો કદી પણ અંત આવશે નહિ!"

ઘેટાંપાળકોને દૂતોએ કહ્યું, "આજે દાઊદના નગરમાં તમારા ઉદ્ધારક ખ્રિસ્ત પ્રભુનો જન્મ થયો છે. જ્યારે ઈસુને સ્વર્ગમાં ઊંચકી લેવામાં આવ્યા ત્યારે ૫૦૦ ઉપરાંત શિષ્યો તેમને ઉપર જતા જોઈ રહ્યા હતા. તે સમયે બે દૂતોએ આવીને તેમને કહ્યું, "ઓ ગાલીલવાસીઓ તમે ત્યાં ઊભા ઊભા આકાશ તરફ શા માટે તાકી રહ્યા છો? એ જ ઈસુને જે રીતે આકાશમાં લઈ લેવામાં આવ્યા તે જ રીતે પાછા આવતા તમે જોશો."૧૬

**૬. બાપ્તિસ્મા આપનાર યોહાનની સાક્ષી**

ઝખાર્યાહ અને એલિસાબેતનો આગ ઓકતો ઉપદેશક પુત્ર યોહાન પ્રામાણિક અને ભકિતભાવવાળો માણસ હતો. તે વિચિત્ર પહેરવેશ પહેરતો અને એક વિશિષ્ટ પ્રકારનું જીવન ગાળતો, જેને પરિણામે તેનો બોધ સાંભળવા ટોળેટોળાં ઊમટતા. કેટલાક યહૂદીઓ ધારતા કે તે મસીહ છે. જ્યારે તેણે આ

---

૧૩. માથ્થી ૨૭ : ૧૯ ૧૪. લૂક ૨૩ : ૪

૧૫. માર્ક ૧૫ : ૩૯ ૧૬. પ્રેરિતોનાં કૃત્યો ૧ : ૧૧

સાંભળ્યું ત્યારે તેણે કહ્યું, "મારા પછી આવનાર પવિત્ર આત્માથી અને અગ્નિથી તમને બાપ્તિસ્મા આપશે. મારા કરતાં તો તે ઘણા મહાન છે. હું તો ઘણો ઊતરતો છું. તે વધતા જાય અન હું ઘટતો જાઉં તે જરૂરી છે. હું તો તેમના ચંપલ ઊંચકવા માટે પણ યોગ્ય નથી."

બીજા એક પ્રસંગે યોહાને કહ્યું, "જુઓ, ઈશ્વરનું હલવાન, જે જગતનાં પાપ લઈ લેનાર છે."

### ૭. દુષ્ટ આત્માઓની સાક્ષી

જ્યારે જ્યારે ઈસુ ભૂત વળગેલાં માણસોમાંથી ભૂતોને હાંકી કાઢતા ત્યારે ત્યારે મોટેથી બૂમો પાડીને ભૂતો ઈસુને ઈશ્વરપુત્ર તરીકે સંબોધતાં અને પોતાની સાથે નરમાશથી વર્તવા તેમને વીનવતા.

### ૮. ઈતિહાસની સાક્ષી

ઈસુની ઐતિહાસિકતા માત્ર બાઈબલ દ્વારા જ પુરવાર થતી નથી પરંતુ ધર્મનિરપેક્ષ ઈતિહાસ દ્વારા પણ પુરવાર થાય છે. ઈતિહાસકારોએ એ હકીકતની નોંધ લીધી છે કે ઈસુ એક વ્યક્તિ હતા, તેમણે પવિત્ર જીવન ગાળ્યું, ઘણા ચમત્કારો કર્યા, તેમને ક્રૂસે જડી દેવામાં આવ્યા અને જે કબરમાં તેમનું શબ મુકાયું હતું તે (તેમના દટાયાના) ત્રણ દિવસ પછી ખાલી હતી.

એન્સાઈકલોપીડિયા બ્રિટાનિકાની છેલ્લામાં છેલ્લી આવૃત્તિમાં ઈસુ વિશે ૨૦,૦૦૦ શબ્દો લખવામાં આવ્યા છે, નેપોલિયન બોર્નાપાટ, મહાન એલેકઝાંડર, અને જુલિયમ સીઝર જેવી પ્રખ્યાત વ્યક્તિઓ માટે જેટલા શબ્દો લખાયા છે તેના કરતાં ઈસુ વિશે લખાયેલા શબ્દોની સંખ્યા વધારે છે.

મુસ્લિમોના પવિત્ર ધર્મગ્રંથ કુરાનમાં ઈસુને ઈશ્વર દ્વારા મોકલાયેલા એક પ્રબોધક ( નબી ) તરીકે ઓળખાવવામાં આવ્યા છે અને લખાયું છે કે તે દુનિયાનો ન્યાય કરવા પાછા આવશે.

જોસેફસ નામે પ્રથમ સૈકામાં થઈ ગયેલા ઈતિહાસલેખક કહે છે : "જો તેમને માણસ તરીકે ઓળખાવી શકાય તો હવે આ સમયે ઈસુ નામે એક માણસ થઈ ગયા, કારણ તે ઘણા ચમત્કારી પુરુષ હતા અને જેમના દ્વારા ઉચ્ચારાતું સત્ય લોકો આનંદથી સ્વીકારે તેવા તે શિક્ષક હતા. તેમણે ઘણા યહૂદીઓને

અને ગ્રીક પ્રજામાંથી પણ ઘણા માણસોને પોતાને પક્ષે જીતી લીધા. તે ખ્રિસ્ત હતા. અને જ્યારે આપણામાંના મુખ્ય માણસોએ મૂકેલ તહોમતનામાને આધારે પિતાને તેમને ક્રૂસે જડવાની શિક્ષા ફરમાવી ત્યારે પણ તેમના પર પ્રેમ રાખનારા પ્રેમ રાખતા અટકયા નહિ, કારણ, ત્રીજે દિવસે તે તેમને જીવતા દેખાયા. દિવ્ય પ્રેરણા મેળવનારા નબીઓએ તેમને વિશે ભવિષ્યવાણીઓ ભાખી હતી અને તેમના વિશેની હજારો અદ્‌ભુત વાતો અગાઉથી જણાવી હતી અને આજે પણ, તેમને નામે પાછળથી ઓળખાયેલા ખ્રિસ્તીઓ, નામશેષ (નિર્મૂળ) થયા નથી. "૧૭

## ૯. બિનખ્રિસ્તીઓ અને ટીકાકારોની સાક્ષી

દુનિયાના મોટા ભાગના સૌથી મહાન નેતાઓએ એક મહાન નૈતિક, શિક્ષક તરીકે ઈસુને બિરદાવ્યા છે. મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર અને બીજાઓ આપણા પ્રભુના ઉત્સાહી પ્રશંસકો હતા અને પોતાનાં લખાણોમાં, ફિલસૂફીઓમાં અને જીવનોમાં તેમના શિક્ષણનો અમલ કર્યો હતો.

"ચારે શુભસંદેશો એક ચોક્કસ વ્યકિતત્વનું ચિત્ર આપણને આપે છે." એચ. જી. વેલ્સ લખે છે. "તેઓ વાસ્તવિકતાની પાકી ખાતરી આપે છે. ખ્રિસ્ત કદી જીવ્યા જ ન હતા, તેમના જીવનનું વૃત્તાંત કાલ્પનિક છે. તેવું માની લેવું તે વધુ મુશ્કેલ છે, અને તે વધુ પ્રશ્નો ઊભા કરે છે, અને તેને બદલે શુભસંદેશના મૂળભૂત તત્ત્વોને હકીકતો તરીકે સ્વીકારી લેવાં તે ઈતિહાસકાર માટે વધુ સરળ છે."

બાઈબલના ટીકાકાર તરીકે પોતાને ઓળખાવતા અર્નેસ્ટ રેનાન નામના અજ્ઞેયવાદીને આવું સ્વીકારવાની ફરજ પડી છે: "ધાર્મિક માન્યતાઓમાં ગમે તે (રૂપાંતર) પરિવર્તન આવે. ગિરિપ્રવચનથી કશું પણ કયારેય ચડિયાતું મળશે નહિ. ધર્મની અદ્‌ભુત એવી બૌદ્ધિક અને નૈતિક વિચારધારા સાથે સંબંધ બાંધતા કોઈ પણ ક્રાંતિ આપણને અટકાવી શકશે નહિ અને એ ધાર્મિક વિચારધારાના શિરમોર સમું ખ્રિસ્તનું નામ પ્રકાશે છે.

---

૧૭. જૂનો જમાનો "Antiquities" ૧૮, ૩ : ૩

ઈસુથી આગળ જઈ શકાશે નહિ. તેમની આરાધનામાંથી તેમના યુવાન વર્ગને સતત નવીનીકરણ મળતું રહેશે, તેમની જીવનની કથા વાંચતા આંસુના ઝરણાં સતત વહેશે, તેમની યાતનાથી સર્વશ્રેષ્ઠ હૃદયો પણ પીગળી જશે. બધા જ યુગો જાહેર કરશે કે મનુષ્યોના પુત્રોમાં ઈસુ કરતાં કોઈ વધુ મહાન જન્મ્યો નથી."૧૮

બાઈબલના મૂળભૂત સિદ્ધાંતોની જે હાંસી ઉડાવતા હતા. તેવા ટીકાકાર પોતાનું સંશોધનકાર્ય પૂરું કર્યા પછી ઈસુની આવી પ્રશંસા કરે માટે પ્રશંસાનાં આવાં ફૂલ વેરે તે અદ્ભુત નથી શું ?

**૧૦. કરોડો ખ્રિસ્તીઓની સાક્ષી**

ઈસુ આવ્યા તે પછીનાં સૈકાંઓમાં લાખો લોકોએ ઈસુને પોતાના પ્રભુ તરીકે સ્વીકાર્યા છે, અને તેમને અખંડ વફાદારીનાં અપર્ણ ચડાવ્યાં છે. તેમને માટે, ઈસુ એ ભૂતકાળની કોઈ ઐતિહાસિક વ્યક્તિ નથી કે નથી કોઈ માણસની કલ્પનાની નીપજ; પરંતુ એ તો એક જીવંત અને પ્રેમાળ મુક્તિદાતા છે, જે તેમની સાથેસાથે ચાલે છે અને જીવનનો સામનો કરવાની શક્તિ આપે છે.

કેટલાક ટીકાકારો એમ કહે છે કે ખ્રિસ્તમાં માનનારા લોકો તો માનવજાતિના થોડાક સૂચનીય અને સાદા સમૂહો છે, જે ગમે તે માની લે તેવા અતિભોળા હોય છે. ઈતિહાસે આ ટીકાકારોને ખોટા સાબિત કર્યા છે. જે સ્ત્રીઓ અને પુરુષોએ ખ્રિસ્તને પોતાનાં જીવનો માટે સંપૂર્ણ રીતે પૂરતા કે પર્યાપ્ત અનુભવ્યા છે તેમની યાદી તપાસતાં માલૂમ પડે છે કે તેમાં તો વિશ્વના સૌથી બુદ્ધિશાળી અને રાજકીય-સામાજિક રીતે જાગૃત વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

**શેઈક્સપિયર** : "ઈસુ ખ્રિસ્ત મારા મુક્તિદાતા છે."

**મિલ્ટન** : "ઈશ્વરના દુનિયામાં જન્મેલા પુત્ર, દિવ્ય સાદશ્ય."

**ઇગ્નેશિયસ** : "આ દુનિયા પર રાજ કરવા કરતાં ખ્રિસ્ત માટે મરવાનું પસંદ કરીશ."

**ડેનિયલ વેબસ્ટર** : "ઈસુ ખ્રિસ્ત ઈશ્વરપુત્ર છે તેવું હું માનું છું."

---

૧૮. 'ઈતિહાસના ત્રણ સૌથી મહાન પુરુષો'

**આર્ચીબોલ્ડ એલેકઝાંડર :** "મારી બધી ધર્મવિદ્યા આ સાંકડા પરિઘમાં સમાઈ જાય છે. પાપીઓને બચાવવા માટે ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યા "

**થોમસ બી. મેકોલે :** "મનુષ્યમાં દેહધારી બનેલું દેવત્વ."

**ડબલ્યુ. ઈ. ગ્લેડસ્ટન :** "હું જેને માટે જીવું છું તે બધું ખ્રિસ્તના દેવત્ર પર આધારિત છે."

**ફિલિપ્સ બ્રૂક્સ :** "ઈસુ ખ્રિસ્ત – માનવતાનું સર્વોચ્ચ શિખર અને ઈશ્વરત્વનું સંક્ષિપ્ત રૂપ."

**એલેકઝાંડર વીટલ :** "જેટલું લાંબું હું જીવું છું તે બધો સમય મારા ઉદ્ધારનારના ઈશ્વરત્વમાં મારો વિશ્વાસ દૃઢ થતો જાય છે. ઈશ્વરપુત્ર કરતાં કશું યે ઊતરતું મારા રોગની સારવાર કરી શકે જ નહિ. જે વધારેમાં વધારે બચાવ કરી શકે તેવા કોઈક મારી મદદમાં હોવા જોઈએ."

**સર એમ્બ્રોસ ફ્લેમિંગ :** "તમારી ફુરસદના સમયે ચારે શુભ સંદેશોમાં નોંધાયેલ પ્રસંગો (પુનરુત્થાન અને બીજા ચમત્કારો)નો અભ્યાસ કરો અને જુઓ કે ચોક્કસપણે પુરવાર કરી શકાય તેવી હકીકતોમાં એવું કશું જ નથી કે વિજ્ઞાનના સિદ્ધાંતોમાં એવું કશું નથી જે આ ચમત્કારોમાં વિશ્વાસ ન મૂકવા આપણને સમજાવી શકે."

જો વિદ્વાન કાયદાશાસ્ત્રીઓ જેને ખુલ્લું મન કહે છે તેનાથી આ અભ્યાસ કરવામાં આવે તો ખાતરી થશે કે ખ્રિસ્તી ધર્મસંઘ (ચર્ચ) કોઈ કવિકલ્પના કે કપોળકલ્પિત વાત પર રચાયેલો નથી કે ભ્રામક (છેતરનારી) બાબતો અથવા સંત પીતર કહે છે તેવી 'ચાલાકીપૂર્વક ગોઠવાયેલી કાલ્પનિક કથાઓ' પર તેનો ઉછેર થયો નથી; પરંતુ ઈતિહાસમાં બનેલી વાસ્તવિક હકીકતો પર તેનો પાયો રચાયો છે. એ હકીકતો ભલે થોડીક વિચિત્ર લાગે પરંતુ દુનિયાના ઈતિહાસમાં બનેલી એ મહાનમાં મહાન ઘટનાઓ છે."

**એ. જી. બાલ્ફર :** "ખ્રિસ્ત એક વિરલ યહૂદી છે, માણસો તેમનું સાચું મૂલ્ય ભાગ્યે જ સમજી શકે કોઈ માનવી મન તેમની ભવ્યતાને સંપૂર્ણ રીતે પિછાણી શકે, તેનું આંકલન કરી શકે તેમ નથી."

**જે. પૉલ શીચર :** "સમર્થોમાં સૌથી પવિત્ર અને પવિત્રોમાં સૌથી સમર્થ એવા ઈસુ, ખીલાથી વિંધાયેલા હાથો વડે સંસ્કૃતિના પ્રવાહને તેના જૂના માર્ગમાંથી બીજે નવે માર્ગે લઈ જાય છે. અને હજુ પણ યુગો પર શાસન કરે છે."

**બિશપ ગોરે :** "પોતે ઈશ્વર છે તેવું જાહેર કરીને ખ્રિસ્તે તેમની (યહૂદીઓની) વિવેકબુદ્ધિને ચમકાવી દીધી અને તેને આઘાત આપ્યો એ તો ખ્રિસ્તની કાર્ય પદ્ધતિનો એક ભાગ જ છે, પરંતુ તેમનામાં એવું પણ કંઈક હતું જ, જે તે ખ્રિસ્ત છે તે સિવાયનું તેમનું અન્ય મૂલ્યાંકન કરાવી જ શકે."

**બિશપ જે. ડબલ્યુ. સી. વૅન્ડ :** "એવી દલીલ થઈ શકે કે ખ્રિસ્તની ઐતિહાસિક સત્યતાનો શ્રેષ્ઠ પુરાવો સાહિત્યમાં નહિ પરંતુ ખ્રિસ્તી ધર્મ-સંઘની વૃદ્ધિમાં મળી શકે. ખ્રિસ્તી ધર્મસમાજના ઝડપી ઉદય અને વિકાસ પાછળ તેના સ્થાપકના હકીકતો દ્વારા પ્રમાણિત કરી શકાય તેવા અસ્તિત્વ સિવાય અન્ય કોઈ વિશ્વાસપાત્ર કારણ આપવું અત્યંત મુશ્કેલ છે.

ગૂઢ કે રહસ્યમય ધર્મસંપ્રદાયોની જેમ ખ્રિસ્તી ધર્મ કોઈ પ્રાચીન દેવો તરફ જોતો નથી. તેમના સ્થાપક તો વર્તમાન સમયના છે. ઈસુની હકીકત અને તેમના ધર્મસંઘની હકીકત સાથે જ જાય છે. બંનેમાં ખૂબ મોટું સાદશ્ય (સમાનતા) છે, તે વાસ્તવિક હકીકતોને રજૂ કરવાનું સૂચવી જાય છે, પ્રારંભથી જ તે ખોટું છે એમ કહેવા સામે પડકાર આપે છે; અને તેના કથાવસ્તુના મૂળભૂત તત્ત્વોને લાગેવળગે છે ત્યાં સુધી તેના ઘણી બધી વિગતો તો આપણા સમયમાં જ મળી આવી છે. કોઈ તરંગી કે વિચિત્ર માણસને બાદ કરીએ તો આપણે બધાએ એ જ નિષ્કર્ષ કે આખરી અનુમાન ઉપર આવવું પડે કે નાઝારેથના ઈસુ એક ઐતિહાસિક વ્યક્તિ હતા."

**પ્રા. સી. એચ. ડોડ :** સંત પીતરના પ્રખ્યાત પ્રવચનનું સમર્થ વિશ્લેષણ કરતા પ્રોફેસર ડોડ પાંચ મૂળભૂત મુદ્દાની રૂપરેખા આપે છે :

(ક) પરિપૂર્ણતાનો યુગ (The age of fulfilment)નો આરંભ **થયો છે. પ્રબોધકોએ આજ વાત વિશે ભવિષ્યકથનો કર્યાં હતાં.**

(ખ) ઈસુ ખ્રિસ્તના જીવન, મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા આ વાત શકય બની છે.

(ગ) પુનરુત્થાનને કારણે ઈસુને નૂતન ઈઝરાયેલના મુક્તિવડા તરીકે ઈશ્વરને જમણે હાથે ઊંચે ચડાવવામાં આવ્યા છે. ઈશ્વરે તેમને પ્રભુ અને ખ્રિસ્ત બંને બનાવ્યા છે.

(ઘ) ધર્મસંઘમાં પ્રવર્તતો પવિત્ર આત્મા ખ્રિસ્તના વર્તમાન સામર્થ્ય અને ગૌરવની નિશાની છે.

(ચ) ખ્રિસ્તના પુનરાગમનમાં મસીહી યુગ ટૂંક સમયમાં પરિપૂર્ણ થશે.

અદ્વિતીય બુદ્ધિપ્રતિમા અને વિશેષતા ધરાવનાર વ્યક્તિઓએ આપેલ આવી સાક્ષીઓ આ ધરતી પરનો ખ્રિસ્તનો થોડો સમયનો મુકામ (જીવન) અને હવે તેમના દ્વારા તેમના લોકોને જે સામર્થ્ય ઉપલબ્ધ છે તેના તે બોલતા કે સચોટ પુરાવા છે.

## ૮ પૂરી થયેલી ભવિષ્યવાણીઓ

નાસ્તિકો ભલે હાંસી ઉડાડે અને ટીકાકારો ભલે સખત ટીકા કરે પરંતુ બાઈબલના જૂના કરારમાં કરવામાં આવેલી ભવિષ્યવાણીઓ અને ખ્રિસ્તના જીવન, મૃત્યુ અને પુનરુત્થાનનો તુલનાત્મક અભ્યાસ ખ્રિસ્તના દેવત્વને બહાર આણશે અને તેમના દાવાઓની સત્યતા નિર્ણયાત્મક રીતે પુરવાર કરશે.

**ભવિષ્યવાણી** "જુઓ કુમારી ગર્ભવતી થઈને પુત્રને જન્મ આપશે અને તે તેનું નામ ઈમાનુએલ પાડશે"

(યશાયા ૭ : ૧૪)

**પૂર્ણતા** "ખ્રિસ્તનો જન્મ આ રીતે થયો તેમની માતા મરિયમની સગાઈ યોસેફ સાથે થઈ હતી, પણ તેઓનો સમાગમ થાય તે પહેલાં તે પવિત્ર આત્માથી ગર્ભવતી થયેલી જણાઈ......પવિત્ર આત્માની મારફતે તેને ગર્ભ રહેલો છે."

(માથ્થી ૧ : ૧૮, ૨૦)

**ભવિષ્યવાણી** "હે બેથલેહેમ એફ્રાથાહ, યહૂદાનું તું એક નાનું ગામડું છે. પણ હું તારામાંથી મારે માટે એવો પુરૂષ ઉત્પન્ન કરીશ, જે ઈસ્રાએલમાં અધિકારી થશે."

**પૂર્ણતા :** યોસેફ ગાલીલ પ્રદેશના નાઝરેથ નામના નગરમાંથી યહૂદાના બેથલેહેમ નામના નગરમાં ગયો, જયાં દાઊદ રાજાનો જન્મ થયો હતો, કારણ યોસેફ દાઊદનો વંશજ હતો. મરિયમ જેની સાથે તેની સગાઈ થઈ હતી તેને લઈને તે નોંધણી કરાવવા ગયો. તે સમયે મરિયમ સગર્ભા હતી.

(લૂક ૨ : ૪, ૫)

તેને પોતાનો પ્રથમજનિત પુત્ર જન્મ્યો. તેણે તેને કપડાંમાં લપેટીને ઢોરને રાખવાની ગમાણમાં સુવાડયો કારણ, તેમને રહેવા માટે ધર્મશાળામાં જગા ન હતી......આજે દાઊદના નગરમાં તમારા ઉદ્ધારક ખ્રિસ્ત પ્રભુનો જન્મ થયો છે.

(લૂક ૨ : ૭, ૧૧)

**ભવિષ્યવાણી :** એક મિત્ર ખ્રિસ્તનો વિશ્વાસઘાત કરશે. "કેમ કે

મારા પર જે આળ મૂકનારો છે તે શત્રુ ન હતો, એ તો મારાથી સહન કરી શકાત. મારી વિરુદ્ધ વડાઈ કરનારો તે વૈરી ન હતો, એવાથી તો હું સંતાઈ રહી શકત પણ તે તું જ છે, તું જે મારા સરખા દરજ્જાનો પુરુષ, મારો ભાઈબંધ અને મારો દિલોજાન દોસ્ત!"

**પૂર્ણતા** : હજુ તો ઈસુ બોલતા હતા એટલામાં, બાર શિષ્યોમાંનો એક એટલે યહૂદા આવી પહોંચ્યો. તેની સાથે મુખ્ય યાજ્ઞિકો અને યહૂદી આગેવાનોએ મોકલેલા લોકોનું મોટું ટોળું હતું. દગાખોર યહૂદાએ તેઓને સંકેત આપ્યો હતો : "જે માણસને હું ચુંબન કરું, તે જ તે માણસ હશે. તેને પકડી લેજો." યહૂદા આવ્યો કે તરત જ ઈસુની પાસે ગયો, અને "ગુરુજી, તમને શાંતિ થાઓ" એમ કહીને તેણે તેમને ચુંબન કર્યું. ઈસુએ જવાબ આપ્યો, "દોસ્ત, જે કરવાનો હોય તે જલદી કર." (માથ્થી ૨૬ : ૪૭-૫૦)

**ભવિષ્યવાણી** : ખ્રિસ્તને ચાંદીના ત્રીસ સિક્કા માટે વેચવામાં આવશે, "ત્યારે તેઓએ મારી કીંમતના ચાંદીના ત્રીસ સિક્કા તોળી આપ્યા."

(ઝખાર્યા ૧૧ : ૧૨)

**પૂર્ણતા** : "યહૂદા ઈસ્કારિયોતે મુખ્ય યાજ્ઞિકો પાસે જઈને કહ્યું, "ઈસુની ધરપકડ કરાવવામાં હું તમને મદદ કરું તો તમે મને શું આપશો?" તેઓએ તેને ચાંદીના ત્રીસ સિક્કા ગણી આપ્યા."

(માથ્થી ૨૬ : ૧૪, ૧૫)

**ભવિષ્યવાણી** : ખ્રિસ્તને માર મારવામાં આવશે અને તેમના પર થૂંકવામાં આવશે. "મેં મારનારાની આગળ મારી પીઠ, અને વાળ ખેંચી કાઢનારાના આગળ મારા ગાલ ધર્યા, તેઓ અપમાન કરતા અને થૂંકતા હોવા છતાં મેં મારું મુખ ઢાંકી દીધું નહિ." (યશાયા ૫૦ : ૬)

**પૂર્ણતા** : "તેઓ તેમના મુખ પર થૂંકયા અને માર માર્યો, કેટલાકે તેમને તમાચા માર્યા." (માથ્થી ૨૬ : ૬૭)

**ભવિષ્યવાણી** : પોતાના પર આરોપ મૂકનારા આગળ ઈસુ મૌન રહેશે. "તેના પર જુલમ ગુજારવામાં આવ્યો તોપણ તેણે નમ્ર થઈને પોતાનું મોં

ઉઘાડયું નહિ. વધ કરવા માટે લઈ જવાતા હલવાન જેવો અને પોતાના કાતરનારાની આગળ મૂંગી રહેતી ઘેટીના જેવો તે હતો. તેણે તો પોતાનું મોં ઉઘાડયું જ નહિ." (યશાયા ૫૩ : ૭)

**પૂર્ણતા** : "મુખ્ય યાજકો અને આગેવાનોના આરોપો વિશે તેમણે મૌન સેવ્યું. આથી પિલાતે ફરી પૂછ્યું, 'આ લોકો જે આરોપો મૂકે છે તે તું સાંભળતો નથી?' પણ ઈસુ જવાબમાં એકપણ શબ્દ બોલ્યા નહિ. આથી રાજ્યપાલને ભારે આશ્ચર્ય થયું."

(માથ્થી ૨૭ : ૧૨–૧૪)

**ભવિષ્યવાણી** : ખ્રિસ્ત પોતાને સતાવનારા–ત્રાસ આપનાર–માટે પ્રાર્થના કરશે "તેણે તો ઘણાનાં પાપ માથે લીધાં અને પોતાને સતાવનારા માટે ઈશ્વર સમક્ષ મધ્યસ્થી કરી." (યશાયા ૫૩ : ૧૨)

**પૂર્ણતા** : ઈસુએ કહ્યું, "હે પિતા, આ લોકોને ક્ષમા કરો! પોતે શું કરે છે તે તેઓ જાણતા નથી." (લૂક ૨૩ : ૨૪)

**ભવિષ્યવાણી** : ઈશ્વર તેમના બચાવ માટે નહિ આવે અને ખ્રિસ્તની ઠેકડી ઉડાડવામાં આવશે. "જેઓ બધા મને જુએ છે. તેઓ બધા મારી હાંસી ઉડાવે છે, તેઓ મોં મરડીને અને ડોકું ધુણાવીને કહે છે : "તું પોતાને યહોવાના (ઈશ્વરના) હાથમાં સોંપ, તે તેને છોડાવે; તે તેના પર રાજી છે માટે તે તેને બચાવે." (ગીતશાસ્ત્ર ૨૨ : ૭–૮)

**પૂર્ણતા** : તે જ પ્રમાણે મુખ્ય યાજકો, નિયમશાસ્ત્રના શિક્ષકો અને આગેવાનોએ તેમની મશ્કરી કરીને કહ્યું, "તેણે બીજા ઘણાને બચાવ્યા, પણ તે પોતાનો બચાવ કરી શકતો નથી. શું તે ઈઝરાયેલનો રાજા નથી? જો તે હાલ ક્રૂસ પરથી ઊતરી આવે તો અમે તેના પર વિશ્વાસ કરીશું. તે ઈશ્વર પર ભરોસો રાખે છે અને પોતે ઈશ્વરપુત્ર હોવાનો દાવો કરે છે. તો હવે ઈશ્વર તેને બચાવે છે કે નહિ તે જોઈએ." (માથ્થી ૨૭ : ૪૧–૪૩)

**ભવિષ્યવાણી** : ઈસુનાં કપડાં માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવશે "તેઓએ મારાં કપડાં અંદરઅંદર વહેંચી લીધાં અને મારા ઝભ્ભાને માટે ચિઠ્ઠી નાખી." (ગીત. ૨૨ : ૧૮)

**પૂર્ણતા :** સૈનિકોએ ઈસુને ક્રૂસે જડી દીધા પછી તેઓએ તેમનાં કપડાં લઈ લીધાં અને પ્રત્યેક સૈનિક માટે એક ભાગ, એમ ચાર ભાગ પાડયા. તેઓએ ઝભ્ભો પણ લીધો. એ તો સળંગ વણીને બનાવેલો હતો અને તેમાં એકે સાંધો ન હતો. સૈનિકોએ એકબીજાને કહ્યું, "આપણે એને ફાડવો નથી, એ કોને ભાગે આવશે તે માટે ચિઠ્ઠી નાખીએ."

(યોહાન ૧૯ : ૨૩–૨૪)

**ભવિષ્યવાણી :** ખ્રિસ્તને સરકો આપવામાં આવશે. "વળી તેમણે મને ખાવા સારુ કડવો પદાર્થ (પિત્ત) આપ્યો, અને મને તરસ લાગતાં સરકો પાયો." (ગીત. ૬૯ : ૨૧)

**પૂર્ણતા :** "ઈસુએ જોયું કે હવે બધી બાબતો પૂર્ણ થઈ છે, અને શાસ્ત્રવચન સાચું ઠરે એ માટે તે બોલ્યા, "મને તરસ લાગી છે." ત્યાં સરકાથી ભરેલું એક વાસણ હતું, તેઓએ સરકામાં વાદળી બોળીને તેને ઝૂફાની લાકડી પર મૂકીને તેમના હોઠ સુધી તે ઊંચી કરી."

**ભવિષ્યવાણી :** ખ્રિસ્તનું પુનરુત્થાન: "તેની કબર દુષ્ટોની ભેગી ઠરાવેલી હતી, અને તેની મરણાવસ્થામાં તે દ્રવ્યવાનની સંઘાતે હતો, કારણ, તેણે અપકાર કર્યો ન હતો, ને તેના મુખમાં કપટ ન હતું."

(યશાયા ૫૩ : ૯)

"કેમ કે તું મારા આત્માને શેઓલને (મૃત્યુલોકને) સોંપશે નહિ, અને તારા ભકતને કબરમાં કહોવાણ જોવા દેશે નહિ." (ગીત. ૧૬ : ૧૦)

**પૂર્ણતા :** "જીવંત થયેલાને તમે મરેલામાં કેમ શોધો છો? તે અહીં નથી, પણ સજીવન થયા છે."

(લૂક ૨૪ : ૫–૬)

જે નબીઓએ (પ્રબોધકોએ) આ ભવિષ્યકથનો કહ્યાં હતાં તે તો ખ્રિસ્તની પહેલાં સેંકડો વર્ષ પૂર્વે થઈ ગયા હતા. દાઊદ ખ્રિસ્તની પહેલાં ૧૦૦૦ વર્ષ અગાઉ થયા હતા, યશાયા અને મિખાહ ૭૦૦ વર્ષ અગાઉ થયા હતા અને ઝખાર્યા ૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમની કોઈ શાળા કે મહાવિદ્યાલયની ઉપાધિઓ (ડિગ્રીઓ) મેળવી ન હતી. તેઓમાંનો એક પણ

વૈજ્ઞાનિક ન હતો કે ન તો કોઈ સ્કોલર કે વિદ્વાન ન હતો. છતાં તેમનાં ભવિષ્યકથનો આશ્ચર્યજનક ચોકસાઈથી સત્ય સાબિત થયાં હતાં, આનું કારણ એ હતું કે ઈશ્વર તેમના દ્વારા બોલ્યા હતા.

અમે સંપૂર્ણ વિશ્વાસ સહિત અને કશાયે ડર કે પક્ષપાત વિના કહીએ છીએ કે આ અગાઉ ક્યારે પણ અને તે પછી પણ કોઈપણ એક જ માણસ વિશે ક્યારેય આવી આગાહીઓ ( ભાવિકથનો ) કરવામાં આવી નથી અને તે પૂર્ણ થઈ નથી.

## ૯ | તેમનાં અનન્ય કે અજોડ નામ (ઇલકાબો)

પોતાની બૌદ્ધિક પ્રતિભાને કારણે કે સમાજ પ્રત્યે સેવેલી ચિંતાને કારણે કે પોતાના પરગજુ પ્રયત્નોને કારણે ઘણા પુરુષો અને સ્ત્રીઓને ખિતાબો (ઈલકાબો) એનાયત થયા છે અને તેમના પર પ્રશંસાનાં પુષ્પો વેરવામાં આવ્યાં છે. આવાં નામો ઈતિહાસમાં મોટા પ્રમાણમાં મળી આવે છે પરંતુ જીવનના એકપણ ક્ષેત્રમાં એકપણ વ્યકિત એવી મળતી નથી, જેને ઈસુ ખ્રિસ્ત જેટલાં નામો આપવામાં આવ્યાં હોય કે ઈલકાબો એનાયત થયા હોય.

પુરુષો અને સ્ત્રીઓને જે ખિતાબો મળ્યા છે અને ઈસુ ખ્રિસ્તને જે ખિતાબો અપાયા છે તેમાં જમીનઆસ્માન જેવું અંતર છે. પુરુષો અને સ્ત્રીઓને માણસોએ ખિતાબો આપ્યા છે જ્યારે ખ્રિસ્તને ખુદ ઈશ્વર તરફથી ખિતાબો એનાયત થયા છે.

બાઈબલનાં પૃષ્ઠો ઉપર આપણા પ્રભુને જે ઈલકાબો આપવામાં આવ્યા છે તેમાંથી થોડા અમે નીચે સાદર રજૂ કરીએ છીએ, પરંતુ એ કાંઈ સંપૂર્ણ યાદી નથી તે યાદ રાખવું ઘટે. બાઈબલનો કોઈપણ અભ્યાસી નક્કી આ યાદીમાં બીજા ઘણા ઈલકાબો ઉમેરી શકશે.

### તેમને સામાન્ય રીતે ઈસુ તરીકે ઓળખાવવામાં આવે છે

ઈસુ શબ્દનો અર્થ થાય છે 'યહોવા મુકિતદાતા.' યહોવા એ ઈશ્વરનું હિબ્રૂ નામ છે, "તું તેનું નામ ઈસુ પાડશે, કારણ, તે પોતાના લોકોને તેમનાં પાપમાંથી બચાવશે." એ દૂતોએ કહેલ ભવિષ્યકથન પ્રમાણે તેમનું નામ ઈસુ પાડવામાં આવ્યું.[1]

આ નામ બીજાં બધાં નામો કરતાં ચડિયાતું છે, અને તેનું કારણ પણ છે. "પોતે ઈશ્વર સ્વરૂપ હોવા છતાં ઈશ્વર સાથેની તેમની સમાનતાને તેઓ વળગી રહ્યા નહિ. એને બદલે, તેમણે સ્વેચ્છાપૂર્વક પોતાને ખાલી કર્યા અને દાસનું રૂપ ધારણ કર્યું. તે માણસ તરીકે જન્મ્યા અને માનવી સ્વરૂપે પ્રગટ થયા. પોતે નમ્ર થઈને મરણ સુધી, હા, ક્રૂસ પરના તેમના મરણ સુધી આધીન-

૧. માથ્થી ૧ : ૨૧

તાને માર્ગે ચાલ્યા. આ કારણથી ઈશ્વરે તેમને સર્વોચ્ચ સ્થાને મૂક્યા અને સૌ નામોમાં શ્રેષ્ઠ નામ આપ્યું. આથી ઈસુના નામના મહિમાને અર્થે આકાશમાંનાં, પૃથ્વી પરના તથા પૃથ્વી તળેના સૌ ઘૂંટણે પડે, અને ઈશ્વર પિતાના મહિમાને અર્થે સૌ જાહેરમાં પ્રગટ કરે કે ઈસુ ખ્રિસ્ત તે જ પ્રભુ છે."[૨]

ઈસુ એ કેવું સર્વોત્કૃષ્ઠ કે અજોડ નામ છે!

**ખ્રિસ્ત**

આ તો એક નામ કરતાં એક ઈલકાબ છે અને તેનો અર્થ થાય છે: 'ઈશ્વર દ્વારા અભિષિક્ત થયેલા' અથવા 'મસીહ' કે મુક્તિદાતા. ઈશ્વરે યહૂદીઓને જેનું વચન આપ્યું હતું તે ઉદ્ધારનારનું એ નામ હતું. પરંતુ વિચિત્રતા તો એ છે કે જ્યારે ઉદ્ધારનાર આવ્યા ત્યારે તેમને ઓળખવાનો પણ યહૂદીઓએ ઈન્કાર કર્યો.

**ઈમાનુએલ**

ખ્રિસ્ત જન્મ્યા તેના ૮૦૦ કરતાં વધુ વર્ષ પહેલાં નબી યશાયાએ આ નામનો સર્વપ્રથમ ઉપયોગ કર્યો હતો. તેનો અર્થ થાય છે. "ઈશ્વર આપણી સાથે." "જુઓ, કુમારી ગર્ભવતી થશે અને પુત્રને જન્મ આપશે, અને તે તેનું નામ ઈમાનુએલ પાડશે."[૩]

**દિવ્ય નામો**

'ઈમાનુએલ' ઉપરાંત યશાયાએ 'ભાવિના આશા સમા ઉદ્ધારક'ને ચાર વિશેષ મહત્ત્વનાં નામ આપ્યાં હતાં. "કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેના ખભા પર રાજ્યાધિકાર રહેશે અને તેને અદ્‌ભુત મંત્રી, પરાક્રમી ઈશ્વર, સનાતન પિતા ને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે."

**ખ્રિસ્તનાં અન્ય નામ**

૧. સાર્વકાલિક ઉદ્ધારનું ઉદ્‌ભવ સ્થાન (હિબ્રૂ ૫ : ૯)
૨. સર્વસમર્થ ઈશ્વર (સંદર્શન ૧ : ૮)

---

૨. ફિલિપી ૨ : ૬–૧૧ ૩. યશાયા ૭ : ૧૪

૩. 'આમીન' (હિબ્રૂ શબ્દ છે જેનો અર્થ થાય છે. 'અવિચળ') (સંદર્શન ૩ : ૧૪)

૪. પ્રભુનો હાથ (યશાયા ૫૩ : ૧)

૫. કરારનો દૂત (મલાખી ૩ : ૧)

૬. આશાનું લંગર (હિબ્રૂ ૬ : ૧૯)

૭ ઈશ્વરપિતા પાસે વિનંતી કરનાર વકીલ (૧ યોહાન ૨ : ૧)

૮. ઈશ્વરનો કરારકોશ (યહોશૂઆ ૩ : ૩)

૯. પ્રેરિત અને પ્રમુખ યાજક (હિબ્રૂ ૩ : ૧)

૧૦. અતિ મનોહર (ગીતોનું ગીત ૫ : ૧૬)

૧૧. સર્વસ્વ અને સર્વમાં (કોલોસી ૩ : ૧૧)

૧૨. ઈશ્વરના ગૌરવનો પ્રકાશ (હિબ્રૂ ૧ : ૩)

૧૩. સર્વ સર્જનનું (સૃષ્ટિનું) ઉદ્‌ભવસ્થાન (સંદર્શન ૩ : ૧૪)

૧૪. ઈશ્વરનો પ્રિય પુત્ર (માથ્થી ૩ : ૧૭)

૧૫. પરમાનંદ સ્વરૂપ અને એકનો એક સ્વામી (૧ તીમોથી ૬ : ૧૫)

૧૬. ઈશ્વરની રોટલી (યોહાન ૬ : ૩૩)

૧૭. ન્યાય અને ધર્મની ડાળી (યશાયા ૩૩ : ૧૫)

૧૮. વરરાજા (યોહાન ૩ : ૨૯)

૧૯. છીંડું પાડનાર, રાજા (મીખાહ ૨ : ૧૩)

૨૦. પ્રભાતનો પ્રકાશિત તારો (સંદર્શન ૨૨ : ૧૬)

૨૧. ગિલઆદની દવા (યિર્મેયા ૮ : ૨૨)

૨૨. પવિત્રતાની સુંદરતા (ગીત. ૯૬ : ૯)

૨૩ પ્રભુનું મંદિર બાંધનાર (ઝખાર્યા ૬ : ૧૨–૧૩)

૨૪. મુક્તિને માર્ગે લઈ જનાર આગેવાન (હિબ્રૂ ૨ : ૧૦)

૨૫. દસહજારમાં શિરોમણિ (ગીતોનું ગીત ૫ : ૧૦)

૨૬. પાયાનો પથ્થર (યશાયા ૨૮ : ૧૬)

૨૭. મંત્રી કે સલાહકાર (યશાયા ૪૦ : ૧૩)

૨૮. લોકો સાથેના ઈશ્વરના (લોકોના હકમાં કરારરૂપ) કરારનો મધ્યસ્થ (યશાયા ૪૯ : ૮)
૨૯. ઈશ્વરે પસંદ કરેલ મસીહ (લૂક ૨૩ : ૩૫)
૩૦. તોફાનમાં આશ્રયરૂપ (યશાયા ૩૨ : ૨)
૩૧. સર્વ દશ્ય અને અદશ્ય વસ્તુઓનું સર્જન કરનાર (કોલોસી ૧ : ૧૬)
૩૨. ઈશ્વરના ખ્રિસ્ત (લૂક ૯ : ૨૦)
૩૩. મુખ્ય ઘેટાંપાળક (૧ પીતર ૫ : ૪)
૩૪. ઘઉંનો દાણો (યોહાન ૧૨ : ૨૪)
૩૫. પિલાતની સમક્ષ એકરાર કરનાર (૧ તીમોથી ૬ : ૧૩)
૩૬. બેની વચ્ચે ઈન્સાફ કરનાર (અયૂબ ૯ : ૩૨, ૩૩)
૩૭. ઉદ્ધારનું તેજસ્વી પ્રભાત (લૂક ૧ : ૭૮)
૩૮. બધી પ્રજાઓને હચમચાવી મૂકનાર (હાગ્ગાય ૨ : ૭)
૩૯. સિયોન પર્વત પર બચાવનાર (યોએલ ૨ : ૩૨)
૪૦. પ્રભાતના તારાનો પ્રકાશ (૨ પીતર ૧ : ૧૯)
૪૧. ઈસ્રાયલ માટે ઝાકળરૂપ (હોશિયા ૧૪ : ૫)
૪૨. હૃદયને પારખનાર (હિબ્રૂ ૪ : ૧૨)
૪૩. લોકોની સમક્ષ ઈશ્વરને પ્રગટ કરનાર (યોહાન ૧૭ : ૨૬)
૪૪. ગઢ અને આશ્રયનો ખડક (ગીત. ૯૪ : ૨૨)
૪૫. ઘેટાંના વાડાનો દરવાજો (યોહાન ૧૦ : ૭)
૪૬. રાત્રિ અને દિવસને જુદાં પાડનાર (ઉત્પત્તિ ૧ : ૧૪)
૪૭. બધી વસ્તુઓનો નાશ કરનાર (૨ પીતર ૩ : ૧૧)
૪૮. ઈમાનુએલ, ઈશ્વર આપણી સાથે (માથ્થી ૧ : ૨૩)
૪૯. લોકોને માટે ધ્વજારૂપ (યશાયા ૧૧ : ૨૦)
૫૦. સનાતન ઈશ્વર (ગણના ૩૩ : ૨૭)
૫૧. હથેલી પર નામ કોતરનાર (યશાયા ૪૯ : ૧૬)
૫૨. પસંદ કરેલો સેવક (યશાયા ૪૨ : ૧–૪)

૫૩. ઈશ્વરનું ગૌરવ (યશાયા ૩૫ : ૨)
૫૪. ન્યાય કરવા માટે અધિકારી (યોહાન ૫ : ૨૭)
૫૫. ઈશ્વરના સત્ત્વની આબેહૂબ પ્રતિમા (હિબ્રૂ ૧ : ૩)
૫૬. અંત (સંદર્શન ૨૧ : ૬)
૫૭. વિશ્વાસુ (સંદર્શન ૩ : ૨૪)
૫૮. પ્રથમજનિત (રોમનો ૮ : ૨૧)
૫૯. ઊંઘી ગયેલાંનું પ્રથમ ફળ (૧કોરિંથી ૧૫ : ૨૦)
૬૦. પાયો (૧કોરિંથી ૩ : ૧૧)
૬૧. જીવનનો ઝરો (ગીત ૩૬ : ૯)
૬૨. મનુષ્યો કરતાં સુંદર (ગીત. ૪૫ : ૨)
૬૩. પાપીઓનો મિત્ર (લૂક ૭ : ૩૪)
૬૪. ઈશ્વરનો સાથી (ઝખાર્યા ૧૩ : ૭)
૬૫. ઈશ્વરનો સંપૂર્ણ સ્વભાવ ધરાવનાર (કોલોસી ૧ : ૧૯)
૬૬. આલ્ફા (પ્રથમ) (સંદર્શન ૧ : ૮)
૬૭. પાપ માફ કરનાર (લૂક ૫ : ૨૦)
૬૮. ઈશ્વરનું દાન (યોહાન ૪ : ૧૦)
૬૯. ઈશ્વરનો મહિમા (યોહાન ૧ : ૧૪)
૭૦. ઉત્તમ ગુરુજી (માથ્થી ૧૯ : ૧૬)
૭૧. મહાન પ્રમુખ યાજક (હિબ્રૂ ૪ : ૧૪)
૭૨. સોલોમન કરતાં મહાન (માથ્થી ૧૨ : ૪૨)
૭૩. યોના કરતાં મહાન (માથ્થી ૧૨ : ૪૧)
૭૪. યાકૂબ કરતાં મહાન (યોહાન ૪ : ૧૨)
૭૫. રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ (સંદર્શન ૭ : ૧૪)
૭૬. રાષ્ટ્રો પર રાજ કરનાર (ગીત. ૨૨ : ૨૮)
૭૭. હલવાનોને પોતાની ગોદમાં ઊંચકી લેનાર (યશાયા ૪૦ : ૧૧)
૭૮. પવિત્રતામાં મહિમાવાન (નિર્ગમન ૧૫ : ૧૧)
૭૯. મરણ સુધી દોરનાર (ગીત. ૪૮ : ૧૪)

૮૦. મહાન ( વૈદ ) ડૉક્ટર (માથ્થી ૯ : ૧૨)
૮૧. ઈશ્વરનું હલવાન (યોહાન ૧ : ૩૬)
૮૨. યહૂદાનો સિંહ (સંદર્શન ૫ : ૫)
૮૩. ગુરુ અને પ્રભુ (યોહાન ૧૩ : ૧૩)
૮૪. પ્રભુ અને ઈશ્વર (યોહાન ૨૦ : ૨૮)
૮૫. ગૌરવવાન રાજા (ગીત. ૨૪ : ૯)
૮૬. મુક્તિદાતા (યશાયા ૪૯ : ૨૬)
૮૭. સૂકી ભૂમિમાં ફૂટી નીકળેલો ફણગો (યશાયા ૫૩ : ૨)
૮૮. આગેવાન અને ઉદ્ધારક (પ્રે. કૃ. ૫ : ૩૧)
૮૯. ન્યાયીપણાનો સૂર્ય (માલાખી ૪ : ૨)
૯૦. ઈશ્વરનું જ્ઞાન અને સામર્થ્ય (૧કોરિંથી ૧ : ૨૪)

## ૧૦ સર્વશ્રેષ્ઠ શિક્ષક

નીતિશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રના શિક્ષક તરીકે આપણા પ્રભુ અદ્વિતીય છે. પાપ અને માણસની મુક્તિ માટેની જરૂરિયાતની સમસ્યાના સંદર્ભમાં તેમનો વ્યાવહારિક અને વાસ્તવવાદી અભિગમ એ કદાચ તેમના શિક્ષણનું સૌથી આકર્ષક પાસું છે. ભવિષ્યના જીવનના માર્ગદર્શન માટે જ તેમના શબ્દો બોલાયા ન હતા, તેમણે તો આ (વર્તમાન) દૈહિક જીવન કેવી રીતે જીવવું તે અંગે પણ મનુષ્યોને શીખવ્યું.

એક પ્રખ્યાત વક્તાએ સાહિત્યમાંની સૌથી કરુણ કથા તરીકે પોતે કોને માને છે તે અંગે ચાર્લ્સ ડિકન્સને પૂછ્યું, અને તેમણે તરત જ ઉત્તર આપ્યો, "ખોવાયેલા કે ઉડાઉ પુત્રની વાર્તા." પોતે વાંચેલા સૌથી સમૃદ્ધ અને અર્થ-પૂર્ણ ફકરા વિશે અભિપ્રાય આપવાનું થોમસ જેફરસનને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે માથ્થીના શુભસંદેશના પાંચમાં અધ્યાયનાં પ્રથમ સોળ વચનો જણાવ્યાં.

ડેનિયલ વેબસ્ટર ગિરિપ્રવચનને કાયદાના સૌથી મહાન સારતત્વ તરીકે માનતા.

### અતિસુંદર સાદી ભાષા

ખ્રિસ્તના શબ્દો ક્યારે પણ ન સમજી શકાય તેવા શબ્દોનો શંભુમેળો નહતા, કે તેમની ભાષાશૈલી ગૂંચવી દે તેવી ન હતી. બાઈબલમાં સચવાયેલું તેમનું શિક્ષણ એવું અસાધારણ, સરળ અને છતાં એવું અર્થપૂર્ણ છે કે તે અભણ ખેડૂતનાં હૃદયને તેમ જ અતિ બુદ્ધિશાળી વ્યક્તિના હૃદયને પણ જકડી રાખે છે. ટીકાકાર અને પ્રશંસક બંનેને ઈસુનું શિક્ષણ આકર્ષે છે. ઈસુનું શિક્ષણ સમયાતીત એટલે કે સમયથી પર છે, કારણ, તે સર્વ યુગો માટે છે અને સર્વ પ્રજાઓ માટે છે.

આપણા પ્રભુ વાર્તાઓ કે દષ્ટાંતો કહેતા, જેથી તેમની વાત અસર-કારક રીતે સમજાઈ જતી, અને તે તેમના સમયના અને આપણા સમયના

લોકો સમજી શકે અને સ્વીકારી શકે તેવાં ઉદાહરણો પણ પ્રયોજતા તેમણે બળદો, ખેતરો, વૃક્ષો, ઘઉં, પાક, ખજાનો. જાળ, જમીન, નાણું, રોટલી, બારણું, દારૂ, પાણી, માછલી, પક્ષીઓ અને માનવજીવનના ભાગ રૂપે હોય તેવી અસંખ્ય વસ્તુઓ વિશે વાતો કરી છે. તેમનાં ઉદાહરણો કેવાં સરળ અને સ્પષ્ટ છે! શિક્ષકના મનમાં ચાલતા વિચારોને તે કેવી આબેહુબ રીતે રજૂ કરે છે!

ઉદાહરણ તરીકે, ખોવાયેલા ઘેટાની વાત વિશે વિચારો. કેવી નાટયાત્મક રીતે અને કેવા બળપૂર્વક તે ભલા ભરવાડનો પોતાના ખોવાઈ ગયેલા, મૂર્ખ ઘેટા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે–ખ્રિસ્તનો ભટકી ગયેલા અને પાપી માણસો પ્રત્યેનો પ્રેમ તે દ્વારા કેવી સચોટતાથી અભિવ્યક્ત થાય છે!

ઉડાઉ દીકરાની અમર વાર્તાને સંભારો. શું તે ઊંડામાં ઊંડી લાગણીથી કે કરુણાથી ઈશ્વર વગરના માણસની યાતનાને વ્યક્ત નથી કરતી? અને આ એક વાર્તાને કારણે ખોવાઈ ગયેલા અસંખ્ય દીકરા દીકરીઓ તેમના આકાશી પિતા પાસે લઈ જવાયાં છે!

ભલા સમરૂનીની લઘુકથાનો અભ્યાસ કરો. કહેવાતા ધર્મની નિરુપયોગિતા અને ઢોંગને તે કેવી શાંત છતાં નાટયાત્મક રીતે ખુલ્લાં પાડે છે! આવા ધર્મ પાસે તો પવિત્રતાનો માત્ર દેખાવ હોય છે, પરંતુ આત્માને સંતોષ પમાડવાનું કે આત્માના શત્રુ સાથે સંઘર્ષ કરવાનું સામર્થ્ય તેનામાં હોતું નથી. સાચા મુક્તિદાતાને આ કથા કેવી ચિત્રાત્મક રીતે રજૂ કરે છે! વિનાશ તરફ ધસી જતી માનવજાતિ પ્રત્યેના તીવ્ર પ્રેમને કારણે પોતાની પાસે જે કંઈ છે તે એટલે પોતાની જિંદગી સુદ્ધાં આપી દેવા માટે એટલે કે સમર્પણના હેતુસર તે ધરતી પર ઊતરી આવે છે. આ સુંદર લઘુકથા વાંચીને અસંખ્ય સ્ત્રીપુરુષોને પોતાથી શકય તે બધું જ કરી છૂટવાનો અને ગરજવાનોને પોતે પાસે જે કંઈ છે તે બધું જ આપી દેવાનો પડકાર મળ્યો છે.

આપણા પ્રભુએ પ્રયોજેલા શબ્દો ભૂલમાં પડી જવાય તેવા સરળ છે; કારણ, પ્રત્યેક શબ્દસમૂહમાં અને વિચારમાં દૈવી જ્ઞાનનો વિશુદ્ધ નિચોડ છે, સાર છે. તેમના ઉત્તમ કોટિના ઉપદેશો કેવા પ્રેરણાત્મક અને જીવન આપનારા

છે, તેઓ કેવી અદ્‌ભુત રીતે આપણા ધ્યાનને આકર્ષે છે અને આપણી પાસે આજ્ઞાપાલનની અધિકારપૂર્વક માગણી કરે છે! અંગ્રેજી સાહિત્યના અભ્યાસીઓ શેઈક્સપિયર, મિલ્ટન, કીટ્સ, મેકોલે, ટેનિસન, લોંગફેલો, સ્ટીવન્સન, વેલ્સ, કિપ્લીંગ અને અન્ય સાહિત્યકારોથી મોહિત બને છે, પરંતુ આ સાહિત્યકારોની સાહિત્યકૃતિઓ મહાન હોવા છતાં માત્ર સાહિત્યિક કલાકૃતિઓ છે. તેઓ તો આપણી સાહિત્યવિષયક અભિરુચિને અને જ્ઞાન માટેના આપણા પ્રેમને આનંદ આવે તે રીતે ઉત્તેજિત કરે છે. પરીક્ષાઓ માટે તેમનો અભ્યાસ થાય છે, માહિતી મેળવવા માટે તેમને સાચવવામાં આવે છે.

બીજી તરફ, ખ્રિસ્તના ઉપદેશો કોઈ પુસ્તકાલયની અભરાઈ ઉપર મૂકી રાખવા માટે નથી. તેમનું વિષયવસ્તુ અને ઉપયોગિતા સાર્વકાલિક છે. કોઈ પણ વ્યક્તિએ તેમના ગહન ઊંડાણનો તાગ કાઢયો નથી. કોઈ તેમનું પૂરેપૂરું જ્ઞાન મેળવી શક્યા નથી. એ તો માત્ર એક જ એવા પ્રકારનું સાહિત્ય છે, જે જીવન આપનારું છે.

**પ્રેમ વિશેનું શિક્ષણ**

ખ્રિસ્તના જીવન અને શિક્ષણનો જો કોઈ એક શબ્દમાં સાર આપવાનું આપણને કહેવામાં આવે તો ઉત્તરમાં 'પ્રેમ' શબ્દ જ કહેવો પડે. "જો તમે એકબીજા પર પ્રેમ રાખશો તો સૌ જાણશે કે તમે મારા શિષ્યો છો."[૧] "જેમ મેં તમારા પર પ્રેમ કર્યો તેમ તમે પણ એકબીજા પર પ્રેમ કરો."[૨]

પ્રેમ જ ઈસુને ક્રૂસ તરફ દોરી ગયો. "માણસ પોતાના મિત્રને માટે જીવન આપી દે તે જ શ્રેષ્ઠ પ્રેમ છે."[૩]

તેમણે માત્ર પોતાના મિત્રો અને શિષ્યો ઉપર જ પ્રેમ કર્યો એવું નથી, વિશેષમાં તેમણે તો સમગ્ર દુનિયા પર પ્રેમ કર્યો, પોતાને ક્રૂસે જડનારા પ્રત્યે પણ પ્રેમ દર્શાવ્યો તેમાં તેમના પ્રેમનું ઊંડાણ પ્રગટ થાય છે. ધાકધમકી કે ચાલાકી દ્વારા નહિ પરંતુ તેમના અનંત ને બિનશરતી પ્રેમ દ્વારા જ તે લોકોને પોતાના રાજ્યમા જીતી લાવે છે.

---

૧. યોહાન ૧૩ : ૩૫ ૨. યોહાન ૧૫ : ૧૨ ૩. યોહાન ૧૫ : ૧૪

નાના પાયા ઉપર કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે કંઈ બળ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે તે લાંબો સમય ટકતું નથી તેવું આધુનિક મનોવિજ્ઞાન જણાવે છે. તે થોડોક સમય તો સફળ થાય પરંતુ તે છેવટે નિષ્ફળ જાય છે. કુટુંબોમાં અને રાષ્ટ્રોમાં આવું બનતું આપણે જોયું છે. કોઈપણ મનોવિજ્ઞાના શોધે તે પહેલાં ઈસુ ખ્રિસ્તે આ સત્ય ઘણા સૈકાં પૂર્વે શોધ્યું હતું. તેમણે શીખવ્યું અને પોતાના જીવન દ્વારા તેનું નિદર્શન કર્યું. તેમનું રાજ્ય પ્રેમના પાયા પર બંધાયેલું રાજ્ય છે, અને તેથી જ્યારે બીજા જમીનદોસ્ત થઈ જશે ત્યારે પણ તેમનું રાજ્ય ટકી રહેશે. પ્રેમ કદી નિષ્ફળ જતો નથી.

**ક્ષમા વિશેનું શિક્ષણ**

પ્રભુ ઈસુએ ક્ષમાનો સંકલ્પનાને (વિચાર) એવું એક પરિમાણ પૂરું પાડયું કે તેને લીધે તેમના સમયના યહૂદીઓ તે અંગે સભાનતાપૂર્વક વિચારતા થઈ ગયા. 'આંખને બદલે આંખ ને દાંતને સાટે દાંત' તે સમયમાં ન્યાય મેળવવાનો સ્વીકૃત માર્ગ હતો. પોતાના દુશ્મનને ઈંટને બદલે પથ્થરમાં જવાબ આપવાનો માર્ગ જ વાજબી ગણાતો અને એવાં પગલાને ધર્મની સંમતિ પણ સાંપડતી. ખ્રિસ્ત તો એક ડગલું આગળ ગયા અને કહ્યું, "તમારા દુશ્મનો પર પ્રેમ કરો અને જેઓ તમને સતાવે છે તેઓ માટે પ્રાર્થના કરો."[૪]

પીતર આ બાબતથી થોડોક ગૂંચવાયો. "પ્રભુ," તેણે કહ્યું. "મારો ભાઈ મારી વિરુદ્ધ પાપ કરે તો મારે તેને કેટલી વાર માફી આપવી? શું સાત વાર?" આપણા પ્રભુએ કહ્યું, "સાત વાર નહિ પણ સાત ગુણ્યા સિત્તેર વાર." આપણા પ્રભુ એમ કહેવા માગતા ન હતા કે પીતરે ૪૯૦ વાર ગણીને તેના ભાઈને ક્ષમા આપવી જોઈએ. એ તો ક્ષમા અતિ ઉદારતાથી (વિપુલતાથી) અને બિનશરતી રીતે આપવી જોઈએ.

**નમ્રતા વિશે શિક્ષણ**

એક પ્રસંગે સ્વર્ગના રાજ્યમાં તેઓમાંથી મહાન કોણ થશે તે વિશે ઈસુના શિષ્યો માંહોમાંહે ઝઘડવા લાગ્યા. ખ્રિસ્તે આ વાદવિવાદમાં કશી દરમ્યાન

---

૪. માથ્થી ૫ : ૪૪

ગીરી કરી નહિ કે શિષ્યોને ગર્વ અને મહત્ત્વાકાંક્ષા માટે ઠપકો આપ્યો નહિ. તેમણે શિષ્યોને બેસાડયા, એક વાસણમાં પાણી લીધું અને પોતાની કમરે રૂમાલ વીંટાળ્યો. પછી તે શિષ્યોના પગ ધોવા લાગ્યા. શિષ્યો તો ધ્રૂજી ગયા! આ તો ઘરકામ કરતા નોકર જેવું કામ હતું, અને જો તે તેમને હલકા પાડે તેવું કામ હતું, તો તેમના ગુરુજી તો કરી જ કેવી રીતે શકે! પીતરે તો એટલી હદે કહ્યું, "હું કદી તમને મારા પગ ધોવા દઈશ નહિ." પરંતુ ખ્રિસ્તે તે કરવાનો આગ્રહ રાખ્યો. પાછળથી તેમને સમજાયું કે મનુષ્યને કદી પણ મળ્યો ન હોય તેવો સેવાનો ઉત્તમ નમૂનો તેમને દર્શાવવામાં આવ્યો હતો.

**સ્ત્રીજાતિ વિશે શિક્ષણ**

ખ્રિસ્તી ધર્મ સિવાયના કેટલાક ધર્મોમાં સ્ત્રીને હંમેશ પુરુષની એડી નીચે મૂકવામાં આવી છે. 'પદ્મ પુરાણ'માં સ્ત્રીના ધર્મ વિશે નિર્ણયાત્મક રીતે કહેવાયું છે.

"તેનો પતિ ભલે અપંગ, વૃદ્ધ, અશક્ત અને રીતભાતમાં આક્રમક હોય, તે ભલે તામસી, વ્યભિચારી, અનૈતિક, દારૂડિયો કે જુગારી હોય, તે ભલે વારેવારે વેશ્યાવાડે જતો હોય, તે બીજી સ્ત્રીઓ સાથે ઉઘાડી રીતે પાપમાં જીવતો હોય, ઘરકુટુંબ માટે કશી લાગણી ધરાવતો ન હોય, ગાંડાની જેમ ભટકતો હોય, તેને માનઆબરૂ જેવું કશુંયે ન હોય, તે અંધ, બહેરો, મૂંગો, કે અપંગ હોય, થોડામાં કહેવું હોય તો ક્ષતિઓ ઘણી હોય, તેની દુષ્ટતા યે પાર વિનાની હોય, છતાં પત્નીએ તો તેને દેવ સમાન ગણવો જોઈએ, તેના પર પોતાનો બધો પ્રેમ ઢોળવો જોઈએ, તેની ચિંતા કરવી જોઈએ, તેના ચારિત્ર્ય પ્રત્યે જરાકે ધ્યાન ન આપવું જોઈએ અને તેને અણગમાનું કશુંયે કારણ ન આપવું જોઈએ."

જો કે ઘણા માણસોએ આ પ્રકારના અમાનવીય વર્તન સામે બંડ પોકાર્યું છે, છતાં દુનિયાના ઘણા ભાગોમાં આજે પણ સ્ત્રીની ગુલામી અને તાબેદારીને નિભાવવામાં આવે છે.

એરિસ્ટોટલ અને પ્લેટો જેવા મહાન તત્ત્વચિંતકોએ પણ શીખવ્યું

હતું કે જો પોતાનું બાળક અમુક ચોક્કસ લાયકાત ધરાવતું ન હોય તો તેને મારી નાખવું.

આને બદલે, પ્રભુ ઈસુએ પોતાના સુનમૂનથી અને શિક્ષણથી સ્ત્રી જાતિના મહત્ત્વ અંગે સાચો મત દર્શાવ્યો. વ્યભિચારમાં ગુનો કરતાં પકડાયેલી સ્ત્રી અને સમરૂનની પતિત સ્ત્રી સાથેના તેમના ઉદાર વર્તન દ્વારા તેમણે સ્ત્રીઓ વિશેનો અભિપ્રાય સચોટ રીતે જાહેરમાં રજૂ કર્યો છે.

ખ્રિસ્તને સંબંધ છે ત્યાં સુધી પુરુષ જેટલી જ સ્ત્રી પણ કીમતી છે. આને જ પરિણામે વર્ષો પછી પાઊલને લખવાની ફરજ પડી. "આમ યહૂદી કે બિન યહૂદી, ગુલામ કે સ્વતંત્ર, પુરુષ કે સ્ત્રી વચ્ચે હવે કોઈ તફાવત નથી. ઈસુ ખ્રિસ્તની સાથેના તમારા સંબંધને કારણે તમે એક છો." (ઈશ્વરની દૃષ્ટિમાં તમારુ મૂલ્ય સરખું છે.)[૫]

ખ્રિસ્તના આ અનુપમ શિક્ષણને પરિણામે આજે ધર્મસંઘ (ચર્ચ) ભક્તિસભામાં અને સેવામાં સ્ત્રીઓને તેમનું વાજબી કે ન્યાયી સ્થાન આપે છે તે હકીકત છે. અસંખ્ય સ્ત્રીઓ આજે ડૉક્ટરો તરીકે, સન્ડે સ્કૂલના શિક્ષકો તરીકે, બાઈબલવુમનો તરીકે, મિશનરીઓ તરીકે અને એમ અનેકવિધ ક્ષેત્રોમાં સેવા આપે છે. અને આ વિશ્વાસુ સ્ત્રીઓ વિના ધર્મસંઘનો કાર્યક્રમ અને સુવાર્તાપ્રચારની સેવા અપૂર્ણ રહેત.

**શિક્ષકનો પ્રચંડ અધિકાર**

જૂના કરારના નબીઓ હંમેશા "પ્રભુ કહે છે" એ શબ્દોથી પોતાના વક્તવ્યનો આરંભ કરતા. એનો અર્થ એવો થતો કે તેઓ જે કંઈ કહેતા તે ઈશ્વરની આજ્ઞા પ્રમાણે જ કહેતા. માત્ર ઈસુ ખ્રિસ્તને આવું કહેવાનો અધિકાર હતો: "હું તમને સાચે જ કહું છું." આ શબ્દો સ્પષ્ટપણે દર્શાવે છે કે ઈસુ નબી કે પયગંબરથી કંઈ વિશેષ હતા. તેમનાં થોડાંક અસાધારણ કથનો તપાસીએ :

"હું તમને સાચે જ કહું છું જે કોઈ મારો સંદેશ સાંભળે છે અને

૫. ગલાતી ૩ : ૨૮

મને મોકલનાર પર વિશ્વાસ મૂકે છે તેને સાર્વકાલિક જીવન છે. તેનો ન્યાય તોળાશે નહિ, પરંતુ તે મરણમાંથી નીકળીને જીવનમાં પ્રવેશી ચૂકયો છે."૬

ઈસુએ તેને કહ્યું, "સજીવન કરનાર અને જીવન આપનાર હું છું. મારા પર વિશ્વાસ કરનાર જો મરી જાય તો પણ તે જીવશે, અને જે જીવંત વ્યક્તિ મારામાં વિશ્વાસ મૂકશે તે કદી પણ મરણ પામશે નહિ."૭

ઈસુએ જવાબ આપ્યો, "હું તમને સાચે જ કહું છું, નવેસરથી જન્મ પામ્યા વગર કોઈ માણસ ઈશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી."૮

"ઓ સખત મજૂરી કરનારાઓ અને બોજ ઊંચકનારાઓ, તમે બધાં મારી પાસે આવો, અને હું તમને આરામ આપીશ."૯

"આખી દુનિયામાં જઈને આખી માનવજાતને શુભસંદેશનો પ્રસાર કરો."૧૦

આ શબ્દો વાંચનાર કોઈપણ વ્યક્ત બોલનારના અધિકાર અને સામર્થ્યની મજબૂત પકડમાં આવ્યા વગર રહી શકે જ નહિ. આ અગાઉ કે આ (સમય) પછી કોઈ માણસે આવું કહ્યું નથી. મૃત્યુ પછીના જીવન વિશે ઘણાંએ શીખવ્યું છે. પરંતુ કોઈએ પણ આવા સામર્થ્યથી અને આવી ખાતરીપૂર્વક શીખવ્યું નથી. કોઈ બડાઈ હાંકનારાનો આ ખાલી બડબડાટ નથી, સ્વર્ગ, ન્યાયકાળ અને અનંતતા વિશે અધિકારપૂર્વક અને ગંભીરતાપૂર્વક બોલાયેલા આ શબ્દો છે.

કદાચ, ખ્રિસ્તના શબ્દોને બીજાના શબ્દોથી સ્પષ્ટપણે જુદા પાડનાર તત્ત્વ આ છે: બીજા ઘણા માણસો અને ધાર્મિક આગેવાનોની જેમ તેમણે મનુષ્યની બુદ્ધિ અને હૃદય વિશે જ માત્ર કહ્યું નથી; મનુષ્યના અસ્તિત્વના કદી નાશ ન પામનારા ભાગ એવા અવિનાશી આત્મા વિશે તેમણે કહ્યું છે. શેઈકસપિયર, મિલ્ટન અને ગીબન મહાન માણસો હતા, પરંતુ તેમનાં લખાણો વાંચીને કોઈનું હૃદયપરિવર્તન થયું હોય અને તેનો ઉદ્ધાર થયો હોય, કે તે મુક્તિ પામ્યો હોય, એવી કોઈ નોંધ છે? તેઓ નિ:શંક મહાન માણસો હતા, પરંતુ માત્ર ખ્રિસ્ત જ એવા દૈવી વકતા છે, જે પાપી માણસોની જિંદગીમાં પરિવર્તન લાવી શકે છે અને તેમનામાં ધરમૂળથી ક્રાંતિકારી ફેરફાર કરી શકે છે.

---

૬. યોહાન ૫ : ૨૪ ૭. યોહાન ૧૧ : ૨૫ ૮. યોહાન ૩ : ૩
૯. માથ્થી ૧૧ : ૨૮ ૧૦. માર્ક ૧૬ : ૧૫

# ૧૧ શુભસંદેશના કર્તા

ખ્રિસ્તનો શુભસંદેશ અદ્વિતીય અને શ્રેષ્ઠ છે; હજુ કોઈએ પણ તેની સરખામણીમાં આવી શકે તેવું કશું કહ્યું નથી. 'ગૉસ્પલ' શબ્દનો અર્થ છે 'શુભસંદેશ' અથવા 'શુભ કે આનંદના સમાચાર.' એંગ્લોસેક્શન અર્થઘટન પ્રમાણે તેનો અર્થ છે 'ઈશ્વરનો મંત્ર' અથવા ઈશ્વરના શબ્દો. તેથી શુભસંદેશ એ મનુષ્ય માટેના ઈશ્વરના શુભ સમાચાર છે.

ઈશ્વરે તેમના અનંત જ્ઞાનમાં શુભસંદેશની યોજના ઘડી. એ કંઈ માનવાની યુકિતપ્રયુક્તિ, કલ્પના કે સંશોધનની નીપજ નથી; જો કે બાઈબલમાં પ્રગટ થયેલા શુભસંદેશનો વિરોધ કરતા બનાવટી ને કૃત્રિમ સુવાર્તાઓ પ્રગટ કરનારા તો હંમેશા રહેવાના. ખ્રિસ્તનો શુભસંદેશ ખ્રિસ્તથી આરંભાય અને ખ્રિસ્તમાં જ તેનો અંત આવે છે.

આ આંજી નાંખે તેવા સત્યને સંક્ષિપ્તમાં રજૂ કરતાં સંત પાઊલ જણાવે છે : "મને મળેલી મુખ્ય વાત મેં તમને જણાવી હતી અને તે સૌથી મહત્ત્વની છે. ધર્મશાસ્ત્રમાં લખાયેલું છે તે મુજબ ખ્રિસ્ત આપણાં પાપને માટે મરણ પામ્યા, તેમને દફનાવવામાં આવ્યા અને શાસ્ત્રો અનુસાર ત્રીજે દિવસે તેઓ સજીવન થયા."[૧]

ભાગ્યે જ જીવનચરિત્રનો કોઈ લેખક કથાનાયકના મૃત્યુ વિશે ખૂબ લંબાણપૂર્વક લખે છે. બાઈબલમાં પણ મુખ્ય વ્યક્તિઓનાં મૃત્યુ વિશે ખૂબ સંક્ષિપ્તમાં લખવામાં આવ્યું છે. "આદમ ૯૩૦ વર્ષ જીવ્યો અને તે મૃત્યુ પામ્યો."[૨] "નૂહના જીવનનાં વર્ષો ૯૫૦ હતા, અને તે મૃત્યુ પામ્યો."[૩]

ત્યાર પછી ઈબ્રાહીમે પ્રાણ મૂકયો અને ઘરડો તથા પાકી વયનો થઈને તે મરણ પામ્યો અને પોતાના પૂર્વજોની સાથે ભળી ગયો."[૪]

ઈસુના મૃત્યુનો બનાવ બન્યો તેના સાતસો વર્ષ પહેલાં યશાયા દ્વારા

---

૧. ૧ કોરિંથી ૧૫ : ૩–૪
૨. ઉત્પત્તિ ૫ : ૫
૩. ઉત્પત્તિ ૯ : ૨૯
૪. ઉત્પત્તિ ૨૫ : ૮

અને તે અગાઉ દાઊદ દ્વારા ઈસુના મૃત્યુની આગાહી કરવામાં આવી હતી,[૫] છતાં બાઈબલમાંના માથ્થી, માર્ક ને લૂકનાં પુસ્તકોના લેખકો ઈસુના ક્રૂસારોહણની બારીકમાં બારીક વીગતો ખૂબ જહેમત લઈને રજૂ કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે ઈસુનું મૃત્યુ સર્વશ્રેષ્ઠ મહત્ત્વનું છે, કારણ તે બીજાઓને માટે હતું અને તેના ઉપર સમગ્ર માનવજાતની મુક્તિનો આધાર છે.

જો ખ્રિસ્ત ક્રૂસ ઉપરના તેમના વિજયવંત મૃત્યુને ભેટયા ન હોત તો શુભસંદેશના પ્રસારનો કશો અર્થ ન હોત. શુભસંદેશનું કારણ અને તેનું મૂળ શ્રોત તે ખ્રિસ્ત પોતે જ છે. તેમના મૃત્યુ યે જ શુભસંદેશને શકય બનાવ્યો છે. તેથી જ ખ્રિસ્તનો શુભસંદેશ જે અમૂલ્ય બાબતો આપણને આપે છે તેમાંની કેટલીક અંગે આપણે વિચારીએ.

**૧. શુભસંદેશ મુક્તિ આપે છે**

જો વિશ્વશાંતિ લાવવા માટેની કોઈ નવી પદ્ધતિ અથવા સમાજસેવાનું કોઈ નવું સ્વરૂપ કે કોઈ નવા નીતિધોરણોની આપણને જરૂર હોત તો ખ્રિસ્તે કદી પણ મૃત્યુ વેઠયું ન હોત. દુનિયા પાપમાં મરી રહી હતી અને ઈશ્વરનાં ધોરણોને અનુરૂપ એવા બલિદાન દ્વારા જ વિનાશમાં ધસી જતી દુનિયાને બચાવી શકાય તેમ હતું. ખ્રિસ્ત એ બલિ બન્યા અને તેમના દ્વારા શુભસંદેશ દરેક માણસને મુક્તિ આપે છે.

આ ઉદ્ધાર સાથે એક શરત સંકળાયેલી છે–ખ્રિસ્ત પર વિશ્વાસ મૂકવો, અને તેમની ઈચ્છાને આધીન થવું. “જ્યારે તેઓ સંપૂર્ણ બન્યા ત્યારે જેઓ તેમને આજ્ઞાંકિત બને તે બધાને માટે ખ્રિસ્ત સાર્વકાલિક ઉદ્ધારનું ઉદ્‌ભવ-સ્થાન બની ગયા.”[૬]

પાપની અંનતકાળની શિક્ષામાંથી જ ખ્રિસ્ત બચાવી શકે છે તેટલો જ શુભસંદેશ નથી, પરંતુ તેમની પાસે **અત્યારે જ** આપણને બચાવવાનું સામર્થ્ય છે. દૂતના શબ્દોમાં હજી પણ એટલી જ સચ્ચાઈનો રણકો છે. “તું તેનું નામ ઈસુ પાડશે, કારણ, તે પોતાના લોકોને તેમનાં પાપમાંથી બચાવશે.”[૭]

---

૫. ગીત ૨૨; યશાયા ૫૩ ૬. હિબ્રૂ ૫ : ૯ ૭. માથ્થી ૧ : ૨૧

**૨. શુભસંદેશ સ્વાતંત્ર્ય આપે છે**

દરેક સ્થળે માણસો સ્વતંત્રતા માટે બૂમો પાડે છે, પણ આપણામાંથી કેટલા તે શબ્દનો સાચો અર્થ સમજે છે? ઘણા લોકો સ્વતંત્રતાને સ્વચ્છંદતા સાથે ભેળવીને ગૂંચવાડો ઊભો કરે છે. બીજાને શું નુકસાન પહોંચે છે તેની પરવા કર્યા વિના પોતાને ફાવે તે કરવાનો હક તેમાં સૂચવાય છે તેવું તેઓ માને છે. પણ આ કંઈ સ્વતંત્રતા નથી. જ્યારે બીજાના કલ્યાણનો વિચાર કર્યા વિના માણસ પોતાને જે ગમે છે તે કરે છે ત્યારે તે પોતાના મનોવિકારો અને ઈચ્છાઓનો ગુલામ બને છે. તે પોતાના તરંગોથી દોરવાય છે અને જ્યારે તેને આવું કરવાની ટેવ પડે છે ત્યારે પછીથી કાયદાઓ અને નિયમોના નિયમનમાં રહેવાનું તેને માટે મુશ્કેલ બને છે.

જ્યારે પ્રેષિત પાઊલને પાપોનાં બંધનોનું ભાન થયું ત્યારે તે નિરાશામાં પોકારી ઊઠયા, "હું કેવો કંગાળ માણસ છું! પાપનાં બંધનમાંથી મને કોણ છોડાવશે?" સૈકાંઓથી માણસો તે પોકારનો પડઘો પાડતા આવ્યા છે. પુરુષો અને સ્ત્રીઓએ કેવી રીતે જીવવું તે વિશે બધા યુગોના ધાર્મિક માણસો લગભગ મરણિયા થઈને સલાહ આપતા આવ્યા છે. તેમ છતાં, તેઓ પુરુષો અને સ્ત્રીઓને પાપનાં બંધનોમાંથી મુક્ત કરાવવા માટે સફળ થયા નથી. મૃત્યુ પામતા માણસને આરોગ્ય વિશે ભાષણ આપવાનો શો અર્થ? ખ્રિસ્તે માણસોને **શુભસંદેશ** આપ્યો છે, સારી સલાહ આપી નથી! તેમણે આરોગ્યનો ઉપદેશ આપ્યો નથી, તેમણે તો **નીરોગીપણું** આપ્યું છે. બીજા સંગઠિત ધર્મોથી ખ્રિસ્તનો શુભસંદેશ આ જ કારણે જુદો પડે છે. ખ્રિસ્ત એક જીવંત, પ્રેમાળ અને પર્યાપ્ત મુક્તિદાતા છે, જે આખા જીવનમાર્ગ ઉપર આપણને દોરે છે.

**૩. શુભસંદેશ શાશ્વત જીવન આપે છે**

"તેમને જીવન મળે અને પૂરી વિપુલતાથી જીવન મળે તે માટે હું આવ્યો છું." એમ પૃથ્વી પરના પોતાના જીવનકાર્ય (Mission) વિશે ઈસુએ કહ્યું છે, અને તે જ ચોક્કસપણે તે આપે છે, એટલે અનંતજીવન

જીવવાની મૂળ શક્તિ કે પ્રેરણા એ માણસનું સૌથી મહાન ચાલકબળ છે. જો તમે મરતા માણસને એક લાખ રૂપિયા અને જિંદગીનાં વધુ દસ વર્ષો એ બે વચ્ચે પસંદગી કરવાનું કહો તો એ નિઃશંકપણે બીજાની પસંદગી કરે. જે જીવન સાથે પ્રેમમાં છે એવી માનવજાતિને ઈસુ માત્ર વીસ કે ત્રીસ વર્ષ નહિ પરંતુ અનંતજીવન આપવા માગે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં ઊંડો અને કાયમી વિશ્વાસ કરવો એ જ એકમાત્ર પરવાનાની આપણને જરૂર છે.

જો તેની કસોટીઓ અને દુઃખો છતાં આપણને આપણું આજનું ક્ષણભંગુર જીવન મીઠું લાગતું હોય તો સનાતન ઈશ્વરની સંગત અને હાજરીમાં જીવાતું શાશ્વત જીવન કેટલું બધું ભવ્ય હશે!

## ૪. શુભસંદેશ શાંતિ અને આનંદ આપે છે

પોતાના હાથ જેવું લાંબુ મોં રાખીને ખ્રિસ્તીએ જીવન જીવવું જોઈએ એવી ખોટી સમજણ કેટલાક લોકો ધરાવે છે. એથી તદ્દન વિરુદ્ધ, સો ટકા સાચા ખ્રિસ્તીનો જીવનમંત્ર તે આનંદ છે. સારા કે માઠા સમયોમાં, સમૃદ્ધિમાં કે આપત્તિઓમાં આ આનંદ તેના વ્યક્તિત્વના એક ભાગરૂપે તેની સાથે રહે છે.

"હું તમને શાંતિ આપીને જાઉં છું, મારી પોતાની શાંતિ હું તમને આપું છું, દુનિયા જેમ આપે છે તેમ હું આપતો નથી. ચિંતા કરશો નહિ, તેમ જ હિંમત પણ હારશો નહિ." જે યુગમાં શાંતિ પડછાયા જેવી એટલે કે પકડાઈ ન શકે તેવી લાગે છે તેવા સમયમાં આ શબ્દો કેવા સુખશાંતિદાયક લાગે છે! પાપમાંથી મળતો આનંદ પાપનો ત્યાગ કરવાથી જે શાંતિ અને આનંદ આપણને પ્રાપ્ત થાય છે તેની કશી વિસાતમાં નથી. ખ્રિસ્તમાં માણસને જે સલામતી પ્રાપ્ત થાય છે તે તો કોઈ અંધ મનુષ્યને સૂર્યાસ્તના સૌંદર્યનું વર્ણન કરવા સમાન અને કોઈ બહેરા માણસ આગળ હાન્ડેલના અદ્‌ભુત હાલેલૂયાહ સમૂહગીતનું વર્ણન કરવા સમાન મુશ્કેલ છે. જેમણે જીવંત ખ્રિસ્તનો સીધેસીધો–મોઢામોઢ અનુભવ કર્યો છે અને પ્રેમ તથા આનંદ આપવાના તેમનાં

વચનોનો જાતઅનુભવ કર્યો હોય તેઓ જ ખ્રિસ્તના રાજ્યની અદ્ભુત શાંતિ સમજી શકે અને અનુભવી શકે.

**૫. શુભસંદેશ આશા આપે છે**

કિંડરગાર્ડનમાં જતું બાળક સૈનિક કે પાઈલટ (વિમાનચાલક) બનવાનાં સ્વપ્નાં જુએ છે અને સૈનિક અથવા પાઈલટના રૂપમાં કરાતાં પોતાના કાલ્પનિક સાહસોથી આનંદ પામે છે. શાળામાં ભણતો વિદ્યાર્થી પોતાના મોટા ભાઈ જેવો હોશિયાર થવાની ઝંખના સેવે છે અને આજ વસ્તુ તેને સખત પરિશ્રમ કરવાની પ્રેરણા આપે છે. કોઈ ઉપસ્નાતક કે હાયર સેકન્ડરી સ્કૂલમાં ભણતો વિદ્યાર્થી ડૉકટર થવા ઝંખે છે અને આ ઝંખના જ તેની શકિતઓ તથા યોગ્યતાઓને પ્રદીપ્ત કરે છે, ઉત્તેજના પૂરી પાડે છે. જેનો એક પગ કબરમાં છે તેવો કોઈ વૃદ્ધ માણસ મરતાં પહેલાં કશુંક કરવા માગે છે–વર્ષોથી સેવેલું કોઈ ખાનગી સ્વપ્ન સિદ્ધ કરવા માગે છે–અને તે પ્રત્યેક લથડતા શ્વાસે પેલા સ્વપ્નની સિદ્ધિ માટે પ્રયત્નશીલ રહે છે.

નબળામાં નબળા માણસને આશા વીજળીની જેમ સંચાલિત કે જાગૃત બનાવે છે અને કાયરમાં કાયર માણસને કામ કરતો કરી મૂકે છે. આશા વિનાનું જીવન જાણે કે જીભ ઉપર કડવો સ્વાદ મૂકી જાય છે. અને તે માનવ અસ્તિત્વને ધીમા, કંટાળાજનક રગશિયા ગાડું જેવું બનાવી દે છે.

જે માણસો ખ્રિસ્તના શુભસંદેશના હક કે દાવાને સ્વીકારે છે તેમનામાં તે આશાનો સંચાર કરે છે. તે તેમને ચિંતા, અસ્વસ્થતા અને ઉત્પાતોમાંથી મુક્તિ બક્ષે છે. તે તેમને મનની સમતુલા આપે છે અને જીવનના સપાટાઓ સામે અડગ ઊભા રહેવાની શક્તિ પૂરી પાડે છે. "જેઓ ઈશ્વર ઉપર પ્રેમ કરે છે. તેઓનું બધી બાબતોમાં ઈશ્વર એકંદરે સારું કે ભલું કરે છે,"[૮] એવી ખાતરી તેમને પમાડે છે.

ખ્રિસ્તનો શુભસંદેશ વર્તમાન સમય માટે, ભાવિ માટે અને ભવિષ્યના જીવન માટે આપણને આશા આપે છે. તે આ ભ્રમિત માનવજાતિની સામાન્ય

---

૮. રોમનો ૮ : ૨૮

ફરિયાદોમાંથી આપણને ઊંચે ચડાવે છે અને જ્યારે પૃથ્વી પરનું આપણું જીવન પૂરું થશે ત્યારે આપણું જીવન કેવું થશે તેનું સૂક્ષ્મચિત્ર કે દર્શન આપણને આપે છે.

તો, આ જ ખ્રિસ્તનો મહિમાવાન શુભસંદેશ છે. તે આ વર્તમાન જીવન માટે માનવીની એકમાત્ર આશા છે અને સાર્વકાલિક પરમસુખ માટેનો એકમાત્ર પરવાનો છે. "આખા જગતમાં જઈને સર્વ લોકોને શુભ-સંદેશ પ્રગટ કરો," ખ્રિસ્તે પોતાના શિષ્યોને આપેલા આ આદેશમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

## ૧૨ ખ્રિસ્તના દાવા

ઘણા ટીકાકારો એમ જણાવે છે કે પોતે ઈશ્વરપુત્ર છે એવો દાવો ખ્રિસ્તે કયારે પણ કર્યો નથી. પોતે જેને યોગ્ય હતા કે તે પોતે જે ચાહતા હતા તેના કરતાં ઘણી ઊંચી જગ્યાએ તેમને ચડાવી દેવા માટે તેમના શિષ્યો જવાબદાર હતા એવું આ ટીકાકારોનું કહેવું છે. ઈશ્વરનું વચન આ માન્યતાનું સ્પષ્ટપણે ખંડન કરે છે. વારે વારે ખ્રિસ્તે પોતા વિશે પ્રચંડ દાવા કર્યા છે. આ દાવા તો મૂંઝવણમાં મૂકી દે તેવા અને આશ્ચર્યચકિત બનાવી દે તેવા છે, પરંતુ તેમાંના દરેકને હકીકતનો કે વાસ્તવિકતાનો ટેકો છે. તેમના દાવા શાબ્દિક કરતાં વધારે છે, તેમણે પોતાના જીવનમાં તેઓમાંના પ્રત્યેકને પ્રત્યક્ષ દાખલો આપીને સિદ્ધ કરી બતાવ્યો છે. આપણે તે દાવાઓમાંના થોડાકનો અભ્યાસ કરીએ :

**૧. ઈશ્વર અને માણસ વચ્ચે તે એકલા જ મધ્યસ્થ અને વકીલ છે**

"માર્ગ, સત્ય અને જીવન હું છું. મારા સિવાય પિતા પાસે જવાનો બીજો કોઈ માર્ગ નથી."[૧]

એ વસ્તુની નોંધ કરો કે તે કેટલાક માર્ગોમાંનો એક માર્ગ છું એવું તે કહેતા નથી પરંતુ The Way એટલે કે એકમાત્ર માર્ગ એવું કહે છે. ઈસુ પાસે પહેલાં ગયા વિના કોઈ માણસ ઈશ્વર પાસે જઈ શકતું નથી.

**૨. તે આદિપિતા આદમ પહેલાં હતા**

"ઈબ્રાહીમના જન્મ પહેલાંનો હું છું."[૨] 'હું છું' એવો મહાન ઈલકાબ કે પદ ધારણ કરીને તે ઈશ્વર હોવાનો દાવો કરે છે, કારણ, આ પદ ઈશ્વર માટે વપરાતું વિશિષ્ટ પદ કે ઈલકાબ છે. અને દેવે મુસાને કહ્યું "હું જે છું તે છું."[૩] મોટા ભાગના યહૂદીઓ યહૂદી નિયમશાસ્ત્રથી સુપરિચિત હોવાથી ઈસુ ખ્રિસ્તના કહેવાનો અર્થ તરત જ સમજી ગયા હશે. સંત યોહાનના શુભસંદેશમાં "હું છું" તે શબ્દપ્રયોગ ઈસુએ નવ વાર પ્રયોજ્યો

---

૧. યોહાન ૧૪ : ૬ ૨. યોહાન ૮ : ૫૮ ૩. નિર્ગમન ૩ : ૧૪

તેવી નોંધ મળે છે.

(ક) હું જ મસીહ છું. યોહાન ૪ : ૨૬

(ખ) હું જીવનની રોટલી છુ. યોહાન ૬ : ૩૫

(ગ) હું દુનિયાનો પ્રકાશ છું. યોહાન ૮ : ૧૨

(ઘ) ઘેટાંના વાડાનો દરવાજો હું છું. યોહાન ૧૦ : ૭

(ચ) હુ ઉત્તમ ઘેટાંપાળક છું. યોહાન ૧૦ : ૧૧

(છ) હું જ પુન્રુત્થાન અને હું જ જીવન છું. યોહાન ૧૧ : ૨૫

(જ) હું તમારો ગુરુ અને પ્રભુ છું. યોહાન ૧૩ : ૧૩

(ઝ) માર્ગ, સત્ય અને જીવન હું છું. યોહાન ૧૪ : ૬

(ટ) હું સાચો દ્રાક્ષવેલો છું. યોહાન ૧૫ : ૧

**૩. તે જીવન આપનાર છે**

"ઈશ્વરે દુનિયા પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો. તેથી તેમના પર જે કોઈ વિશ્વાસ મૂકે તે સાર્વકાલિક નાશ (મરણ) **ન પામે, પરંતુ સાર્વકાલિક જીવન પ્રાપ્ત કરે.**"[૪]

"હું તેમને સાર્વકાલિક જીવન આપું છું અને તેઓ કદી મરશે નહિ અને મારી પાસેથી તેઓને કોઈ ઝૂંટવી લેશે નહિ."[૫]

**૪. તે યૂના, સુલેમાન અને મંદિર કરતા મોટા છે**

"પણ અહીં યૂના કરતાં પણ એક મહાન છે."[૬]

યહૂદી ઈતિહાસમાં યૂના એક અતિ સન્માનપાત્ર નબી થઈ ગયા. તેમનાથી પોતે મહાન હોવાનો ઈસુ દાવો કરે છે.

"હું તમને કહુ છુ કે અહીં મંદિર કરતાં પણ વિશેષ મહાન વ્યક્તિ છે."[૭]

યરુશાલેમનું મંદિર યહૂદીઓના રાષ્ટ્રીય અને ધાર્મિક જીવનનું કેન્દ્ર હતું. અને દરેક સ્વમાનપ્રિય યહૂદી માટે તે સન્માનનીય હતું. માત્ર એક જ

---

૪. યોહાન ૩ : ૧૬ ૫. યોહાન ૧૦ : ૨૮

૬. માથ્થી ૧૨ : ૪૧ ૭. માથ્થી ૧૨ : ૬

માણસ એટલે કે મુખ્ય પુરોહિતને તેમના પરમપવિત્રસ્થાનમાં જવાની રજા હતી અને તેને પણ આ માન વર્ષમાં એક જ વાર મળતું. નાઝરેથ શહેરનો કોઈ અતિ સામાન્ય માણસ આ ભવ્ય મંદિર કરતાં વધુ મહાન હોવાનો દાવો કરે તે સાંભળતા યહૂદીઓને ત્રાસ છૂટયો હશે. આ દાવો કરીને ઈસુ લોકોને એવું સમજાવવા માગતા હતા કે તે સૌથી મહાન મુખ્ય પુરોહિત છે અને તેમના વિના મંદિરનો કશો અર્થ કે મહત્ત્વ નથી.

આ દુનિયા પર થઈ ગયેલા રાજાઓમાં સુલેમાન સૌથી મહાન અને સૌથી જ્ઞાની રાજા થઈ ગયા. જ્યારે દક્ષિણમાંથી શેબાની રાણી તેમને મળવા આવી ત્યારે તેમના જ્ઞાનનો વૈભવ જોઈને તે બોલી ઊઠી હતી: "મને તો અર્ધું પણ કહેવામાં આવ્યું ન હતું!" તેણે સુલેમાનના વૈભવ વિશે બધું સાંભળ્યું હતું, પરંતુ જ્યારે તેને જાતઅનુભવ થયો ત્યારે સુલેમાન હકીકતમાં જે કંઈ હતા તેની સરખામણીમાં તો તેમને વિશે સાંભળેલી વાત કશી વિસાતમાં ન હતી તે શેબાની રાણીને સમજાયું. તેથી જ જ્યારે પોતે સુલેમાન કરતાં પણ વધુ મહાન છે તેવો ઈસુએ દાવો કર્યો ત્યારે યહૂદીઓ પોતાના કાન ઉપર પણ વિશ્વાસ મૂકી શકયા નહિ તેમાં નવાઈ પમાડે તેવું શું છે?

**૫. તે સંપૂર્ણપણે નિષ્પાપ કે પાપ વગરના છે**

"તમારામાંનો કોણ મારામાં પાપ પુરવાર કરી શકે તેમ છે?"૮

ઈસુમાં દુષ્ટતા કે પાપ છે તેવો આરોપ મૂકવાની અને તેમને દોષિત સાબિત કરવાની એક સુંદર તક ઈસુ તેમના શત્રુઓને પૂરી પાડે છે. પરંતુ તેઓ એક પણ શબ્દ બોલી શકતા નથી. તે નિષ્પાપ કે નિર્દોષ હતા અને તેઓ તે જાણતા હતા.

પિલાતને કંઈ યહૂદીઓ પ્રત્યે કંઈ પ્રેમ ઊભરાઈ જતો ન હતો કે તે ઈસુનો ભક્ત પણ ન હતો છતાં ઈસુ સામે એકઠા કરવામાં આવેલા બધા પુરાવાઓને કાળજીપૂર્વક તોળીને તે આ નિર્ણય પર આવે છે: "મને આ માણસમાં કંઈ દોષ માલૂમ પડતો નથી."

---

૮. યોહાન ૮ : ૪૬

કોઈ માણસ, કોઈ નબી, કોઈ પુરોહિત, કે કોઈ રાજા પોતા વિશે આવો ન્યાયચુકાદો મેળવવાનો દાવો કરી શકે તેમ નથી. ઈઝરાયેલનો પ્રથમ રાજા શાઊલ પોતાના લોકોને દોરવણી આપવા માટે ઈશ્વર તરફથી પસંદ થયો હતો અને અભિષિકત પણ થયો હતો, છતાં તેને દાઊદની લોકપ્રિયતાની એવી ઈર્ષા આવી કે તેણે દાઊદની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો. અને દાઊદ, મહાન લેખક હોવા છતાં, કંઈ સંતપુરુષ ન હતો. માણસ જે કંઈ ઝંખે કે ઈચ્છે તે બધું તેની પાસે હતું, છતાં તેને પોતાના એક સૈનિકની પત્ની મેળવવાની લાલસા થઈ અને તેણે તેની સાથે વ્યભિચાર કર્યો. ઈબ્રાહીમ તો 'ઈશ્વરનો મિત્ર' કહેવાતો હતો, છતાં ગેરાના લંપટ રાજાના હાથમાંથી ઈશ્વર પોતાની પત્ની સારાને બચાવશે તેવો વિશ્વાસ તેમણે ન કર્યો, પરંતુ સારા તેની પત્ની નથી પરંતુ બહેન છે તેવું રાજાને માનવા છેતર્યો.

જેને યહૂદીઓ મહાન શ્રદ્ધાળુ તરીકે વંદે છે તે યાકૂબ એક ઠગ હતો. તેણે પોતાના વૃદ્ધ પિતાને છેતર્યો અને પોતાતા ભાઈ એસાવનો જન્મસિદ્ધ હક ચોરી લીધો. ઈઝરાયલીઓને બંદીવાસમાંથી બહાર લઈ જવા માટે ઈશ્વર દ્વારા પસંદ કરાયેલો મુસા જ્યારે ઈશ્વર તેને ખડક સાથે **વાત** કરવાનું કહે છે ત્યારે ખડક પર પાણી માટે પ્રહાર કરે છે.

બાઈબલે કયારે પણ આ માણસો અંગે ઢાંકપિછોડો કરવાનું પસંદ કર્યું નથી કે તેમને સંતો તરીકે રજૂ કર્યા નથી. તેઓ તો માણસો હતા અને માનવીઓની જેમ ભૂલને પાત્ર હતા. પરંતુ એક જ વ્યક્તિ એવી છે જેની સામે કોઈ માણસ કયારે પણ આરોપની આંગળી ચીંધી શકે તેમ નથી અને તે તો ખ્રિસ્ત છે. કારણ, તે દૈવી (વ્યક્તિ) હતા અને સંપૂર્ણ હતા. "ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા, તેમ છતાં આપણી ખાતર ઈશ્વર તેમને પાપરૂપ કર્યા. જેથી ખ્રિસ્તની સાથેના સંબંધથી આપણે ઈશ્વરના ન્યાયીપણાના ભાગીદાર બનીએ."[૯]

**૬. છેલ્લે દિવસે તે મરણ પામેલાંને સજીવન કરશે**

"આશ્ચર્ય પામશો ના, એવો સમય આવી રહ્યો છે કે જ્યારે કબરમાં

૯. ૨ કોરિંથી ૫ : ૨૧

બધાં મૂએલાં તેનો અવાજ સાંભળશે અને તેઓ કબરની બહાર નીકળી આવશે. જેઓએ સારાં કામો કર્યાં હશે તેઓને સાર્વકાલિક જીવન માટે ઉઠાડવામાં આવશે. અને જેઓએ ભૂંડા કાર્યો કર્યાં હશે તેમને સજા માટે ઉઠાડવામાં આવશે."[૧૦]

શું નોંધાયેલા ઈતિહાસમાં કોઈ માણસે કદી આવો દાવો કર્યો છે?

**૭. તે સમગ્ર (વિશ્વના) માનવજાતિના ન્યાયાધીશ છે**

"વળી પિતા પોતે કોઈનો ન્યાય કરતા નથી, તેમણે ન્યાય કરવાનો અધિકાર પોતાના પુત્રને આપ્યો છે."[૧૧]

"કારણ જેમ પિતા પોતે જીવનદાતા (જીવનનું ઉદ્‌ભવસ્થાન) છે, તે જ રીતે તેમણે પુત્રને (જીવનનું ઉદ્‌ભવસ્થાન જીવનદાતા) બનાવ્યો છે. તેમણે પુત્રને ન્યાય કરવાનો અધિકાર આપ્યો છે."[૧૨]

"હું મારી જાતે કશું કરી શકતો નથી. પિતા મને કહે તે પ્રમાણે જ હું ન્યાય કરું છું. અને એટલે મારો ન્યાયચુકાદો અદલ હોય છે. કારણ, મને જે ગમે તે કરવાનો હું પ્રયત્ન કરતો નથી, પરંતુ મને મોકલનારને જે ગમે તે જ હું કરું છું."[૧૩]

આ દાવાને બે બાજુ છે. ખ્રિસ્ત જાહેર કરે છે કે તે ઈશ્વરની સાથે આરંભથી જ અસ્તિત્વ ધરાવે છે અને તેમને જ દુનિયાનો ન્યાય કરવાનો અધિકાર અપાયો છે.

**૮. તે ઈશ્વરપુત્ર છે**

"શું તું ઈશ્વરપુત્ર પર વિશ્વાસ કરે છે?" જન્મથી અંધ એવા તે માણસે જવાબ આપ્યો, "પ્રભુ, તે કોણ છે તે મને કહે; જેથી હું તેમનામાં વિશ્વાસ મૂકું."

ઈસુએ તેને કહ્યું, "તેં તેને જોયો છે અને તે જ અત્યારે તારી સાથે વાત કરે છે."[૧૪]

---

૧૦. યોહાન ૫ : ૨૮, ૨૯
૧૧. યોહાન ૫ : ૨૨
૧૨. યોહાન ૫ : ૨૬, ૨૭
૧૩. યોહાન ૫ : ૩૦
૧૪. યોહાન ૯ : ૩૫, ૩૬

### ૯. તે પાછા આવનાર છે

"ત્યાર પછી માનવપુત્રના આગમનની નિશાની આકાશમાં દેખાશે. તે વખતે પૃથ્વીની બધી પ્રજાઓ વિલાપ કરશે, અને તેઓ માનવપુત્રને આકાશમાં વાદળો મધ્યે સામર્થ્ય અને ગૌરવ સહિત આવતા નિહાળશે."[૧૫]

"જ્યારે માનવપુત્ર રાજા તરીકે તેમના બધા દૂતોની સાથે આવશે ત્યારે તે રાજગાદી પર બિરાજશે. અને બધી પ્રજાઓ તેમની પાસે એકઠી થશે. ત્યારે જેમ ભરવાડ ઘેટાંને બકરાંથી જુદાં કરે છે તેમ તે લોકોને બે ભાગમાં વહેંચી નાખશે. ઘેટાંને જમણી તરફ ને બકરાંને ડાબી તરફ રાખવામાં આવશે."[૧૬]

"હું જઈશ અને જગ્યા તૈયાર કરીને પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ; જેથી જ્યાં હું હોઉં ત્યાં તમે પણ હો."[૧૭]

### ૧૦. તેમને સર્વ અધિકાર આપવામાં આવશે

"આકાશ અને પૃથ્વી પર સર્વ અધિકાર મને આપવામાં આવ્યો છે. એટલે તમે જાઓ, બધી પ્રજાના લોકોને મારા શિષ્યો બનાવો. ઈશ્વરપિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. જે દરેક આદેશ મેં તમને આપ્યો છે તેનું પાલન કરવાનું શિક્ષણ તેઓને આપતા જાઓ, અને જુઓ, દુનિયાના અંત સુધી હું હંમેશાં તમારી સાથે છું."[૧૮]

### ૧૧. તે પોતે ઈશ્વર છે

ફિલિપે તેમને કહ્યું, "પ્રભુ ત્યારે હવે અમને પિતાનાં દર્શન કરાવો એટલે બસ!"

ઈસુએ જવાબ આપ્યો, "ફિલિપ, ઘણા સમયથી હું તમારી સાથે છું છતાં તું મને ઓળખતો નથી? જેણે મને જોયો છે તેણે પિતાને જોયો છે, તો પછી એમ કેમ કહે છે કે અમને પિતાના દર્શન કરાવો."[૧૯]

---

૧૫. માથ્થી ૨૪ : ૩૦
૧૬. માથ્થી ૨૫ : ૩૧, ૩૨
૧૭. યોહાન ૧૪ : ૩
૧૮. માથ્થી ૨૮ : ૧૮-૨૦
૧૯. યોહાન ૧૪ : ૮, ૯

જો કોઈ સ્ત્રી મારી પત્નીને મળવા આવે અને તેને એમ કહે કે તે ઈંગ્લેંડની રાણીને જોવા માગે છે, અને મારી પત્ની એમ કહે કે, "શી વાત કરે છે? હવે તું શા માટે મને જોવા માગે છે!" તો તે સ્ત્રી એમ જ ધારે કે મારી પત્નીનું મગજ ખસી ગયું છે અથવા તે પાગલખાનામાં જ હોવી જોઈએ!

આપણા પ્રભુએ ફિલિપને કહ્યું, કે "જેણે ઈસુને જોયા છે તેણે પ્રભુને જોયા છે." કેવા અર્થગહન શબ્દો! અને જો તે સાચા ન ઠરવાના હોય તો કેવું વ્યર્થ ગુમાન! જો એ સત્ય ન હોત તો ખ્રિસ્તે એવું કહેવાની હિંમત જ ન કરી હોત.

**૧૨. તેમને ક્ષમા આપવાનો અધિકાર છે**

પાપની માફી આપવાનો માત્ર એકલા ઈશ્વરનો જ હક છે. અને જ્યારે ઈસુ ખ્રિસ્ત રૂપે દેહધારી બનીને ઈશ્વર પૃથ્વી પર આવ્યા, ત્યારે તેમણે જાહેરમાં શરીરના અને આત્માના રોગો મટાડ્યા. આને કારણે, તેમના દરેક ધાર્મિક પ્રતિસ્પર્ધીમાં કે શત્રુમાં ઈર્ષ્યાનો અગ્નિ પ્રજ્વલિત થઈ ઊઠ્યો અને તેઓ ઈસુની હત્યા કરવા તત્પર થઈ ગયા.

આવા હિંમતભર્યા દાવાઓ દ્વારા દંગ કરી દેનાર અદ્‌ભુત વ્યક્તિ કોણ છે? ઉત્તર માત્ર એક જ હોઈ શકે: "Aut Deus aut homo non bonus"–ખ્રિસ્ત કાં તો ઈશ્વર હતા કાં તો દગાબાજ કે ઢોંગી હતા. જો તેમના દાવા જૂઠા હોય તો તેમને સારા માણસ કહી શકાય નહિ. કારણ, કોઈ સજ્જન જૂઠું બોલતા નથી. જો તેમના દાવા સાચા હોય – પરિવર્તન પામેલાં અસંખ્ય જીવનો તેની સાક્ષી પૂરે છે–તો ખ્રિસ્ત આપણી પાસેથી અંતઃકરણપૂર્વકની નિષ્ઠા અને ભક્તિ માગવા વાજબી રીતે હકદાર છે.

## ૧૩ શત્રુવિજેતા

ઈસુ ખ્રિસ્તનું પ્રભાવક વ્યક્તિત્વ માત્ર બે પ્રકારના પ્રતિભાવો જન્માવે છે— પ્રેમ અથવા તિરસ્કાર. કોઈ મધ્યમ માર્ગ નથી. તેમના દ્વારા લાખો લોકોનું પરિવર્તન થયું છે અને તેને કારણે તેઓ તેમના પર પ્રેમ કરે છે. જ્યારે બીજા લાખો તેમના નામના અવાજને પણ ધિક્કારે છે. ઈસુ તેમને અસ્વસ્થ કે વ્યગ્ર બનાવે છે તેથી તેઓ તેમને તિરસ્કારે છે. તેમનાં જીવનો અને હૃદયોના ખાળકૂવાઓને ઈસુ ઉઘાડા પાડે છે તેથી તેઓ તેમને ધિક્કારે છે. ઈસુના જ્ઞાન અને ન્યાયશાસ્ત્ર કે તર્કશાસ્ત્ર સામે તેમના સિદ્ધાંતો, ફિલસૂફીઓ અને રોગ–નિદાનો પત્તાંનાં મહેલોની જેમ તૂટી પડે છે. તેથી તેઓ ઈસુને ધિક્કારે છે. ઈસુએ સંપત્તિ, લોકપ્રિયતા કે પ્રતિષ્ઠાને કદી મહત્ત્વ આપ્યું નથી અને તે ક્યારે પણ મહત્ત્વાકાંક્ષી બન્યા ન હતા તેથી તેઓ તેમને ધિક્કારે છે. જ્યારે તેમના પર જૂઠાં તહોમતો મુકાયાં ત્યારે તેમણે પોતાનો બચાવ કર્યો નહિ તેથી તેઓ ઈસુને નિર્બળ કહે છે; સમૃદ્ધ વૃદ્ધાવસ્થાને ધ્યાનમાં રાખી ઈસુ જીવ્યા નહિ તેથી તેઓ તેમને ટૂંકી દષ્ટિવાળા કહે છે; તેમણે પોતાના ગયા પછી પોતાનું કામ ચાલુ રાખવા માટે બાર અભણ અને ભીરુ માછીમારોને પસંદ કર્યા તેથી તેઓ ઈસુને માણસોના નબળા માનવ પારખુ કે પરીક્ષક માને છે.

શા માટે? એક વર્ષ સ્વદેશમાં રજા ગાળ્યા પછી જ્યારે એક મિશનરી પોતાના સેવાકાર્ય માટે આફ્રિકામાં પાછા ફર્યા ત્યારે પોતાના આફ્રિકન ધર્મ-સંઘ માટે થોડીક ભેટો લેતા ગયા. ધર્મસંઘ ( ચર્ચ )માંની એક સ્ત્રીને અરીસાની ભેટ મળી. તે સ્ત્રીએ પહેલાં કદી દર્પણ જોયું ન હતું. તેણે ઉત્સુકતાથી તેમાં પડતું પ્રતિબિંબ નિહાળ્યું. તેની ભારે નિરાશા વચ્ચે તેણે એક વૃદ્ધ, શ્યામ, જાડા હોઠ ધરાવતો, કરચલીવાળો ચહેરો નિહાળ્યો. ક્રોધભરી બૂમ સાથે તેણે દર્પણને ભોંય પર પછાડ્યું. દર્પણના ટુકડેટુકડા થઈ ગયા. વિલાપ કરતાં તેણે કહ્યું, "હું આટલી કદરૂપી નથી! હું આટલી બદસૂરત હોઈ શકું નહિ!"

બસ આજ કારણથી ખ્રિસ્તના શત્રુઓ તેમને ધિક્કારે છે. જેવી રીતે પેલી વૃદ્ધ આફ્રિકન સ્ત્રીના દર્પણમાં તે જેવી હતી તેવી જ દેખાતી હતી, તેવી જ રીતે ખ્રિસ્તની પૂરેપૂરી વિશુદ્ધતા અને સંપૂર્ણતામાં તેમના દુશ્મનોનાં જીવનોની ગંદકી અને કપટ દેખાઈ આવે છે. ખ્રિસ્ત સામે ઊભા રહેવાથી તેમના અંગેનું સત્ય સ્પષ્ટ થઈ જાય છે તેથી તેઓ તેમને ધિક્કારે છે.

"ન્યાયચુકાદાનો આધાર આવો છે : પ્રકાશ દુનિયામાં આવ્યો છે, પરંતુ માણસોને પ્રકાશ કરતાં અંધકાર વધારે ગમે છે! કારણ, તેઓનાં કાર્યો ભૂંડાં છે. જે કોઈ ભૂંડાં કાર્યો કરે છે તે પ્રકાશને ધિક્કારે છે, અને પ્રકાશ પાસે આવવા માંગતો નથી, કારણ, તે પોતાનાં કાર્યો ઉઘાડાં પડી જાય તેવું ઈચ્છતો નથી. પરંતુ જે સત્ય પ્રમાણે આચરણ કરે છે તે પ્રકાશની નજીક આવે છે. જેથી તેનાં જે કાર્યો ઈશ્વરને આધીન રહીને કરાયાં છે તે પ્રકાશ દ્વારા જાહેર થાય."[૧]

ખ્રિસ્તના શબ્દો ભાવિની આગાહી સૂચવનારા હતા, કારણ, જે માણસોએ પોતે આવું કંઈ કર્યું છે તેનો ઈન્કાર કર્યો તેમણે જ, "તેને ક્રૂસે જડો! તેને ક્રૂસે જડો!" એવું જોરશોરથી પોકાર્યું. પરંતુ અંતિમ વિજય તો ખ્રિસ્તનો જ થયો, કારણ સમયની આકરી કસોટીમાં માત્ર એકલા તે જ ટકી રહ્યા છે, જ્યારે તેમના શત્રુઓ માનવીની નિયતિ કે ઈશ્વરનિર્મિત યોજના પર કશી કાયમી છાપ મૂકી શકયા નથી.

મહાન ફ્રેંચ વિવેચક વૉલ્ટરે જાહેર કર્યું હતું કે સો વર્ષની સમયમર્યાદામાં તે બાઈબલ અને તેમાંના બોધનો સંપૂર્ણ નાશ કરી નાખશે, પરંતુ તે વખતે તેમને સમજાયું ન હતું કે તેમના મૃત્યુ પછી તેમના ઘરને જ એક પ્રકાશનગૃહમાં ફેરવી નાખવામાં આવશે, જેમાંથી હજારો બાઈબલો દુનિયાના જુદા જુદા ભાગોમાં મોકલવામાં આવશે. વૉલ્ટર તો મૃત્યુ પામ્યા; પરંતુ ખ્રિસ્ત અને તેમનાં વચનો જીવે છે.

થોમસ પેઈન ખ્રિસ્તી ધર્મના કટ્ટર વિરોધી હતા. તેમણે તો જ્યાં જ્યાં પોતાથી શકય બનશે ત્યાં ત્યાં ખ્રિસ્તી ધર્મની અસરોને નાબૂદ કરી નાખશે

૧. યોહાન ૩ : ૧૯–૨૧

તેવા બહાદુર છતાં અસંભવિત દાવા કર્યા હતા. તે દારૂડિયા બની અકિંચન હાલતમાં મરી ગયા અને એક મુફલિસની કબરમાં તેમને દાટવામાં આવ્યા, પરંતુ ખ્રિસ્ત અને તેમનો મહિમાવાન શુભસંદેશ પ્રગતિને માર્ગે આગળ ને આગળ વધતા જાય છે.

ખ્રિસ્તી ધર્મસંઘ ( ચર્ચ )ના ઉદયના વર્ષોમાં તેના અનુયાયીઓને ક્રૂરમાં ક્રૂર સતાવણીઓ વેઠવી પડી છે. મૃત્યુનું જોખમ ઉઠાવીને પણ ખ્રિસ્ત વિશે પ્રગટ કરવાની હિંમત કરતા પુરુષો અને સ્ત્રીઓના આ નાનકડા હિંમતવાન સમૂહને કચડી નાખવાની જેહાદમાં ઘણા અખ્રિસ્તી રાજકર્તાઓ પણ જોડાયા.

રોમન સમ્રાટ નીરો ( A. D. ૬૪ ), ડૉમીશિયન ( A. D. ૯૬ ), ટ્રાજન ( A. D. ૯૮ ), એડ્રિયન ( A. D. ૧૧૭ ), સેપ્ટીમસ ( A. D. ૧૯૩ ), મેક્ષીમીન ( A.D. ૨૩૫), ડેસિયસ (A.D. ૨૪૯), વેલેરિયન ( A.D. ૨૫૩ ), ઓરેલિયન ( A. D. ૨૭૦ ) અને ડાયોકલેશિયન ( A. D. ૨૮૪ ) એ તો ખ્રિસ્તીઓનો શોધી શોધીને શિકાર કરવામાં આનંદ માણતા અને ગર્વ અનુભવતા એવા માત્ર થોડાક જ રાજકર્તાઓનાં નામો છે. જેઓ પોતાનો મત પાછો ખેંચી લેવાનો ઈન્કાર કરતા તેવા ખ્રિસ્તીઓને ચાબુકે ચાબુકે ફટકારવામાં આવતા, તેમના પર જુલમ ગુજારવામાં આવતો, તેમને કેદખાનામાં પૂરવામાં આવતા, થાંભલા પર બાંધીને સળગાવી દેવામાં આવતા, ભૂખ્યા સિંહોની આગળ ફેંકી દેવામાં આવતા અને હજારોની સંખ્યામાં તેમનો ભીષણ સંહાર કરવામાં આવતો. પરંતુ હજુ તો હજારોને મારી નંખાયા ન હોય ત્યાં તો તેમની સંખ્યામાં બેહજારનો વધારો થઈ જતો. તે સમયે જાણીતા દેશોની બધી જ સીમાઓ પર ખ્રિસ્તી ધર્મે ગૌરવ અને હિંમતનો વિજયધ્વજ સતાવણી દ્વારા ફરકાવ્યો. કસોટીકાળ તો નિ:શંક મોટો હતો. પરંતુ વિજેતા તો એથી યે મહાન હતા અને તેથી વિજય નિશ્ચિત હતો.

શરૂઆતના ખ્રિસ્તીઓને જે મહાત્રાસ વેઠવો પડયો હશે તેની તો વીસની સદીની સરખામણીએ ઘણી વધારે સલામતીમાં જીવતાં આપણે તો

માત્ર કલ્પના જ કરી શકીએ. ખ્રિસ્તી ધર્મના ઇતિહાસના એક સમયનું તાદશ ચિત્ર આલેખતાં ડૉ. એફ. જે. માઇલ્સ લખે છે :

"શાહી ઝભ્ભાને કલંક લગાડનાર એ નિર્લજ્જ અને હરામખોર, દુરાચારી અને જુલમગારનું નામ હતું નીરો. તેણે તો પોતાની સગી જનેતાની હત્યા કરી હતી, પોતાની બીજી પત્નીને લાતે લાતે મારી નાખી હતી, અને રોમની રાજધાનીના શહેરને આગ ચાંપવા પોતાના દરબારીઓને ઉશ્કેર્યા હતા. પછી જ્યારે આખું શહેર ક્રોધે ભરાયું અને પોતાના પ્રાણપ્રિય શહેરને આગ લગાડવા માટે જવાબદાર માણસોને શિક્ષા કરવા નગરજનોએ માગણી કરી ત્યારે નીરોએ ખ્રિસ્તીઓ પર આરોપ મૂકયા. ખ્રિસ્તીઓને કોથળાઓમાં બાંધીને ટાઇબર નદીમાં ડૂબાડી દેવામાં આવ્યા. તેમને અધ્ધર લટકાવવામાં આવ્યા, પછી ઘણાને ઘોડાગાડીઓ પાછળ ઘસડવામાં આવ્યા, ઘણાના બે હાથ અને બે પગ જુદી જુદી દિશાઓમાં ખેંચવામાં આવ્યા અને ઘણાને ક્રૂસે જડવામાં આવ્યા. જંગલી પશુઓ તેમનો ભક્ષ કરી જાય તે માટે તેમને વર્તુળાકાર અખાડાઓમાં ફેંકવામાં આવ્યા.

આ રીઢો બદમાસ રોમના બગીચાઓમાં પાર્ટીઓ ગોઠવતો. શાહી બગીચાઓમાં દિવસ દરમ્યાન તે હજાર થાંભલાઓ ઊભા કરાવતો. અને હજાર ખ્રિસ્તીઓનાં કપડાં ઉતારી દઈ, તેમને ડામર લગાડી, આ થાંભલાઓ સાથે બાંધી દેવામાં આવતા, અને રાત્રે શહેનશાહની ઉદ્યાનઉજાણીમાં રોશની થાય તે માટે ખ્રિસ્તીઓને જીવતા સળગાવી દેવામાં આવતા.

હેનરી સિન્કેવીઝકૃત 'કો વાડી' અને ડીન ફેરરકૃત 'Darkness and Dawn' (અંધકાર અને પ્રભાત) જેવાં પુસ્તકો જેમણે વાંચ્યાં હશે તેઓને ખબર થશે કે હું જ્યારે ખાતરીપૂર્વક એવું જણાવું છું કે સમગ્ર વિશ્વના ઇતિહાસમાં દુર્ગુણોની ખાળકૂંડી અને દુષ્ટતાના ઉકરડા જેવા નીરોના દરબારની સરખામણીમાં કશું ઊભું રહી શકે તેમ નથી ત્યારે હું મારી કલ્પનાને છૂટ્ટો દોર આપતો નથી."

સત્તરમા સૈકામાં સ્કૉટલેન્ડમાં 'હત્યાના સમય' દરમ્યાન ૮૦ પુરુષો,

સ્ત્રીઓ અને બાળકોને બે વર્ષમાં મોતને ઘાટ ઉતારવામાં આવ્યાં હતાં. ઈંગ્લેન્ડમાં 'ખૂની મેરી' ના રાજ્યકાળ દરમ્યાન ઈસુ ખ્રિસ્ત પરના તેમના વિશ્વાસને કારણે ૨૭૭ માણસોને લાકડા પર લટકાવી સળગાવી દેવામાં આવ્યાં હતાં. સ્પેનની સતાવણી દરમ્યાન ખ્રિસ્તની નિંદા કરવાનો ઈન્કાર કરવાને કારણે હજારો ખ્રિસ્તીઓને કાં તો થાંભલા પર લટકાવી સળગાવી દેવામાં આવ્યા હતા કાં તો ક્રૂર રિબામણી દ્વારા મારી નાખવામાં આવ્યા હતા. 'બૉક્સર રાયટ' નામે ઓળખાતા ચીનમાં થયેલા હુલ્લડ દરમ્યાન પણ હજારો ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવી હતી. ખ્રિસ્તને કારણે ઘણા ભારતીય ખ્રિસ્તીઓને પોતાના સામાજિક અને કૌટુંબિક સંબંધોનો ભોગ આપવો પડયો છે, છતાં તેઓ સેતાનથી પરાજિત થયા નથી, કારણ, બધા પર પ્રભુ અંકુશ ધરાવે છે.

**રોમની કૅટકોમ (Catacomb) નામે ઓળખાતી શબગુફાઓ**

કૅટકોમ એટલે મડદાં દાટવાની ભોંય તળેની ગુફાઓ. આ ભૂમિ નીચેની ગેલેરીઓ (લાંબી ને સાંકડી પરસાળો) આઠથી દસ ફૂટ ઊંચી ને ચારથી છ ફૂટ પહોળી હતી. રોમના શહેર નીચે તે માઈલો સુધી પથરાયેલી છે. શરૂઆતના ખ્રિસ્તીઓ આરાધના સ્થાન તરીકે, શબ દાટવાના સ્થાન તરીકે અને સંતાઈ રહેવાની જગાઓ તરીકે તેમનો ઉપયોગ કરતા. લગભગ ૨૦,૦૦૦,૦૦ થી ૭૦,૦૦૦,૦૦ ખ્રિસ્તીઓને ત્યાં દાટવામાં આવ્યા છે, જેમાંના ૪૦૦૦ જેટલા તો તિબેરિયસ સીઝર અને કૉન્સ્ટન્ટાઈનના સમયના છે.

આ સતત અને નિર્દય સતાવણી સામે ખ્રિસ્તીધર્મ ટકી રહ્યો એ એક ચમત્કાર જ કહી શકાય. ખ્રિસ્ત જે જીવનમૂલ્યો માટે જીવ્યા અને જેનો તેમણે પ્રબોધ કે ઉપદેશ કર્યો એ જો માત્ર કોઈ ધર્મ કે વિચારસરણી હોત તો પ્રથમ સૈકામાં જ ખ્રિસ્તીધર્મનું કુદરતી મૃત્યુ થયું હોત. પરંતુ એમ થયું નહિ અને ખ્રિસ્તી ધર્મ મરશે પણ નહિ; કારણ, જેમના હાથમાં પૃથ્વી અને સ્વર્ગની ધુરાઓ છે તેવી એક જીવંત વ્યકિતની આસપાસ તે જીવે છે.

તેમના દુશ્મનો આવ્યા છે ને ગયા છે. રાજાઓ અને સામાન્ય માણ-

સૌએ માનવી યાદદાસ્તમાંથી તેમનું નામ ભૂંસી નાખવાના પ્રયત્નો કર્યા છે, પણ તેઓ નિષ્ફળ નીવડયા છે. રાષ્ટ્રોએ તેમનો ત્યાગ કર્યો છે, અને પ્રજાઓ બીજા દેવોની પાછળ ગઈ છે, પરંતુ એ બધું જ તેમણે પોતાને જોખમે ને નુકસાને કર્યું છે. છતાં તે એકલા જ અડીખમ ઊભા છે, સમય કે પ્રગતિ તેમને સ્પર્શતાં નથી, તે છે તેવા ને તેવા જ, શકિતશાળી અને વિશ્વાસુ છે. સાચ્ચે જ, ઈસુ ખ્રિસ્તે નરક, મૃત્યુ અને અંધકારની સત્તાઓ પર વિજય હાંસલ કર્યો છે.

## ૧૪ સમય અને અવકાશના વિજેતા

પ્રભુ ઈસુ ખ્રિસ્ત શેઈકસપિયર કે મિલ્ટન જેવા કોઈ પ્રતિભાશાળી સાહિત્યકાર ન હતા. તેમણે કદી કોઈ પુસ્તક લખ્યું નથી, તો પછી સૌથી વધુ વંચાતા પુસ્તકની તો વાત જ શી! ગદ્ય કે પદ્યની કોઈ નવી શૈલી નિપજાવવા માટે તેમની પાસે સમય ન હતો. તે કોઈ અભણ વ્યકિત પણ ન હતા; કારણ, તેમને યહૂદી ધર્મશાસ્ત્રોનું ખૂબ ઊંડું ને આશ્ચર્યકારક જ્ઞાન હતું. કોઈ છંદ પરના પ્રભુત્વ કરતાં વધુ મહત્ત્વની વસ્તુઓ વિષે તેમને ચિંતા હતી. તેમનું જીવનકાર્ય અતિ ભારે મહત્ત્વનું હતું અને સર્જનાત્મક લેખનકાર્ય સાથે તો બૌદ્ધિક અને સાંવેગિક તીવ્ર વેદના (સર્જકોની પ્રસૂતિ-વેદના) સંકળાયેલી હોય છે, અને ખ્રિસ્તના જીવનકાર્યને (Mission) પૂરું કરવા માટે તેમની પાસે ઘણો ઓછો સમય હતો.

ના, ઈસુ ખ્રિસ્ત ન હતા બર્નાડ શૉ કે ન હતા કોઈ નોબેલ પ્રાઈઝ વિજેતા સાહિત્યકાર; પરંતુ તેમનું શિક્ષણ અને ઉપદેશ બાઈબલના નેવ્યાસી પ્રકરણો રોકે છે અને વિશ્વભરની સ્કૂલો, કૉલેજો અને ઉચ્ચશિક્ષણ આપતાં મહાવિદ્યાલયોમાં હજારો શિક્ષકો, પ્રચારકો અને વિદ્યાર્થીઓ તેમના બોધ અને શિક્ષણનો અભ્યાસ કરે છે.

ખ્રિસ્તના શિક્ષણ ઉપર હજારો ગ્રંથો રચાયા છે અને તેથી ઘણા વધારે હાલ લખાઈ રહ્યા છે. તેમ છતાં, દુનિયાના મહાન બૌદ્ધિકો અને આધુનિક સુલેમાનો (સુલેમાન રાજા દુનિયામાં સૌથી જ્ઞાનડાહ્યા પુરુષ ગણાય છે) ઈસુના ડહાપણ, આબેહૂબ ચિતાર ખડો કરતાં દૃષ્ટાન્તો અને ન્યાયશાસ્ત્ર કે તર્કશાસ્ત્રના ભંડારોને સંપૂર્ણપણે સમજવામાં કે તેમનો તાગ મેળવવામાં સફળ થયા નથી.

ખ્રિસ્ત વિનાનું બાઈબલ એ તો અન્ય પુસ્તકો જેવુ જ બને, ઘણાં તેને વાંચે, કેટલાંક તેને યાદ રાખે, પુસ્તકાલયોમાં તે સંગ્રહાય અને મોટા ભાગનાં બિનજરૂરી પુસ્તકોની જેમ પસતીમાં વેચાઈ જાય. પરંતુ ખ્રિસ્ત એ તો બાઈબલનો મુખ્ય વિષય છે; વિશ્વના સર્જનના આરંભથી જે સત્ય નાટકનો આરંભ થયો છે અને જે હજુ ભજવાય છે તેવા, ઈશ્વરના માનવ માટેના પ્રેમના

નાટકમાં તે મુખ્ય અદાકાર છે. પોતાના લોકોને પોતાની માલિકીના બનાવવા માટે ઈશ્વરપુત્ર આ દુનિયામાં પાછા ન આવે ત્યાં સુધી આ નાટકનો છેલ્લો અંક સમાપ્ત થવાનો નથી. ટીકાકારોએ તેનું ખંડન કરવાના પ્રયત્નો કર્યા છે, ધર્માંધોએ તેના દાવા નામંજૂર કર્યા છે. ઈતિહાસે તેના અસ્તિત્વને ભૂંસી નાખવાની કોશિશ કરી છે, પરંતુ સમયની કસોટીમાં ઈશ્વરનું આત્મચરિત્ર ટકી રહ્યું છે. ઈશ્વરનાં વચનોને કપોળકલ્પિત વાતો, કાલ્પનિક કથા, છેતરપિંડી, જૂઠાણાંનું પોટલું, પાગલોનું કામ, સાવ થાકી ગયેલા મગજની નીપજ વગેરે જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે, પરંતુ બધો કાદવ ઉડાડયા પછી, ટીકાકારોએ ગળાં ફાડી ફાડીને બૂમો પાડયા પછી, ઘાંટા બંધ થયા પછી, નિંદકો હતાશ થઈ ચાલ્યા ગયા પછી, માત્ર એક વસ્તુ અવિચળ ને તે સ્થાયી રહી છે-ખ્રિસ્ત અને તેમનું વચન.

બધાં જ સૈકાંઓમાં ખ્રિસ્તના ઉપદેશોને "અમર અને શ્રેષ્ઠ કોટિના" તરીકે બિરદાવવામાં આવ્યા છે. બાઈબલે સંસ્કૃતિના જુવાળો પર અસરો પહોંચાડી છે. સાહિત્ય તેમાંથી ઉછીનું લે છે, કાયદા ઘડવાનું શાસ્ત્ર તેનો આધાર લે છે. મોટા ભાગના જે નિયમોથી આપણે જીવીએ છીએ, અને જે દ્વારા રાજ્યોનો વહીવટ થાય છે તે બાઈબલમાંથી લેવામાં આવ્યા છે. ઘણા મહાન વિદ્વાનોએ તેમના જ્ઞાનનું મૂળ બાઈબલ છે તેવું દર્શાવ્યું છે

ભાવિ ઈતિહાસના આલેખ કે નકશા તરીકે કશું પણ બાઈબલની બરોબરી કરી શકે તેમ નથી. હજારો વર્ષો પહેલાં તેમાં ભાખવામાં આવેલાં ભાવિકથનો આજે સાચાં ઠરે છે. દુનિયાનો અંત આવે તે પહેલાં થનારા બનાવોનું ખ્રિસ્તે આવું ચિત્ર દોર્યું છે. "પ્રજાઓ અરસપરસ લડશે અને રાજ્યો એકબીજા પર આક્રમણ કરશે. મોટા મોટા ધરતીકંપો થશે, ઠેકઠેકાણે દુકાળ પડશે અને રોગચાળો ફાટી નીકળશે."[૧] બસ બરાબર એવું જ બની રહ્યું છે. મધ્યપૂર્વમાં આરબો ઈઝરાયલીઓ સામે લડી રહ્યા છે. પાકિસ્તાનના લશ્કરે થોડાંક સપ્તાહોમાં ત્રીસ લાખ (પૂર્વ–પાકિસ્તાન) બાંગ્લાદેશીઓનો ખુરદો બોલાવી દીધો હતો. આજે પણ હુલ્લડગ્રસ્ત ઉત્તર આયર્લેંડમાં

૧. લૂક ૨૧ : ૧૦, ૧૧

પ્રોટેસ્ટન્ટો અને કેથોલિકો એકબીજાની હત્યામાં મશગૂલ છે. દુનિયાના ઘણા વિસ્તારોમાં દુકાળો વારેવારે ડોકિયાં કરે છે.

એકહજારથી વધુ ભાષાઓ અને બોલીઓમાં બાઈબલનું ભાષાંતર કરવામાં આવ્યું છે. બીજું કોઈ પુસ્તક આવા જબરદસ્ત વિતરણનો દાવો કરી શકે તેમ નથી. વિશ્વની દરેક પુલપીટ (વ્યાસપીઠ) પરથી પ્રત્યેક રવિવારે ખ્રિસ્ત અને તેમના શુભસંદેશ પર હજારો વ્યાખ્યાનો આપવામાં આવે છે. એવો એક પણ દિવસ ખાલી જતો નથી જ્યારે શુભસંદેશનો પ્રચાર ન થતો હોય. "ખ્રિસ્તી શુભસંદેશની અસર નીચે આવ્યો ન હોય એવો એકે માણસ આ પૃથ્વીના દૂર દૂરના પ્રદેશોમાં પણ નહિ હોય. આ તો અતિશયોક્તિ જેવું લાગે, પરંતુ જો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો તે સત્ય સાબિત થશે."[૨]

સર આઈઝેક ન્યૂટન, ફેરેડે, સર જેમ્સ સિમ્પસન, વોશિંગ્ટન કાર્વર અને એવા ઘણા સુપ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોએ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે અને તેમની ભક્તિ કરી છે.

તેમની સર્વથી મહાન શોધ કઈ છે એ વિશે સિમ્પસનને એક વાર પૂછવામાં આવ્યું 'ક્લોરોફોર્મ' એવો ઉત્તર આપવાને બદલે સિમ્પસને કહ્યું, "૧૮૬૧ના ડિસેમ્બરની ૨૫મીએ મેં શોધી કાઢ્યું કે હું પાપી છું અને ઈસુ ખ્રિસ્ત મારા મુક્તિદાતા છે. એ મારી મહાનમાં મહાન શોધ છે."

તેમની સંભાવનાઓ કે વૈજ્ઞાનિક કલ્પનાઓ કઈ છે તે વિશે પુછાતાં ફેરેડેએ કહ્યું, "સંભાવનાઓ? મારી કોઈ અટકળો નથી. હું તો નિશ્ચિત વાતો પર આધાર રાખું છું. હું જેમના પર વિશ્વાસ રાખું છે, તેમને ઓળખું છું અને એ દિવસે મેં તેમને જે વચનો આપ્યાં છે તે હું નિભાવી શકું એ માટે તે પૂરતા શક્તિશાળી છે."

ઈસુ ખ્રિસ્ત શ્રીમંત ન હતા. તેમની પાસે ન હતાં વૈભવશાળી મકાનો કે ન હતી જમીન. તેમની પાસે ન હતું કશુ બેન્ક બેલેન્સ, કે ન હતા ધનવાન સગાંસંબંધીઓ. તેમણે કહ્યું હતું, "લોંકડીઓને દર હોય છે અને

---

૨. Intelligence Digest ( December 1953 )

આકાશનાં પક્ષીઓને માળા હોય છે, પરંતુ માનવપુત્રને તે માથું મૂકી શકે તેવી પણ જગા નથી."

તે ગરીબીમાં જન્મ્યા હતા, કરકસરમાં તેમનો ઉછેર થયો હતો. સુથારની દુકાનમાં ૨૫ વર્ષ કરતાં વધુ સમય પરસેવો પાડયો હતો. સ્વનકારવાળું જીવન જીવ્યા હતા. એકાકી ટેકરીઓ અને સૂકાંભઠ રણો વચ્ચે ઘૂમતા રહ્યા હતા. તેમની પાસે એક તસુભાર પણ જમીનનો ટુકડો ન હતો, ક્રૂસ ઉપર તેમની પ્રતિષ્ઠા અને સ્વમાનનાં ચીંથરાં પણ ઊડી ગયાં હતાં અને પારકી કબરમાં તેમને દાટવામાં આવ્યા હતા. ભૌતિક રીતે અકિંચન એવા આ ઈસુએ અસંખ્ય લોકોને અખૂટ દ્રવ્ય દ્વારા પણ જે ખરીદી શકાય તેવા એટલે શાશ્વત જીવન દ્વારા તેમની કલ્પનામાં ન હોય તેટલી હદે ધનવાન બનાવ્યા.

પૈસા દ્વારા ન ખરીદી શકાય તેવી વસ્તુઓ આપણને આપે છે-જીવનનો અર્થ અને તેનો હેતુ, મનની શાંતિ, આવતી કાલ માટે આશા, દુઃખ અને યાતનાના સમયોમાં આનંદ અને જેમને ચાહી ન શકાય તેમને માટે પ્રેમ. આપણી દયાપાત્ર નૈતિકતાનાં ચીંથરાંમાંથી તે આપણને તેમના 'રાજ્યના વૈભવની' ભલાઈથી વિભૂષિત કરે છે. અમે બધા અપવિત્ર (અશુદ્ધ) થઈ ગયા છીએ, અને અમારાં ધર્મકાર્યો મેલાં વસ્ત્રો જેવાં છે."[3] જ્યારે ખ્રિસ્ત આપણાં જીવનો પર અધિકાર મેળવે છે, ત્યારે આપણે ઈશ્વરના રાજ્યના લોકો માટે રાખેલી આશિષો મેળવીને ઈશ્વરના રાજ્યના સહવારસ બનીએ છીએ.[4]

એલેકઝાંડર કે નેપોલિયનની જેમ ખ્રિસ્તે કોઈ માનવી લશ્કરોની આગેવાની લીધી નથી, છતાં પોતાના નેતા માટે જીવ આપી દે તેવા વિશ્વાસુ અનુયાયીઓની મોટી ફોજ તેમની પાસે છે. અને ખ્રિસ્તના લશ્કરમાં વધુ ને વધુ 'સૈનિકો' જોડાતા જાય છે તેથી આપણે ચોક્કસપણે કહી શકીએ કે તે થઈ ગયેલા વિજેતાઓમાં સૌથી મહાન છે.

ખ્રિસ્તે કોઈ દુન્યવી રાજ્ય સ્થાપ્યું નથી, છતાં લાખો લોકો તેમને પોતાના રાજા અને પ્રભુ તરીકે સ્વીકારે છે. રાજવંશીઓ અને કૃષિકારો

---

૩. યશાયા ૬૪ : ૫ ૪. રોમનો ૮ : ૧૭

પર તે એકસરખું આધિપત્ય ભોગવે છે. ઈન્ડોનેશિયા અને ભારતનાં ગ્રામજનો જેવા આદરભાવ ને ભકિતભાવથી બ્રિટનનાં રાણી એલિઝાબેથ, નેધરલેન્ડનાં રાણી જુલિયાના અને સિંગાપુરના પ્રમુખ શીઅર્સ ખ્રિસ્તનું ભજન કરે છે.

કોઈકે કહ્યું છે કે, 'નેપોલિયન માટેનું સ્મારક પથ્થરો પર નહિ પણ માનવી ખોપરીઓ પર રચાવું જોઈએ!' કારણ, હજારો જીવનોનો ભોગ લઈને નેપોલિયને સત્તા પ્રાપ્ત કરી હતી. દુનિયાના બધા વિજેતાઓ માટે આ સાચું છે. તેમણે રક્તની નદીઓ વહેવડાવી છે, હજારો એકર ફળદ્રુપ જમીનોનો વિનાશ કર્યો છે, અને અસંખ્ય ગામડાં અને શહેરોને ધરાશાયી બનાવી દીધાં છે. બંને વિશ્વયુદ્ધ જેવાં યુદ્ધોમાં કેટલો વિનાશ થયો તે કયારે પણ જાણી શકાશે નહિ.

જયારે ક્રૂર ને સત્તાભૂખ્યા માણસો કોઈ રાષ્ટ્રનો કબજો લે છે ત્યારે પ્રેમ અને વફાદારી દ્વારા નહિ પરંતુ ધાકધમકી અને ભયની એક વ્યવસ્થિત નીતિ દ્વારા તે લોકોની રાજનિષ્ઠા બળજબરીપૂર્વક કાબૂમાં રાખે છે, ખ્રિસ્તનું જ એક રાજય એવું છે જે પ્રેમ પર રચાયું છે. તેનો પાયો નખાયો છે માયાળુપણા દ્વારા. તે મજબૂત બન્યું છે, ક્ષમા દ્વારા, તેને સુરક્ષિત રાખવામાં આવે છે. પામવા કરતાં આપવામાં વધુ ધન્યતા છે અને ભૌતિક સમૃદ્ધિ કરતાં મનુષ્યનો આત્મા વધુ મૂલ્યવાન છે તેવું તેમણે આપણને શીખવ્યું. જે તલવારથી જીવે છે તે તલવારથી જ મરશે એ હકકીત પર તેમણે ભાર મૂકયો. તેમણે માત્ર આપણા મિત્રો પર જ પ્રેમ રાખવાનું કહ્યું નહિ પરંતુ આપણા શત્રુઓ માટે પણ પ્રાર્થના કરવાનું કહ્યું. જયારે આપણે દુનિયાના અન્ય વિજેતાઓની સાથે આ વિજેતાને મૂકીએ છીએ ત્યારે પનીરથી જેમ રંગીન ચાક જુદો પડે તેમ તે જુદા પડી જાય છે; કારણ, તે કોઈ ગભરાટભરી વફાદારી કે ભૌતિક સુખસંપત્તિ કે વધુમાં વધુ લોકોનું વધુમાં વધુ હિત કે એવું બીજું પોતાના લોકો માટે ચાહતા નથી, પરંતુ તે સર્વને માટે સ્વાતંત્ર્ય અને ઉદ્ધાર ચાહે છે. એટમ બોંબ દ્વારા કોઈ એક શહેરનો

સમૂળગો વિનાશ કરવો કે સમગ્ર માનવજાતિના ઉદ્ધાર માટે પોતાના પ્રાણનું બલિદાન આપવું, તે બંનેમાં ચઢિયાતું કયું છે?

ખ્રિસ્તનો વધસ્તંભ એ બહુમાનનું આંતરરાષ્ટ્રીય ચિહ્ન બન્યો છે. શહેનશાહો, રાજાઓ, વડા પ્રધાનો અને લશ્કરોના જનરલો સન્માનસૂચક ચિહ્ન તરીકે તે પોતાની છાતી પર ધારણ કરે છે, ફર્સ્ટ એઈડ, રેડક્રોસ જેવી સંસ્થાઓની સહાયના સાર્વત્રિક પ્રતીક તરીકે પણ તે વપરાય છે.

રાણી મેરી કે હિટલર આજે કેટલા બળવાન છે? નેપોલિયન કે મહાન એલેકઝાંડરનાં રાજ્યો આજે કયાં છે? હાલની પેઢીના કેટલાક તેમને પોતાની વફાદારી કે નિષ્ઠા સમર્પિત કરવા તૈયાર છે? તેની સામે, આજની દુનિયા ઉપર અને તેની પહેલાંના પ્રત્યેક યુગ ઉપર ખ્રિસ્તની જે અદ્‌ભુત અસરો પડી છે તેની તુલના કરો. બે હજાર વર્ષ પહેલાં યરુશાલેમની સાંકડી ગલીઓ ખૂંદી નાખનાર નાઝારેથના ઈસુ કેટલા બધા પ્રચંડ કે મહાન વિજેતા છે!

## ૧૫ જો ખ્રિસ્ત ન આવ્યા હોત તો........

શું તમે થોડી ક્ષણો માટે એ વિચારવા થોભ્યા છો કે જો ખ્રિસ્ત આવ્યા જ ન હોત તો જીવન કેવું જુદા પ્રકારનું હોત ? જો તે સ્વર્ગમાં જ રહ્યા હોત તો આપણને ખ્રિસ્તી કહેવડાવવાનો અધિકાર જ ન હોત. દુનિયામાં નાનકડાં પ્રભુમંદિરો કે ભવ્ય કેથેડ્રૂલો પણ ન હોત.

જો ખ્રિસ્ત આવ્યા ન હોત તો માલાખીના પુસ્તક પછી બાઈબલનો અંત આવ્યો હોત. ઈશ્વર આપણા પર પ્રેમ રાખે છે, આપણે માટે તેમણે પોતાના જીવનનું અર્પણ કરી દીધું એવું આપણને જણાવનાર નવો કરાર ન હોત. અનંતકાળ માટે માનવજાતિનો સર્વનાશ થઈ ગયો હોત. લાખો જીવ પર આવેલાં પુરુષો અને સ્ત્રીઓએ સારાં કર્મો, તપસ્યા અને યાત્રાઓ દ્વારા ઈશ્વર સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યા હોત. પરંતુ પાપની ભયંકર અને કાયમની ભુલ-ભુલામણીમાંથી બહાર નીકળવાનો રસ્તો તેમને જડયો ન હોત. લાખો લોકોએ કદી પણ શુભસંદેશ સાંભળ્યો ન હોત, મુક્તિદાતાએ પોતાના લોકો પર એટલો બધો પ્રેમ કર્યો કે તેમને માટે તેમણે પોતાની જાતનું બલિદાન પણ આપી દીધું એ સુસમાચાર તેમણે કદી પણ જાણ્યા ન હોત.

જો ખ્રિસ્ત જગતમાં આવ્યા ન હોત તો કોઈ પાપરીઢા ગુનેગારો, બંધાણીઓ, દારૂડિયાઓ, ભયથી ગભરાતા મનની અસ્થિરતાવાળા માણસો, હૃદય-ભગ્ન યુવાનો અથવા એકાકી જીવન ગાળતા વૃદ્ધોએ તેમને સુખી, સંતોષી અને વિજયી માણસોમાં ફેરવી નાખનાર ખ્રિસ્તના પરિવર્તનકારી પરાક્રમને કદીયે જાણ્યું ન હોત.

ખ્રિસ્ત વિના તેમના નામે ઓળખાતી ઘણી સ્કૂલો, કૉલેજો, હૉસ્પિટલો અનાથાશ્રમો, અંધજનો માટેનાં ગૃહો અને આશ્રયસ્થાનો અસ્તિત્વમાં આવ્યાં ન હોત. પોતાનાં ઘરકુટુંબ, માલમિલકત અને સુખચેન છોડીને પુરુષો અને સ્ત્રીઓ જગતના દૂરદૂરના અને (જંગલી) અસંસ્કૃત વિસ્તોરોમાં ઈસુના નામે સેવા કરવા પ્રેરાયા ન હોત. સુવાર્તિકો, મિશનરીઓ, ઉપદેશકો, ખ્રિસ્તી

ડૉકટરો અને નર્સો ન હોત.

ખ્રિસ્તનું આગમન વર્ષોની ગણતરી કરવામાં મદદ કરે છે. ઈતિહાસ બે મુખ્ય વિભાગોમાં વહેંચાયેલો છે. ઈસ્વીસન પૂર્વે (B.C. = Before Christ) અથવા ખ્રિસ્ત પહેલાં અને (A.D. = Anno Domini in the year of our Lord) અથવા ઈસુ સંવતમાં. આપણું આજનું પંચાગ આ વિભાજન પર આધારિત છે. ખ્રિસ્ત સિવાય વર્તમાન કેલેન્ડરની યોજના આ રીતે ન થઈ હોત.

ઈતિહાસ, સંસ્કૃતિ, કાયદાશાસ્ત્ર અને શિક્ષણ ઉપરની ખ્રિસ્તની અસરો માપી શકાય તેમ નથી. જો આપણા પ્રભુએ સ્વર્ગમાં જ રહીને પિતાના ગૌરવમાં જ સુખ માણવાનું પસંદ કર્યું હોત તો આપણી સંસ્કૃતિની એક સંપૂર્ણપણે જુદી જ ભાત હોત. પૃથ્વી પરના સામ્યવાદી દેશો સહિતના બધા જ દેશો માને છે કે કાયદાના શાસન નીચે બધા સમાન છે અને આ સિદ્ધાન્ત તો ખ્રિસ્તના શિક્ષણની પ્રતિકૃતિ છે. જે નૈતિક નિયમો અનુસાર આપણે જીવીએ છીએ અને પોતાની નીતિ ઘડવામાં જેમનો માર્ગદર્શક સિદ્ધાન્તો તરીકે સરકારો ઉપયોગ કરે છે તે ગિરિપ્રવચન પર આધારિત છે.

જો ખ્રિસ્ત આવ્યા ન હોત તો આ દુનિયા પ્રેમરહિત અને નિયમરહિત હોત; ખ્રિસ્તના સમયમાં હતાં તેવા રોમન નિયમો અને ન્યાયપદ્ધતિ પ્રવર્તતાં હોત અને જ્યારે જ્યારે માણસો ખ્રિસ્ત તરફ પીઠ ફેરવે છે ત્યારે એવી જ દુનિયાનું સર્જન કરે છે. મૂર્તિપૂજા, જાદુ, સ્વૈરાચાર અને અંધાધૂંધી આજની દુનિયામાં પ્રવર્તતાં હોત. સ્ત્રીઓનું હજુ પણ ભયંકર શોષણ થતું હોત, ગુલામીની પ્રથા હજીયે પ્રવર્તતી હોત અને સામાજિક તથા કૌટુંબિક જીવનને અનૈતિકતાના સડાએ છિન્નભિન્ન કરી નાખ્યું હોત.

નેપોલિયન અને હિટલરનાં સામ્રાજ્યોની જેમ સામ્રાજ્યો ઊગે છે ને આથમે છે, પરંતુ સમયની આંધી સામે જે એક માત્ર સામ્રાજ્ય ટકી રહ્યું છે તે માત્ર ખ્રિસ્તનું છે. જો ખ્રિસ્ત આવ્યા ન હોત તો પુરુષો અને સ્ત્રીઓને એક સ્વર્ગીય, સાર્વકાલિક રાજ્યના ભાગીદાર હોવાનો વિશેષ અધિકાર મળ્યો ન હોત. દુન્યવી રાજ્યો ક્ષણભંગુર હોય છે. તેઓ ક્ષણિક ઝલક

દર્શાવી જાય છે. અને તેઓ કકડભૂસ થઈને તૂટી પડે છે. ખ્રિસ્તનું રાજ્ય તો અમેરિકા, યુરોપ, એશિયા, આફ્રિકા, અને ઓસ્ટ્રેલિયા સુધી બધે જ વ્યાપેલું છે. દુનિયાના દૂર દૂરના સ્થળોએ પણ તે વિસ્તરેલું છે. લગભગ ૯૦ થી ૧૦૦ કરોડ માણસો પોતાને ખ્રિસ્તી કહેવડાવે છે, જે દુનિયાની વસ્તીનો લગભગ ત્રીજો ભાગ છે. અક્ષરશ: ખ્રિસ્તના રાજ્યમાં સૂર્ય કદી આથમતો નથી. જ્યારે એશિયાના લોકો રાત્રે ઈશ્વરથી ભક્તિસ્તુતિ બંધ કરે છે. ત્યારે બીજા ગોળાર્ધમાં તેમના સાથી મસીહીઓ ઈશ્વરની સ્તુતિભક્તિ આરંભે છે. આમ જો ખ્રિસ્તે માનવદેહ ધારણ કર્યો ન હોત તો લાખો લોકોને તેમના અનંત કે મૃત્યુવિહીન સામ્રાજ્યમાં ભાગ લેવાનો હક પ્રાપ્ત થયો ન હોત.

જે વિશાળ સંખ્યામાં લોકો તેમના પ્રભુને નામે ધાર્મિક અને સમાજોપયોગી સેવાકાર્યો કરે છે તેનો વિચાર કરો. વિલિયમ કેરી, ડેવિડ લિવિંગસ્ટન, પેટરસન, માર્ટિન, ચેમર્સ, હડસન ટેલર, હેનિંગટન, મેકે, પિલિકંગટન, જેમર, સી. ટી. સ્ટડ, પેટન, જનરલ બૂથ, એસિસિના સંત ફ્રાન્સિસ, લૉર્ડ શેફ્ટસબરી, જ્યોર્જ મૂલર, ડૉ. બર્નાર્ડ, ફ્લોરેન્સ નાઈટિંગેલ, ઈલિઝાબેથ ફ્રાય અને પંડિતા રમાબાઈ તથા નારાયણ વામન તિલક જેવા અસંખ્ય સેવાભાવી સંતોનો વિચાર કરો.

માનવજીવન અને સાહિત્ય પર ઊંડી છાપ મૂકી જનાર શેઈકસપિયર, મિલ્ટન, ડિકન્સ, ડિઝરાયલી, ચાર્લ્સ કિંગસલે અને જહૉન બન્યન જેવા સમર્થ સાહિત્યસ્વામીઓને યાદ કરો. ડી. એલ. મૂડી, સી. એચ. સ્પજર્યન, જહૉન વેસ્લી, બીલી સન્ડે, જહોન સૂંગ અને સાધુ સુંદરસિંગ કે વિશ્વવિખ્યાત બિલિ ગ્રેહામ જેવા સુવાર્તિકોને સંભારો.

માનવસંસ્કૃતિ ઉપર ઈસુની નોંધપાત્ર અસર વિશે એચ. જી. વેલ્સ લખે છે. "દરેક મનુષ્ય વ્યકિતગત રીત ઈશ્વરના પિતાપણા નીચે આવે અને સ્વર્ગના રાજ્યમાં હિસ્સેદાર બને તેવા સાદા, નવા છતાં ગહન વિચારોને કારણે ઈસુ તેમનું કાયમી અધિકારવાળું સ્થાન પ્રાપ્ત કરે છે. દષ્ટિબિન્દુના આ ક્રાંતિકારી પરિવર્તને માનવી વિચારસરણીને ખળભળાવી મૂકી છે અને તેમાં ધરમૂળથી પરિવર્તન આણ્યું છે. જે દિવસે એ સિદ્ધાન્ત પ્રગટ કરવામાં

આવ્યો ત્યારથી આ દુનિયામાં પરિવર્તનનો આરંભ થયો છે."

પ્રોફેસર લાટૂરે કહે છે, "સંસ્કૃતિના વિકાસના પ્રત્યેક તબકકાને ઘડવામાં સહાયક બને તેવી ચાલનાઓ કે પ્રેરણાઓ ખ્રિસ્તમાંથી પ્રાપ્ત થઈ છે."

૧૯૫૪ના રીડર્સ ડાઈજેસ્ટની અમેરિકન આવૃત્તિમાં "એક અનન્ય જીવન" એ શીર્ષક નીચે નીચેનું લખાણ મળે છે:

"એ જુવાન એક અપ્રસિદ્ધ ગામમાં એક ગામડાની સ્રીને પેટે જન્મ્યા હતા. બીજા એક સામાન્ય ગામમાં તે ઊછર્યા. ત્રીસ વર્ષની ઉંમર સુધી તેમણે સુથારની દુકાનમાં કામ કર્યું, ત્યાર પછી તેમણે પગપાળા મુસાફરીઓ કરી અને લોકોને બોધ કર્યો. તેમણે કદી કોઈ પુસ્તક લખ્યું નથી. તેમણે કદી કોઈ હોદ્દો ભોગવ્યો નથી. તેમની પાસે ન હતું ઘર કે ન હતું કુટુંબ. કોઈ શાળા કે કૉલેજમાં તેમણે શિક્ષણ મેળવ્યું નથી. કોઈ મોટા શહેરમાં તેમણે પગ મૂકયો ન હતો. તેમના જન્મસ્થળથી ૨૦૦ માઈલ વધારે દૂર તેમણે કદી મુસાફરી કરી નથી. મહાનતા સાથે સામાન્ય રીતે સંકળાયેલી હોય તેવી કોઈ વસ્તુ તેમણે કરી નથી. પોતાના સિવાય તેમની પાસે કોઈ ભલામણપત્ર ન હતું.

હજુ તે જુવાન હતા ત્યારે લોકમત તેમની વિરુદ્ધ ગયો. તેમના મિત્રોએ તેમને તજી દીધા. તેમના દુશ્મનોને હવાલે તેમને કરી દેવામાં આવ્યા. દ્રોહીઓના તે શિકાર બન્યા. ન્યાયની મશ્કરી કરે તેવા મુકદ્દમો તેમની સામે ચલાવવામાં આવ્યો. બે લૂંટારાઓ વચ્ચે એક ક્રૂસ ઉપર ખીલા મારી તેમને જડી દીધા. ક્રૂસ ઉપર તે મરણાવસ્થામાં હતા ત્યારે તેમની એક માત્ર સંપતિરૂપ એવા ઝભ્ભા માટે તેમને ક્રૂસે જડનારા જુગાર રમતા હતા. તે મરણ પામ્યા ત્યારે એક મિત્રની ઉદારતાને કારણે તેમના શબને પારકી કબરમાં મૂકવામાં આવ્યું.

આજે આ વાતને ઓગણીસ સદીઓ વીતી ગઇ છે, છતાં આજે પણ તે વ્યકિત માનવજાતિના કેન્દ્રસ્થાને છે અને માનવીને પ્રગતિને પંથે દોરી જાય છે.

હું ખાતરીપૂર્વક કહું છું કે આજ સુધી ધરતીની પીઠ પર જે લશ્કરોએ કૂચ કરી છે, જે નૌકાદળનાં વહાણો બાંધવામાં આવ્યાં છે, અને જે લોકસભાઓની બેઠકો મળી છે, જે રાજકર્તાઓએ વહીવટ કર્યો છે, તે બધું જ

એકઠું કરવામાં આવે તો તેમણે સાથે મળીને પૃથ્વી પરના માનવજીવન માટે જેટલું ઉન્નતિકારક કામ કર્યું છે તે કરતાં ઘણું વધારે કામ આ અનન્ય જીવને કે વ્યકિતએ કર્યું છે."

ઈસુ ખ્રિસ્ત કોઈ ચોક્કસ યુગ કે સમયના નથી. તે સ્થળ કે જાતિનાં બંધનોથી બંધાયેલા નથી. તે માત્ર પૂર્વના નથી કે માત્ર પશ્ચિમના નથી, પરંતુ તે બધાં સ્થળોના બધા લોકોના છે. તેમણે કહ્યું હતું, "જો મને ઊંચો કરવામાં આવશે તો હું બધા માણસોને મારી તરફ ખેંચીશ." ઈશ્વરે દુનિયા પર એટલો (બધો) પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનોએક પુત્ર આપી દીધો, જેથી તેમના ઉપર જે કોઈ વિશ્વાસ મૂકે તે મરણ ન પામે પરંતુ સાર્વકાલિક જીવન પ્રાપ્ત કરે."[૨]

ખ્રિસ્તમાં નથી કોઈ સામાજિક નિષેધ કે પ્રતિબિંબ, નથી કોઈ રંગદ્વેષ કે નથી કોઈ પૂર્વગ્રહ, "આમ યહૂદી કે બિનયહૂદી, ગુલામ કે સ્વતંત્ર, પુરુષ કે સ્ત્રી વચ્ચે હવે કોઈ તફાવત નથી. ઈસુ ખ્રિસ્ત સાથેના સંબંધને લીધે તમે બધા એક છો."[૩]

દરેક જાતિના અને વર્ણના અસંખ્ય લોકો રુડયાર્ડ કિપ્લિંગના આ સિદ્ધાંતનો વિરોધ કરશે: "પૂર્વ એ પૂર્વ છે, પશ્ચિમ એ પશ્ચિમ છે, બંને કદી મળવાનાં નથી." માત્ર આપણા પ્રભુ જ વિશ્વએકતા લાવી શકે તેમ છે તેમ સમજ્યા વિના રાજદ્વારીઓ, વિચારકો, તત્ત્વચિંતકો અને કેળવણીકારો આ દુનિયાને એક કરવાના પ્રયત્નો કરી રહ્યા છે.

માનવી હૃદયમાં પરિવર્તન લાવવાની ખ્રિસ્તની શક્તિમાં તેમની સફળતાનું રહસ્ય છે–આ જ વસ્તુ એવી છે જે માનવીનું સમગ્ર જ્ઞાન અને કૌશલ્ય કદી કરી શકયું નથી અને શિક્ષણ તથા કાયદાશાસ્ત્ર કદી કરી શકવાનું નથી. જ્યારે માણસ તેના બધા દ્વેષ, ગર્વ અને ભૌતિક વાનાં પ્રત્યેની આસક્તિમાંથી મુક્ત થાય છે ત્યારે જ, એટલે હૃદયના સાચા પરિવર્તન સાથે સાચી એકતા આવે છે. પ્રોફેસર સી. ઈ. જોડ લખે છે, "માનવી હૃદયમાં કોણ પરિવર્તન

૨. યોહાન ૩ : ૧૬    ૩. ગલાતી ૩ : ૨૮

લાવી શકે તે અમે જાણીએ છીએ. બે હજાર વર્ષોથી અમને તેનું જ્ઞાન છે. માત્ર ખ્રિસ્તી ધર્મ જ માનવી હૃદયમાં બદલાણ લાવી શકે છે."

વિશ્વ શાંતિ માટે તલપે છે, છતાં આ જ દુનિયાએ શાંતિના રાજકુંવરને વધસ્તંભે જડી દીધો. જ્યાં સુધી તે ખ્રિસ્ત તરફ શાંતિ માટે ફરે નહિ ત્યાં સુધી માણસ કદી પણ પણ શાંતિનો સાચો અર્થ પામી શકશે નહિ; માત્ર ત્યારે જ એકતા અને ભાઈચારાનાં આભાસી સ્વપ્નો સત્ય બનશે.

સાજાપણું પમાડવું, પરિવર્તન લાવવું અને નવું બનાવવું—ખ્રિસ્તની એ શક્તિઓ આ દુનિયા પરના તેમના ત્રણ વર્ષના સેવાકાર્ય પૂરતી જ સીમિત નથી. તેમનું પરાક્રમ તો અત્યારે પણ કામ કરી શકે છે. ડૉ. ડબલ્યુ. એચ. જી. ટોમલ લખે છે: "દુનિયા પર તે હતા તે કરતાં વધુ અદ્‌ભુત કામો ખ્રિસ્ત આજે કરી રહ્યા છે—એટલે આત્માઓનો ઉદ્ધાર કરવો, જીવનોમાં પરિવર્તન લાવવું, ચારિત્ર્યોનું રૂપાંતર કરવું, ઉન્નત આદર્શો પૂરા પાડવા, પ્રેરણાદાયી સમાજસેવાના કાર્યો અને માનવજીવન અને પ્રગતિ માટે સૌથી શ્રેષ્ઠ અને સૌથી ઊંચાં શિખરો સર કરવાના કામ માટે પ્રેરણા આપવી.

ભૂતકાળમાં હતી તે કરતાં ઈસુ ખ્રિસ્તનાં કામોની સાક્ષી આજે ઓછી વાસ્તવિક નથી. "દુનિયાના ઈતિહાસનાં સૌથી મહાન નામો વિશે વિચારતા આ અનિવાર્ય અને એકસરખો અનુભવ થાય છે કે આ અથવા તે માણસ સર્વપ્રથમ એક સત્તા હોય છે, પછી તે એક નામ બની જાય છે અને અંતે તો માત્ર એક નાની શી યાદ રૂપે જ રહી જાય છે. આનાથી તદ્દન વિરોધી વાત ઈસુ ખ્રિસ્ત માટે સાચી છે."

લોકો તેમના પૈસા વિશે કેવા સાવચેત રહે છે, તેને છોડવા કેવી આનાકાની કરે છે! જાણે જીવનનું લોહી આપવાનું હોય તેટલું પૈસા આપતાં તેમને દુ:ખ થાય છે! ખ્રિસ્ત માણસોનાં જીવનો પર એવો સંપૂર્ણ અધિકાર ધરાવે છે કે તેઓ તેમને માટે પોતાની બધી દુન્યવી સમૃદ્ધિ આપી દેવા તૈયાર થઈ જાય છે તે કેટલું વધુ આશ્ચર્યકારક છે! ખ્રિસ્તના કામ માટે કરોડો ડોલરો રાજીખુશીથી, કશા દબાણ વિના અને મોટો ભોગ આપીને આપવામાં આવે છે.

જોન વેસ્લીએ લગભગ ૪૦,૦૦૦ પાઉન્ડ ખ્રિસ્તનાં કામ માટે આપી દીધા, એ તેમના લેખનકાર્યની કમાણી હતી. જ્યારે તે મૃત્યુ પામ્યા ત્યારે તેમની પાસે જિંદગીની મૂડીરૂપે માત્ર થોડાક પાઉન્ડ હતા.

વિશ્વવિખ્યાત ક્રિકેટર સી. ટી. સ્ટડે શુભસંદેશના પ્રચારકાર્યમાં પોતાનાં નાણાંનો મોટો ભાગ રોકયો હતો. અને ચીન તથા આફ્રિકામાં સુવાર્તાનું કાર્ય કરવા માટે ખૂબ નાણાં પ્રાપ્ત થાય તેવી ઉજ્જવળ કારકિર્દીનો ત્યાગ કર્યો હતો.

વિલિયમ કોલ્ગેટ પોતાની આવકનો દસમો ભાગ શુભસંદેશના પ્રચાર માટે આપતા અને કુટુંબની પોતાની જવાબદારીઓ પૂરી કર્યા પછી તેમણે પોતાની પાસે હતું તે બધું જ ખ્રિસ્તને સમર્પિત કર્યું.

ચર્ચ મિશનરી સોસાયટીએ માત્ર અંગ્રેજ સમર્થકો પાસેથી ૧૯૪૮ના વર્ષમાં પાંચ લાખ પાઉન્ડ પ્રાપ્ત કર્યા. ૧૯૫૧માં બ્રિટિશ અને ફોરિન બાઈબલ સોસાયટીએ વારસામાં ૧,૧૯,૪૧૫ પાઉન્ડ મેળવ્યા.

હટિંગ્ટન સ્ટોન અને આર્થિન્ટન નામના વેપારીઓએ એક કરોડ ને પાંચ લાખ પાઉન્ડ આપી દીધા—પોતાનું સર્વસ્વ આપી દીધું, જેથી જ્યાં ખ્રિસ્તનું નામ કદી પહોંચ્યું નથી તેવા દુનિયાના દૂર દૂરના ખ્રિસ્તી વિભાગોમાં ખ્રિસ્તનો સંદેશો પહોંચી શકે.

આપણા સમયમાં રોબર્ટ જી લા ટોરો નામના કરોડપતિ એન્જિનિયર પોતાની આવકનો ૯૦ ટકા ભાગ ખ્રિસ્તને આપી દે છે અને તેમના દ્વારા મળતા મબલક દાનમાંથી ઘણી મિશનરી પ્રવૃત્તિઓ ચાલે છે.

હજારો ખ્રિસ્તીઓ પોતાની આવકનો ઓછામાં ઓછો દસમો ભાગ ઈશ્વરને આપે છે—અર્પણ કરે છે.

પોતાના મૃત્યુનાં બે હજાર જેટલાં વર્ષો પછી ખ્રિસ્ત સિવાય બીજો કોણ માણસોની જિંદગીઓ પર અસર પહોંચાડવાનો દાવો કરી શકે?

આખી દુનિયાના દરેક રાષ્ટ્રમાં ખ્રિસ્તના શુભસંદેશનો પ્રચાર કરવામાં આવે છે. સુવાર્તિકો અને મિશનરીઓ દ્વારા કરવામાં આવતા વ્યકિતગત અને સામૂહિક પ્રચારો ઉપરાંત રેડિયો ઉપરથી ખ્રિસ્ત અને તેમના શુભસંદેશનો

પ્રચાર રાતદિવસ ચાલુ રહે છે. "Old Fashioned Revival Hour" નામે ઓળખાતો ડૉ. ચાર્લ્સ ફૂલરનો રેડિયો કાર્યક્રમ વિશ્વના લગભગ ૯૦ ટકા વસ્તીને આવરી લે છે.

ધી ફાર ઈસ્ટ બ્રોડકાસ્ટિંગ કંપની વૉઈસ ઑફ અમેરિકા અને રેડિયો મોસ્કો પછી ત્રીજા નંબરે આવતું દુનિયાનું સૌથી મોટું રેડિયો-સંકુલ છે. તે રાતદિવસ ૫૭ ભાષાઓમાં અને બોલીઓમાં સુવાર્તાપ્રચારને જીવંત રાખે છે. "ધી ગૉસ્પેલ રેકૉર્ડિંગ ઈન્કોર્પોરેટેડ" નામની મિસ જોય રિંડરહોફ દ્વારા શરૂ થયેલી રેડિયો સુવાર્તિક સેવા લગભગ ૧૮૦ જેટલી ભાષાઓમાં બાઈબલના સંદેશાઓ રેકૉર્ડ કરી ખ્રિસ્તના જીવનદાયક પરાક્રમથી લોકોને માહિતગાર કરવા દુનિયાના ખૂણેખૂણામાં મોકલી આપે છે.

ખ્રિસ્ત પર વિશ્વાસ મૂકવા માટે લોકોને પડકાર આપવા લખાયેલા શબ્દનો પણ ખૂબ બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. દુનિયામાં ઘણાં પ્રિન્ટિંગ કારખાનાં માત્ર શુભસંદેશને જ છાપવાના કામમાં વ્યસ્ત રહે છે.

મૂડી ફિલ્મ કંપની જેવી કંપનીઓ દ્વારા લેન્ટર્ન સ્લાઈડ્ઝ, ફ્લેનલ ગ્રાફ્સ અને ફિલ્મો તૈયાર કરવામાં આવે છે, જેથી શુભસંદેશને અસરકારક રીતે રજૂ કરી શકાય. હજારો લોકોને આવાં દશ્યશ્રાવ્ય સાધનો દ્વારા ખ્રિસ્તમાં મેળવવામાં આવ્યા છે. કોઈ બિનસાંપ્રદાયિક ફિલ્મ કે પુસ્તક લોકોનાં જીવનોમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાનો દાવો કરી શકે?

વિશ્વની અનેકવિધ બાઈબલ સોસાયટીઓ પ્રતિ વર્ષ દુનિયાની લગભગ દરેક જાણીતી ભાષામાં દેવનાં વચનોની કરોડો નકલો છાપે છે અને વેચે છે કે વહેંચે છે. ૧૮૦૪થી શરૂ કરીને એકલી બ્રિટિશ અને ફોરેન બાઈબલ સોસાયટીએ પાંચ અબજથી વધુ બાઈબલો અને નવા કરાર વેચ્યા છે. આવું જ કામ 'પોકેટ ટેસ્ટામેન્ટ લીગ 'સ્કીપ્ચર યુનિયન', 'સન્ડે સ્કૂલ મિશન્સ' વગેરે સંસ્થાઓ કરે છે.

માણસો હજારો વર્ષોથી જે જવાબ શોધે છે તે ઈસુ ખ્રિસ્ત પોતે છે. ઈસુ ખ્રિસ્ત પ્રત્યેક પેઢી અને પ્રત્યેક વ્યક્તિના સમકાલીન છે. તેમની અસર વિશ્વવ્યાપી છે. તેમનું આકર્ષણ અવિરત છે. તેમનું પરાક્રમ નિ:સીમ છે.

કોઈ માણસ કદી તેમના જેવું જીવન જીવ્યો નથી. માણસ કદી તેમના જેવું કોઈ બોલ્યું નથી. તેમણે જે કર્યું તેવું કોઈ માણસે કદી કર્યું નથી. તેમના જેવું ગૌરવપ્રદ મૃત્યુ કોઈ પામ્યું નથી. મૃત્યુ ઉપર તેમણે જેવો વિજય મેળવ્યો તેવો વિજય હજુ સુધી કોઈએ પણ મેળવ્યો નથી. તેમણે જેવી અસરો પહોંચાડી છે તેવી કોઈ માણસે ઈતિહાસ પર પહોંચાડી નથી. પોતાના પુનરાગમનની જે ભવ્ય આશા તે આપે છે તેવી આશા કોઈ આપી શકતું નથી.

ટીકાકારો અને નિંદાખોરો આ હકીકતોને બાજુએ મૂકી શકે તેમ નથી. આ હકીકતોનો અનાદર થઈ શકે તેમ નથી. તેમનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેમ નથી. તેમને હળવી બનાવાય તેમ નથી. જી. કે. ચેસ્ટર્ટન કહે છે તેમ, "હળવી બનાવવી તેના કરતાં મૂર્ખાઈભરી રીતે આ હકીકતોને નરમ પાડવી ન્યાયાલયમાં કાયાફાની જેમ દુર્ભાષિણ કરી કપડાં ફાડવાં અથવા તેના માણસોની જેમ ઈસુ પર હુમલો કરવો તે વધારે સારું છે."

આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે એક ગોઝારી રાતે પિલાતે આપણા પ્રભુને ક્રૂસે જડાવવાની સજા ફરમાવી હતી. તેમના દુશ્મનોએ માન્યું હતું કે આ વિચિત્ર વ્યક્તિત્વનો હવે અંત આવી જશે. પરંતુ વાસ્તવમાં તે માત્ર આરંભ જ હતો. ત્યારથી માંડીને આજ સુધીની સર્વ સદીઓમાં સર્વ સમયો અને સ્થળોને પ્રેમના એકમાત્ર હથિયારથી (પરાભવ પમાડતાં) મહાત કરતા કરતા તે વિજયવંત કૂચ કરી રહ્યા છે.

તમારે માટે પોતાનું સર્વસ્વ જેણે કુરબાન કરી દીધું હતું, જે સમયના કિનારા અને ખડકો પરથી ઊંચે ચઢયા છે તે આજે આપણી સમક્ષ ઊભા છે. તેમના શિષ્યોને જે પ્રશ્ન તેમણે પૂછયો હતો તે જ પ્રશ્ન તે આપણી સમક્ષ મૂકે છે: "ખ્રિસ્ત વિશે તમે શું ધારો છો?"

**આપણું અનંતકાળનું ભાવિ આપણા ઉત્તર પર અવલંબે છે.**

## ૧૬ વિજેતાનું પુનરાગમન

માત્ર એક સિવાય ખ્રિસ્ત વિશે બાઈબલના જૂના કરારમાં કરાયેલ બધી ભવિષ્યવાણીઓ પૂર્ણ થઈ છે. એ ભવિષ્યવાણી છે ખ્રિસ્તના પુનરાગમન વિશે. બાઈબલ ખ્રિસ્તના આગમન વિશે ઓછામાં ઓછી ૨૫૦૦ વાર જણાવે છે અને લગભગ દરેક પુસ્તક તેનો ઉલ્લેખ કરે છે. એ ઉલ્લેખની વાર'વારિતા કે તેના વાર'વારની રજૂઆત એ કોઈ માનદંડ હોય તો ખ્રિસ્તનું પુનરાગમન એ ખ્રિસ્તી વિશ્વાસનો એક મૂળભુત સિદ્ધાંત છે. પ્રબોધકોએ અને ખ્રિસ્તે પોતે કહ્યું છે કે તે ફરીથી આવશે, કોઈ નમ્ર (ધર્મશાળામાં) જન્મ લેવા માટે નહિ કે શરમજનક ક્રૂસ વેઠવા માટે નહિ કે અનાદર અથવા બધાનો તિરસ્કાર પામવા નહિ. એ બધું તો બે હજાર વર્ષ પહેલાં બની ચૂક્યું. જયારે તે આ દુનિયામાં ફરી પાછા આવશે ત્યારે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે આવશે, પ્રત્યેક પુરુષ, સ્ત્રી અને બાળકનો ન્યાય કરવા માટે આવશે.

ઈસુ પાછા આવશે એ માન્યતાને ઘણી હકીકતો દ્વારા સમર્થન મળે છે.

### (ક) પ્રબોધકોનાં ભાવિકથનો

પ્રબોધક યશાયા ખ્રિસ્તના પુનરાગમનનું, ખાસ કરીને ખ્રિસ્તના દુનિયા પરના એક હજાર વર્ષના રાજ્યનું, સુંદર ચિત્ર આપે છે : "વરુ અને લવારુ એક ભાણે ખાશે, સિંહ બળદની પેઠે ઘાસ ખાશે અને સાપ ધૂળ ખાઈને રહેશે."[1]

મીકાહ, દાનિયેલ, ઝખાર્યા અને યોએલ જેવા બીજા જૂના કરારના પ્રબોધકો ખ્રિસ્તનું પૃથ્વી પરનું પુનરાગમન કેવું હશે તેની વિગતો જણાવે છે.

### (ખ) ખ્રિસ્તનું પોતાનું વચન

"હું જઈશ અને જગ્યા તૈયાર કરીને પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ; જેથી જયાં હું હોઉં ત્યાં તમે પણ હો."[2]

"પછી માનવપુત્ર મહાન પરાક્રમ અને મહિમાસહિત વાદળમાં આવતો દેખાશે."[3]

---

૧. યશાયા ૬૫ : ૨૫ ૨. યોહાન ૧૪ : ૩ ૩. લૂક ૨૧ : ૨૭

**(ગ) દૂતોએ આપેલું વચન**

પુનરુત્થાન પામ્યા પછી ચાલીસ દિવસો બાદ પ્રભુ ઈસુ આકાશમાં ચઢી ગયા. શિષ્યોએ જ્યારે તેમને આકાશમાં અદશ્ય થતા જોયા ત્યારે તેમનાં હૃદયોમાં ભારે દુ:ખની લાગણી થઈ, કારણ, પોતે તેમને ગુમાવ્યા છે તેવું તેમણે માન્યું.

તે જ ક્ષણે સફેદ પોશાક પહેરેલા બે દૂતો દેખાયા. તેમણે કહ્યું, "ઓ ગાલીલવાસીઓ, તમે ત્યાં ઊભા ઊભા આકાશ તરફ શા માટે તાકી રહ્યા છો? ઈસુ તમારી મધ્યેથી આકાશમાં લઈ લેવાયા છે. એ જ ઈસુને જે રીતે તે આકાશમાં લઈ લેવામાં આવ્યા તે જ રીતે પાછા આવતા તમે જોશો."[૪]

**(ઘ) પ્રેષિતોનાં વચનો**

પ્રથમ સૈકાના ધર્મસંઘના બધા સભ્યો ખ્રિસ્તના પુનરુત્થાનમાં અને તેમના પુનરાગમનમાં વિશ્વાસ રાખતા અને તેમનો પ્રચાર કરતા. ખ્રિસ્તના પૃથ્વી પરના પાછા ફરવાના સૌથી મહાન પ્રતિપાદકો કે એ વિચારસરણીના પ્રમુખ પ્રતિનિધિઓ તો પ્રેષિતો પોતે જ હતા.

સંત પાઊલે થેસ્સાલોનિકામાંના ખ્રિસ્તીઓને કહ્યું હતું : "હુકમ અપાશે, મુખ્ય દૂતનો અવાજ સંભળાશે, ઈશ્વરનું રણશિંગડું વાગશે અને પ્રભુ પોતે સ્વર્ગમાંથી ઊતરી આવશે."[૫]

સંત પીતર આમ કહે છે : "પ્રભુના આગમનનો દિવસ ચોરની જેમ આવશે. તે દિવસે આકાશ મોટા કડાકા સાથે અદશ્ય થઈ જશે, મહાભૂતો અગ્નિમાં વિલીન થઈ જશે, અને પૃથ્વી અને તેના ઉપરનું બધું બળીને ખાખ થઈ જશે."[૬]

યાકૂબ લખે છે : "તમારે પણ ધીરજ રાખવી જોઈએ. પ્રભુના આગમનનો દિવસ નજીક છે, તેથી તમે ઉચ્ચ આશા રાખો."[૭]

સંત યોહાન તો સંપૂર્ણ વિશ્વાસ સાથે કહે છે : "મારાં બાળકો તેમનામાં રહો, જેથી તેમના આગમનના દિવસે આપણામાં હિંમત હોય અને તેમની આગળ આપણને શરમાવું ન પડે."[૮]

---

૪. પ્રે. કૃ. ૧ : ૧૧　　૫. ૧ થેસ્સા. ૪ : ૧૬

૬. ૨ પીતર ૩ : ૨૦　　૭. યાકૂબ ૫ : ૮

૮. ૧ યોહાન ૨ : ૨૮

### (અ) ભાવિસૂચક ચિહ્નોનું પૂર્ણ થવું

ખ્રિસ્તે આપણને સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, પુનરાગમનની ચોક્કસ તારીખ અને સમય આપણે કદી પણ ખાતરીપૂર્વક કહી શકીશું નહિ, પરંતુ પ્રબોધકો અને પ્રેષિતો સાથે તેમણે પોતે પૃથ્વી પર તે પાછા આવે તે પહેલાં કઈ નિશાનીઓ હશે કે થશે તે વિશે આપણને ચેતવ્યા છે. તેમાંનાં ઘણાં ભાવિસૂચક ચિહ્નો આજે પૂરાં થઈ રહ્યાં છે તેથી આપણે જાણીએ છીએ કે તેમનું પુનરાગમન નજીક છે.

### (બ) ઈઝરાયલના રાજ્યની પુનઃસ્થાપના

ઈસુએ કહ્યું હતું કે, જ્યારે આપણે અંજીરીને મૉર આવતો જોઈએ ત્યારે આપણને ખાતરી થવી જોઈએ કે પ્રભુનું આવવું પાસે છે. અંજીરીનું વૃક્ષ એ ઈઝરાયલ રાષ્ટ્રનું પ્રતિક છે. ૧૯૪૮ પહેલાં સ્વતંત્ર ઈઝરાયલનું અસ્તિત્વ ન હતું. આજે હવે ઈઝરાયલને પ્રગતિનાં પર્ણો ફૂટવા માંડયાં છે. યહૂદીઓનું ટકી રહેલું અસ્તિત્વ, જે અસાધારણ ચીવટથી તેઓ જીવનને અને રાષ્ટ્રીય એકરૂપતા કે અસ્મિતાને વળગી રહ્યા છે તે વસ્તુમાં ચમત્કારથી કશુંયે ઓછું નથી. ઈઝરાયલના જેટલી સતાવણી, પાયમાલી અને લૂંટફાટ બીજા કોઈ રાષ્ટ્રે વેઠયાં નથી, છતાં પણ આજે તે અજેય છે. કોઈ દેશ યહૂદી પોતામાં સમાવી શકતો નથી. યહૂદી હંમેશાં યહૂદી જ રહે છે.

ઈશ્વરે ઈબ્રાહીમને કહ્યું હતું : "હું તારા વંશજોને આકાશના તારા જેટલા, દરિયાકાંઠાની રેતી જેટલા વધારીશ."૯

વળી તેમણે કહ્યું હતું, "હું તારા વંશજોની સંખ્યા પૃથ્વીની રજ જેટલી બનાવી દઈશ."૧૦

બાઈબલના અભ્યાસી વિદ્વાનો કહે છે કે આ ત્રણ આબેહૂબ પ્રતીકો યહૂદી રાષ્ટ્રનો ઈતિહાસ અને પ્રગતિ સૂચવે છે. યહૂદીઓએ તારાઓની ભવ્યતા અને વૈભવ સાથે આરંભ કર્યો હતો. તેઓ ઈશ્વરને વિશ્વાસુ હતા અને તેમના

---

૯. ઉત્પત્તિ ૨૨ : ૧૭ ૧૦. ઉત્પત્તિ ૧૩ : ૧૬

વિશ્વાસુપણાને કારણે ઈશ્વરે તેમને ભરપૂરપણે આશિષ આપી હતી, જેને કારણે અન્ય રાષ્ટ્રોને ઈર્ષ્યા થતી હતી. પછી દરિયાકાંઠાની રેતીની જેમ, જે ભરતી સાથે ખસી જાય છે, તેઓ દુન્યવી લાલસાઓથી ખેંચાઈ જવા લાગ્યા અને એમ ઈશ્વરથી દૂર ભટકી ગયા.

ત્રીજું વર્ણન પણ એવું જ પ્રતીકાત્મક છે. કારણ, આજે યહૂદીઓ પૃથ્વીની રજ કે ધૂળ જેવા છે. ઘણાં રાષ્ટ્રોએ તેમને પોતાના પગ નીચે કચડયા છે. તેમને લૂંટવામાં આવ્યા છે ને તેમની સતાવણીઓ કરવામાં આવી છે. એકલા હિટલરે ૬૦ લાખ યહૂદીઓની કતલ કરી હતી.

**(૨) યહૂદીઓનું પેલેસ્ટાઈનમાં પાછા ફરવું**

ઈશ્વરે હઝકિયેલ પ્રબોધક દ્વારા યહૂદીઓને આ પ્રમાણે જણાવ્યું હતું: "જે દેશ તમારા પૂર્વજોને મેં આપ્યો હતો તેમાં તમે વસશો; તમે મારી પ્રજા થશો ને હું તમારો ઈશ્વર થઈશ."[૧૧]

"એ જ રીતે ઈસ્રાયલી પ્રજા લાંબા સમય સુધી રાજા કે આગેવાન વગર, યજ્ઞ કે પૂજાસ્તંભ વગર, મૂર્તિ (એફોદ) શુકન જાણવાની પૂતળી (તરાફીમ) વગર રહેશે. અને પાછલા દિવસોમાં તેઓ પ્રભુનો ભય રાખીને તેમની પાસે આવશે."[૧૨]

બરોબર એવું જ આજે બની રહ્યું છે. પોતાના દેશમાંથી હાંકી કઢાયા બાદ સૈકાઓ પછી યહૂદીઓએ ઈઝરાયલના પોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી છે.

**(૩) જ્ઞાનમાં વૃદ્ધિ**

"ઘણા માણસો અહીંથી તહીં દોડશે ને જ્ઞાનમાં વૃદ્ધિ થશે."[૧૩]

માણસે અણુનું વિભાજન કર્યું છે, અવાજના અંતરાયને વીંધ્યો છે, અને અવકાશ પર વિજય મેળવ્યો છે. તેણે માનવી જમીનતત્ત્વોને છૂટાં પાડયાં છે અને ઓપરેશન દ્વારા બીજા હૃદયને બેસાડયું છે. તેણે ટેસ્ટટ્યૂબમાં બાળકો જન્માવ્યાં છે.

---

૧૧. હઝકિયલ ૩૬ : ૨૮ ૧૨. હોશિયા ૩ : ૪, ૫

૧૩. દાનિયેલ ૧૨ : ૪

તેણે પોતાના હેતુઓ માટે સમુદ્રો અને પવનોને નાથ્યા છે. સાચે જ, વીસમી સદીમાં જ્ઞાનવિજ્ઞાન તેના સર્વોચ્ચ શિખરે પહોંચી ગયું છે.

### (૪) યુદ્ધો અને રક્તપાત

"તમે નજીક ચાલતા યુદ્ધનો કોલાહલ અને દૂર ચાલતા યુદ્ધના સમાચાર સાંભળશો. પણ તેથી ગભરાશો નહિ. આ બધું બનવાની જરૂર છે."૧૪

યુદ્ધ એ પાપનો એક વારસો છે અને તેણે માનવ-ઈતિહાસના વિકાસના દરેક તબક્કાને કલંક લગાડયું છે, પરંતુ છેલ્લા થોડાક દસકાઓમાં જેટલાં યુદ્ધો ખેલાયાં છે તેટલાં થોડા સમય પહેલાંના ભૂતકાળમાં કયારે પણ લડાયાં નથી. આ સૈકામાં બે વિશ્વયુદ્ધો તો ખેલાઈ ચૂકયાં છે. વિયેટનામ અને કોરિયાનાં ભયાનક યુદ્ધો પછી આજે મધ્યપૂર્વમાં ઈઝરાયેલીઓ અને તેમના આરબ પડોશીઓ વચ્ચે છાશવારે યુદ્ધો લડાય છે. ઈરાન – ઈરાક યુદ્ધનો ઘણા મહિનાઓ પછી પણ અંત આવ્યો નથી. કેથોલિકો અને પ્રોટેસ્ટન્ટો વચ્ચે ઉત્તર આયર્લેન્ડમાં લોહિયાળ ઘર્ષણો ચાલુ જ છે. વર્ષોથી રહોડેશિયામાં અને અંગોલામાં શાંતિ નથી. ફિલિપાઈન્સ અને લબાનોનમાં બે જાતિઓ વચ્ચે વારંવાર સશસ્ત્ર સંગ્રામો થયા કરે છે. દુનિયા ત્રીજા અને કદાચ છેલ્લા એવા મહાવિનાશક વિશ્વયુદ્ધને આરે ઊભી છે.

### (૫) નૈતિકતાનો હ્રાસ

અંતના સમયમાં મુશ્કેલીનાં દિવસો આવશે. માણસો સ્વાર્થી, દ્રવ્યલોભી, બડાશ મારનારા અને અભિમાની બની જશે. તેઓ બીજાની નિંદા કરશે, માતાપિતાને આધીન નહિ રહે, આભાર નહિ માનનારા અને નાસ્તિક હશે. તેઓ દયા વગરના, બદલો લેનારા, અફવા ફેલાવનારા, સંયમ નહિ રાખનારા, ઘાતકી અને સત્યનો નકાર કરનારા હશે. તેઓ દગો દેનારા, અવિચારી, અભિમાનથી ફુલાઈ ગયેલા, અને ઈશ્વર પર પ્રેમ કરવાને બદલે ભોગ વિલાસને ચાહનારા હશે."૧૫

આપણી પેઢીનું આ કેવું હૂબહુ ચિત્ર છે? આત્મહત્યાઓ, છૂટાછેડા,

---

૧૪. માથ્થી ૨૪ : ૬ ૧૫. ૨ તીમોથી ૩ : ૧-૪

ખૂનો, હત્યાઓ, ગેરકાયદે માણસોને ઉઠાવી જવા, લૂંટફાટો, ધાડો, વિમાનોનાં અપહરણો, અફીણ અને હેરોઈનના બંધાણીઓ, નાની વયના અપરાધીઓ અને રીઢા ગુનેગારોની સંખ્યામાં થઈ રહેલા મોટા વધારાનો અભ્યાસ કરો. આંકડાઓ જણાવે છે કે, રીઢા અપરાધીઓમાં ૫૦% જેટલા તો ૨૫ વર્ષ કરતાં નાની ઉંમરના હોય છે. મોટા ભાગના હેરોઈન જેવા ભયંકર વ્યસનોના ગુલામો જેવા યુવાનો અને લગ્ન પહેલાં મા બનતી યુવતીઓની વય ૨૦ કરતાં ઓછી હોય છે. જો પ્રભુ આવવામાં વિલંબ કરે તો આવા માણસોના હાથમાં દુનિયાનો વહીવટ હશે એ વિચારથી પણ કંપારી છૂટે છે.

**(૬) ભયપીડિત પેઢી**

"આખી પૃથ્વી પર ઊતરનારી આફતના વિચારમાત્રથી અને તેના ભયથી માણસો હતાશ થઈ જશે."[૧૬]

યુદ્ધનો ભય, ભૂખમરાનો ભય, મૃત્યુનો ભય, દેવાળું કાઢવાનો ભય, વૃદ્ધાવસ્થાનો ભય અને બીજી ઘણી બાબતોનો ભય–એમ ભય ઘણા સ્વરૂપે માનવજાતિને ત્રાસ આપે છે. ભાંગી ગયેલા, ત્રાસ અનુભવતા લોકોથી પાગલખાનામાં દાખલ કરાતાં માણસોની સંખ્યામાં ઘણો મોટો વધારો થઈ રહ્યો છે.

પ્રગતિશીલ દેશોના સંસ્કૃતિના અને સમૃદ્ધિના બાહ્ય ભભકા નીચે હિંસા, વિનાશ અને ભૂંડાઈનો અત્યાર સુધી સુષુપ્ત કે છૂપો રહેલો પણ ગમે તે ઘડીએ ભપકી ઊઠે તેવો ભયંકર જ્વાળામુખી ખળભળે છે.

ભય અને અચોક્કસતા રાજકીય આકાશને ધૂંધળું બનાવે છે. નાસ્તિકતા એ આજના યુગની એક અતિ સામાન્ય વાત છે. માણસો આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો અંગેની બધી સૂઝબૂઝ ગુમાવી રહ્યા છે. આવા જ સમયો માટે ખ્રિસ્તે ખ્રિસ્તીઓને એક ખાસ પ્રકારની આશા આપી છે: "જ્યારે તમે આવું બનતું જુઓ ત્યારે તમારાં મસ્તકો ઊંચાં કરો, કારણ, તમારા ઉદ્ધારનો સમય સમીપ છે." કેવા પ્રકારનો ઉદ્ધાર? શરીર અને આત્માનો ઉદ્ધાર, જે તેમના પુનરાગમન પછી તરત જ પ્રાપ્ત થનાર છે.

---

૧૬. લૂક ૨૧ : ૨૬

## (૭) દુકાળો અને પ્રાણઘાતક ચેપી રોગો

આજે ઘણાં રાષ્ટ્રો ઉપર ભૂખમરો અને અછતના ઓળા ડોકાઈ રહ્યા છે. સંસ્કૃતિની પ્રગતિએ ભૂખમરો અને અછતના આ પિશાચનો વિનાશ કરવામાં સફળતા મેળવી નથી. હજારો લોકો આજે પણ દિવસમાં એક જ સમયનું ભોજન મેળવે છે. હજારો આજે ઉગ્ર અપોષણથી પીડાઈ રહ્યા છે. ભારતમાં આજે લાખો લોકોની માથાદીઠ આવક વર્ષના માત્ર ત્રણસો કે ચારસો રૂપિયાની આસપાસ છે. હજારો એકર પાકનો ઉંદરો વિનાશ કરે છે. અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ દર વર્ષ હજારોનો ભોગ લે છે. ધરતીકંપોમાં પણ હજારોની જાનહાનિ થાય છે. ખ્રિસ્તે કહ્યું હતું, "પ્રજાઓ અરસપરસ લડશે અને રાજ્યો એકબીજા પર આક્રમણો કરશે. મોટા મોટા ધરતીકંપો થશે, ઠેકઠેકાણે દુકાળો પડશે અને રોગચાળો ફાટી નીકળશે."૧૭

આપણને અંધાધૂંધીથી ભરેલી દુનિયામાં ખ્રિસ્તનું પુનરાગમન એકમાત્ર આશા આપે છે. ઘણા વિદ્વાનો અને મહાન માણસોએ આ અનિવાર્ય હકીકતની નોંધ લીધી છે. તેઓમાંના કેટલાકનાં નામ આ પ્રમાણે છે : સંત ફ્રાન્સિસ, લ્યૂથર, ટિન્ડેલ, વિકલિફ, આર્ચબિશપ ક્રેમર, રિડ્લી, બન્યન, વેસ્લી, વીટફિલ્ડ, નોક્સ, મૂડી, સ્પર્જન, સર આઈઝેક ન્યૂટન, જ્યોર્જ મૂલર, સાધુ સુંદરસિંગ, ડૉ. સ્કોફિલ્ડ, ડૉ. ટોરી.

કેટલાક નામાંકિત વિદ્વાનોની સાક્ષીઓ સાંભળીએ :

**આર્થર બ્રાઉન** (M. D., F. R. C. S.) "તેનો સંપૂર્ણ વિનાશ થાય તે પહેલાં અંધાધૂંધી અને પાપનાં કલણોમાં ઊંડી ને ઊંડી ડૂબતી આ દુનિયાને બચાવવી જોઈએ. ખ્રિસ્તનું પુનરાગમન એક માત્ર આશા પૂરી પાડે છે."

**ઇરવીન લિન્ટન** : "ખ્રિસ્તના પુનરુત્થાનની જેમ તેમના પુનરાગમનમાં પણ હું માનું છું. જેમણે કબરમાંથી પાછા ઊઠવાનું પોતાનું વચન પાળ્યું છે તે આ પૃથ્વી ઉપર ફરીથી આકાશમાંથી પાછા આવવાનું વચન પણ પાળશે જ. જ્યારે ખીલા અને કબરની ઝીણવટભરી વીગતો સાથે ક્રૂસ પરના શરમજનક

૧૭. લૂક ૨૧ : ૧૧

મૃત્યુ અંગેની ભવિષ્યવાણી સાચી પડી ત્યારે 'આવનાર ભવ્યતા' અને ઉદ્ધારની મહાકાવ્યની પુનરાગમનમાં પૂરી થતી પરાકાષ્ઠા બાકી રહી જાય તે સંપૂર્ણપણે અસંભવિત છે."

**માર્ક મેથ્યુઝ :** (D. D.; L. L. D.) : "ત્રીસ વર્ષની ઉંમરે મારો નવો જન્મ થયો, મારું નવીનીકરણ થયું, અને તે જ સાંજથી મેં નિયમિત રીતે બાઈબલ વાંચવાનું શરૂ કર્યું. બાઈબલના વાચનમાંથી, અભ્યાસમાંથી અને વિશ્લેષણમાંથી તેના અર્થપ્રકાશક વિભાગો મને સમજાયા. આ સંપૂર્ણ વચનોમાં ખ્રિસ્તના એક હજાર વર્ષના રાજ્યનું પુનરાગમન સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. જૂનો કરાર વિશદતાથી આ હકીકતને સ્પષ્ટ કરે છે અને નવો કરાર પ્રબોધકો દ્વારા કહેવાયેલ સત્યોને સમર્થન આપે છે."

**એ. સી. ગેબેલીન :** "હા, હું માનું છું કે પ્રભુનું આગમન નજીક છે. તે ક્યારે થશે? તેમની અનંત ધીરજ અને અમાપ કૃપાનું કોણ માપ કાઢી શકે? તારીખો નક્કી કરનારાઓ અને ભાવિનો વરતારો ભાખનારાઓનું મારે કામ નથી. આખી દુનિયામાં પ્રભુના સાચા સંતો ઘણી આતુરતાપૂર્વક રાહ જુએ છે અને પ્રાર્થના કરતાં પોકારે છે, 'આવો, અમારા સ્વામી પ્રભુ ઈસુ.' આ હકીકત જ પુરવાર કરે છે કે પ્રભુ આપણને તેમની મહિમાવાન હાજરીમાં તેડાવે તે ધન્ય દિવસ બહુ દૂર નથી, અને તેથી જ હું રોજ તેમની વાટ જોઉં છું"

**ડૉ. કેમ્પબેલ મોર્ગન :** "તેમના વચન અનુસાર થનાર તેમના પુનરાગમન માટે અમે જીવન જીવતાં, સેવા કરતાં, પ્રેમ અને આશા રાખતાં અને સતત ચીવટ રાખતાં વાટ જોઈએ છીએ."

**સી. એચ. સ્પર્જન :** "કદાચ, 'પ્રભુ આવે છે!' એવા સૌથી મહાન પોકારોથી મને જગાડવામાં આવશે, આવા વિચારો આપણે માટે કેવી અણિયાળી એડીનું કેવી લગામનું ને કેવા અંકુશનું કામ કરે છે!"

**ડૉ. વિલ્બર ચેપમેન :** "હું પ્રભુના પુનરાગમનનો ઉપદેશ આપું છું કારણ, પુનરાગમનના વિચારોએ મારા આખા સેવાકાર્યમાં પરિવર્તન આણ્યું

છે, મને ઉપદેશ માટેની નવી ધગશ આપી છે, અને પ્રભુનાં વચનોને સમજવાની એક નવી દિશા ઉઘાડી છે. હું પ્રભુના હજાર વર્ષના રાજ્યમાં દૃઢ વિશ્વાસ ધરાવું છું."

**ડૉ. એ. જે. ગોર્ડન :** "યુદ્ધો, ગેરવહીવટો, અંધાધૂંધી, વેદના–આ બધું જ હૃદયરોગ જન્માવે તેવું છે. માનવજાતિની મુક્તિ માટેના ઉપયોગી વિચારોથી દુનિયા ભરપૂર છે. હું તમને જરીકે ઊતરતા ગણતો નથી. નવા કરારની પ્રમાણભૂતતા અને અધિકાર તથા ઈતિહાસના પ્રકાશમાં હું મારી પાકા ખાતરી જાહેર કરું છું કે સાર્વત્રિક શાંતિની સ્થાપના અર્થે અને દુનિયા પર રાજ્ય કરવા માટે ઈસુ ખ્રિસ્ત પાછા ફરે તેમાં જ વિશ્વની એક માત્ર આશા રહેલી છે. હડતાળો શસ્ત્રાસ્ત્રો, ક્રાંતિઓમાં નહિ પરંતુ શ્રમજીવીઓને માટે તો શુભસંદેશમાં જ દિલાસો છે."

**બિશપ રાઈલી :** "આપણે ઉપદેશકો ખ્રિસ્તના પુનરાગમન વિશે પૂરતો ઉપદેશ આપતા નથી અને ખાનગીમાં વિશ્વાસ કરનારાઓ તે વિશે પૂરતો વિચાર કરતા નથી તેમાં ખ્રિસ્તના ધર્મસંઘની એક મહાન નબળાઈ રહેલી છે. ઈશ્વરે આપણે નક્કી કર્યું છે તેવું કે તેટલું આપણે તે વિષય ઉપર જીવતા નથી, કામ કરતા નથી, ને ચેન અનુભવતા નથી."

**ડી. એલ. મૂડી :** "આપણો ઈશ્વર અદ્‌ભુત છે. તેને અદ્‌ભુત કામો કરવાનું ગમે છે, અને તેમનું આગમન તથા ગભાણમાં જન્મ જેટલાં અદ્‌ભુત છે તેવું જ અદ્‌ભુત છે આકાશના પૂરા દોરદમામ ને ભવ્યતા સાથે ખ્રિસ્તનું પુનરાગમન. તે તેમને શોભે તેવું જ છે. ઈશ્વર આકાશના પોતાના સંપૂર્ણ ગૌરવ સાથે આવવા માગે છે."

**ડૉ. મેકલિયમ :** "ઉત્તર ધ્રુવમાં વસતા લેપલેન્ડરોની ટેવોમાં એક રસિક લક્ષણ જણાઈ આવે છે. કંટાળાજનક લાંબા શિયાળાનો અંત આવવા લાગે છે ત્યારે તેઓ ઊંચા પર્વતોનાં શિખરો પર જઈને ઊગતા પ્રભાતને નિહાળે છે અને ખાતરી અનુભવે છે કે હવે શિયાળાનો અંત નજીક છે તેમ આપણે પણ આપણી આસપાસ બનતા બનાવો અને નિશાનીઓ દ્વારા સમજી શકીએ

છીએ કે ખ્રિસ્તનું પુનરાગમન નજીક છે અને પાપ-પીડિત પૃથ્વી ઉપર 'ન્યાયીપણાનો સૂર્ય' ઊગશે તેની નિશાનીઓ નિશ્ચિતપણે દેખાય છે."

**આર. ડબલ્યુ બી. મૂર** : "આ અપેક્ષાઓ વ્યર્થ, કપોળકલ્પિત કે અવ્યવહારુ છે એમ કયો વાચક કહી શકે? દાનિયેલના પુસ્તકના બીજા અધ્યાયનાં ૩૭ થી ૪૩ વચનોમાં જે ભવિષ્યવાણી આપવામાં આવી હતી તેનો ચાર પંચમાંશ ભાગ સંપૂર્ણ ચોકસાઈથી ઈતિહાસમાં પૂરો થયો છે તો બાકીની એક પંચમાશ ભવિષ્યવાણી પણ પૂરી થશે તેવો સંપૂર્ણ વિશ્વાસ અને સન્માનભરી અપેક્ષાઓ, ઈશ્વરના અગાઉથી નક્કી કરાયેલો અને સ્પષ્ટ કરાયેલી યોજના વિશે પણ કેમ ન રાખી શકાય? જો પ્રથમ ચાર રાજ્યો શબ્દશ: સાચાં પડયાં અને વાસ્તવિક પુરવાર થયાં તો પાંચમા રાજ્યનું પણ તેવું જ થશે. બીજા કોઈ જુદા અથવા આત્મિક અર્થમાં પાંચમા રાજ્યનું અર્થઘટન કરવાનું અશકય છે. ટીકાકારો ને પ્રબોધકોનાં પુસ્તકોમાં સંપૂણ ઉત્તર મળે છે. ગમે તેવા વિદ્વાન હોય કે ગમે તે સંપ્રદાયના હોય, કોઈપણ અભ્યાસી આ અદ્ભુત ગ્રંથ (બાઈબલ)ની ઈશ્વરપ્રેરિતતા અને આધારભૂતતાને નુકસાન પહોંચાડી શકે તેમ નથી."

**ડૉ. આર. એ. ટોરી** : દુનિયા તો તેવી જ ચાલતી રહેશે—રાત્રિનૃત્યો, નાટકો, સંગીત નાટકો, મનોરંજન કાર્યક્રમો, લગ્નો, કૌટુંબિક મિલનો, પ્રાર્થના સમારંભો અને બીજું બધું જ ચાલતું રહેશે; ત્યાં અચાનક, અણધાર્યા, અગાઉથી કશી જાહેરાત કર્યા વિના, આપણા પ્રભુ પૃથ્વી ઉપર ઊતરશે. તમારે અને મારે ગમે તે પળ માટે તૈયાર રહેવું જોઈએ. આપણે આપણી ફરજો પ્રત્યે બેદરકાર રહીએ તેવો તેનો અર્થ નથી. મને આશા છે કે હું તો મારી ફરજો બજાવતો રહીશ. પરંતુ હું મારી આંખો અને કાન ઉઘાડાં રાખીશ."

આપણે મહાન અપેક્ષાઓના યુગમાં જીવીએ છીએ આપણે આવનાર મહાન માણસની વાટ જોઈએ છીએ. ધાર્મિક, માનવતાવાદી, યાંત્રિક અને ભૌગોલિક વિષયોમાં આપણે શાંતિસ્થાપક, સંશોધન કરનાર, વૈજ્ઞાનિક શોધખોળો કરનારની રાહ જોઈએ છીએ.

ડૉ. કેલ્મેન શહેરી જીવનની સમસ્યાઓ દૂર કરવાના ઉપાયો વિશે પોતે શું વિચારે છે તે અંગે એક પ્રખ્યાત વૈજ્ઞાનિકને પ્રશ્ન પૂછયો : "એક શહેનશાહ!" તાત્કાલિક ને ઝડપી ઉત્તર મળ્યો.

"શહેનશાહ !" ડૉ. કેલ્મેને આશ્ચર્યમાં પડી જતાં કહ્યું : "હું તો માનતો હતો કે અમેરિકામાં તમે એવા બધા રાજામહારાજાઓનો અંત આણી દીધો છે. ઉપરાંત, તમારા શહેનશાહ તો અસાધારણ હોવા જોઈએ, કદી ભૂલો ન કરે તેવા અને ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળે તેવા હોવા જોઈએ."

"સોએ સો ટકા સાચું," જવાબ મળ્યો, "અને અમે જેની વાટ જોઈએ છીએ તેમને ઓળખીએ છીએ–તેમનું નામ ઈસુ છે."

"પ્રકાશે સૂર્યકિરણ જયાં, ઈસુનો અમલ થશે ત્યાં,
નાશ પામતાં સુધી સોમ હંમેશ, રાજ તેનું વધશે દેશેદેશ."

ભાવિસૂચક ચિહ્નો ખ્રિસ્તના આગમનની છડી પોકારે છે. ઈતિહાસ પણ તે પ્રતિ આંગળી ચીંધે છે. શહીદોનું રક્ત વેર લેવા ઝંખે છે. પાપનો ઘડો ભરાઈ ચૂકયો છે. ખ્રિસ્ત આવવા જ જોઈએ, ટૂંક સમયમાં આવવા જોઈએ !

અને તે જરૂર આવશે. આજે લાખો લોકો સેતાનની એડી નીચે કચડાયેલા છે. પરંતુ ટૂંક સમયમાં જ સંતોનાં મંડળો અને દૂતોનાં લશ્કરો પ્રતાપી વિજેતા સાથે આવશે. તેમનામાં માનવજાતિનાં બધાં જ સ્વપ્નો સિદ્ધ થશે તે 'સુવર્ણયુગ,' 'નૂતન યુગ' અને 'ઈશ્વરી રાજય'ની સ્થાપના કરશે.

# પ્રભુ ઈસુ ઉદ્ધારનાર છે

૧. ઈસુએ કીધું પ્રાયશ્ચિત્ત: કેવો અજબ ઉદ્ધારનાર !
ઉદ્ધાર પામ્યા, એ કેવું હિત ! કેવો અજબ ઉદ્ધારનાર !

ટેક : કેવો અજબ ઉદ્ધારનાર છે ઈસુ મુજ ત્રાતા !
કેવો અજબ ઉદ્ધારનાર છે ઈસુ મુજ નાથ !

૨. હું સ્તવીશ શુદ્ધ રકતને માટે : કેવો અજબ ઉદ્ધારનાર !
મિલાપ કરાવે દેવ સાથે : કેવો અજબ ઉદ્ધારનાર !

૩. પાપથી મુજ દિલ કરે છે મુક્ત : કેવો અજબ ઉદ્ધારનાર !
ત્યાં રાજ કરે છે-ખ્રિસ્ત પ્રેમ-યુક્ત : કેવો અજબ ઉદ્ધારનાર !

૪. તે મારી સાથે રહે છે : કેવો અજબ ઉદ્ધારનાર !
ને શક્તિથી સંભાળે છે : કેવો અજબ ઉદ્ધારનાર !

૫. તે શક્તિ આપે પામવા જય : કેવો અજબ ઉદ્ધારનાર !
તેમાં આનંદ કરું સદાય : કેવો અજબ ઉદ્ધારનાર !

૬. તેને મેં સોંપ્યાં તન, મન, ધન : કેવો અજબ ઉદ્ધારનાર !
તે સૌ તેનાં જ થશે તદ્દન : કેવો અજબ ઉદ્ધારનાર !

## ઈસુનો જય જયકાર

ટેક : પ્રભુજી તમને, પ્રભુજી તમને જયજયકાર,
તમે સૃષ્ટિના સરજનહાર, સકલ જીવોના પાલનહાર.

૧. પ્રેમ તમારો મનહર લાગે, જીવન જ્યોતિ જગમાં જલાવે,
પાપી પીડિત મન આવે તમારી ગમ, તમ સંગતમાં સુખ અપાર. પ્રભુજી

૨. થંભ ઈસુનો સહુને બોલાવે, સ્વર્ગીં નગરની વાટ બતાવે,
આવો તૃષિતજન, પીઓ જીવનજળ, અહીં જ ઊતરશે પાપનો ભાર. પ્રભુજી

૩. બાળો તમારાં ગુણગીત ગાએ, શીશ નમાવે સહુ દીનભાવે,
ઝીલોને વંદન પ્રભુ નિરંજન, જય પ્રભુ ઈસુ જય જયકાર. પ્રભુજી

તે કોઈ ખ્યાતનામ સાહિત્યકાર ન હતા. તેમણે ક્યારે પણ કોઈ પુસ્તક લખ્યું નથી, (તો પછી સૌથી વધુ વેચાતું ને વંચાતું પુસ્તક લખવાની વાત જ ક્યાંથી ?) છતાં તેમના જીવન ને શિક્ષણ ઉપર હજારો ગ્રંથો લખાયા છે ને લખાતા જ જાય છે.

તેમણે ક્યારે પણ કોઈ દુન્યવી લશ્કરની આગેવાની લીધી નથી, છતાં પોતાના આગેવાન માટે ગમે તે પળે પોતાની જિંદગીનું સમર્પણ કરવા ખડેપગે તૈયાર એવા અનેક વિશ્વાસુ અનુયાયીઓ તેમને મળ્યા છે ને મળતા જાય છે.

તેમણે કોઈ દુન્યવી રાજ્યની સ્થાપના કરી નથી, છતાં લાખો લોકો તેમને પોતાના રાજા ને પ્રભુ તરીકે માને છે.

તે શ્રીમંત ન હતા કે ન હતાં તેમની પાસે મકાનો કે ખેતરો કે અન્ય કોઈ મિલકત. તેમની પાસે ન હતું બૅન્ક-બૅલેન્સ કે ન હતાં સમૃદ્ધ સ્નેહીજનો. તે ગરીબાઈમાં જન્મ્યા હતા, કરકસરમાં ઊછર્યા હતા ને એકાકી પર્વતમાળાઓ ને સૂકાંભઠ રણો વચ્ચે સ્વનકારવાળું જીવન તે જીવ્યા હતા. ભૌતિક દૃષ્ટિએ કશી સાધનસંપત્તિ વિનાના ઈસુએ, પૈસા જેને કદી યે ખરીદી શકે નહિ તેવા સાર્વકાલિક જીવનથી અસંખ્ય લોકોને તેમણે સ્વપ્નમાં પણ કલ્પના નહિ કરી હોય તેવા ધનવાન બનાવ્યા છે.

કારણ, તે ઈસુ ખ્રિસ્ત હતા—સૌથી મહાન વિજેતા.

આ પુસ્તકમાં ડૉ. જેમ્સ ખ્રિસ્તની દિવ્યતા, ભવ્યતા ને અજોડતાનાં સુખદ દર્શન કરાવે છે.

દરેકે આ પુસ્તક વાંચવું ને વસાવવું રહ્યું.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ—૩૮૦૦૦૧

14BGS2